Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૪૯
તા.૨૬-૦૩-૨૦૧૮, સોમવાર
સંવત ૨૦૭૪ ચૈત્ર સુદ - ૧૦
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૯ સૂર્યાસ્ત : ૦૬:૫૩

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૮.૮ | વડોદરા | ૩૯.૪ |
| અમદાવાદ | ૩૯.૩ | સુરત | ૪૦.૮ |
| ગાંધીનગર | ૩૬.૭ | નલિયા | ૩૯.૫ |

ચાંદી : ૩૯,૦૦૦ સોનું : ૩૧,૨૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# આજે પણ પ્રેરણા આપે છે રામ અને રામાયણ:મોદી

## ૪૨ મી વાર મનકી બાત : પીએમ મોદીએ સંસ્કૃતના ઓનલાઇન કોર્સ શરૂ કરવા પર પોતાનું મંતવ્ય રજૂ કર્યું

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ૪૨મી વાર મનકી બાત કરી. મોદીએ દેશને રામનવમીની શુભેચ્છાઓ પાઠવી.આ સાથે જ તેમણે ફ્રાન્સ રાષ્ટ્રપતિ મૈક્રોંના ભારત મુલાકાત અને ખેડૂતો માટે ખેતી અને જળ સંગ્રહ જેવા મહત્વના મુદ્દાઓ પર વાત કરી. તેમણે કહ્યું, "ગાંધીજીના જીવનમાં 'રામનામ'ની શક્તિ કેટલી હતી તે અમે તેમના જીવનમાં દરેક ક્ષણે જોયું છે." મોદીએ કહ્યું કે મનકી બાત સાંભળીને લોકોના ઘણા પત્રો આવે છે. લોકો પોતાની વાતો શેર કરે છે. મોદી એપ પર પણ ઘણી વાતો શેર કરે છે,તેનાથી થાક છૂમંતર થઇ જાય છે.



પીએમ મોદીએ કહ્યું, 'જ્યારે મને તમારા પત્રોમાં વાંચવા મળે છે કે કઈ રીતે અસમના કરીમગંજના એક રિક્શા ચાલરે એહમદ અલીને પોતાની ઈચ્છાશક્તિના બળ પર ગરીબ બાળકો માટે નવ સ્કૂલ બનાવી. ત્યારે આ દેશની અદમ્ય ઈચ્છાશક્તિને મને દર્શન થાય છે. જ્યારે મને કાનપુરના ડોક્ટર અજીત મોહન ચૌધરીની વાત સાંભળવા મળી કે તેઓ ફૂટપાથ પર જઈને ગરીબોની સારવાર કરે છે અને તેમને મફતમાં દવા પણ આપે છે. ત્યારે મને આ દેશના બંધુ ભાવને જાણવાની તક મળે છે.'

જ્યારે ઉત્તરપ્રદેશની એક મહિલા સંઘર્ષો પછી પણ ૧૨૫ શૌચાલયોનું નિર્માણ કરે છે અને મહિલાઓને તેમના હક માટે પ્રેરિત કરે છે ત્યારે માતૃ શક્તિના દર્શન થાય છે.

પીએમ મોદીએ રામ નવમીની શુભેચ્છા આપતાં કહ્યું કે રામ અને રામાયણનો ભારતમાં જ નહીં પરંતુ આશિયાન દેશોમાં પણ એટલો જ પ્રભાવ છે અને પ્રેરણા આપે છે. આજે આખા વિશ્વમાં ભારત તરફ જોવાનો દ્રષ્ટિકોણ બદલાયો છે. તેની પાછળ મા ભારતીના દીકરા-દીકરીઓનો પુરુષાર્થ છે.

## વિપક્ષ શોરબકોર બંધ કરે,અવિશ્વાસનો પ્રસ્તાવ લાવે : અમીત શાહનો પડકાર

ગુવાહાટી

અવિશ્વાસ પ્રસ્તાવને લઈને ભાજપ અધ્યક્ષ અમિત શાહે વિરોધ પક્ષોને ખુલ્લો પડકાર ફેંક્યો છે. અમિત શાહે કહ્યું હતું કે, હું પડકાર ફેંકુ છું કે, હો હલ્લા બંધ કરીને સદનમાં અવિશ્વાસ પ્રસ્તાવ રજુ કરો, અમારી પાર્ટી તેના માટે તૈયાર છે. અમારી પાસે બહુમત છે. ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસે પત્ર લખીને લોકસભા મહાસચિવને ૨૭ માર્ચના રોજ સરકાર વિરૂદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ રજુ કરવાની મંજૂરી માંગી છે. આ અગાઉ તેલુગુ દેશમ પાર્ટી અને વાઈએસઆર કોંગ્રેસ સરકાર વિરૂદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ આપી ચુકી છે. આજે આસામના ગુવાહાટીમાં બુથ અધ્યક્ષ સમ્મેલનને સંબોધતા ભાજપ



અધ્યક્ષ અમિત શાહે કહ્યું હતું કે, અમે તમામ મુદ્દે વાતચીત કરવા માટે તૈયાર છીએ પરંતુ વિરોધ પક્ષ સદન જ નથી ચાલવા દેવા માંગતો. શાહે કોંગ્રેસ પર આરોપ લગાવ્યો હતો કે, તે 'ભાગલા પાડો અને રાજ કરો'ની રાજનીતિ કરે છે જ્યારે ભાજપ 'સબકા સાથ સબકા વિકાસ' ની નીતિ પર કામ કરે છે. ભાજપ અધ્યક્ષે એમ પણ કહ્યું હતું કે, આસામે મનમોહન સિંહને ચૂંટીને મોકલ્યા પરંતુ વડાપ્રધાન રહેવા છતાંય તેમણે અહીં કશું જ કર્યું નથી. ભાજપ અધ્યક્ષે રાહુલ ગાંધી પર નિશાન તાકતાં કહ્યું હતું કે, હું રાહુલ ગાંધીને ફક્ત એટલુ જ પુછવા માંગુ છું કે, તેમના પક્ષની સરકારે ૧૦ વર્ષના કાર્યકાળમાં આસામ માટે શું કર્યું, તે મને કહે? બુથ અધ્યક્ષ સમ્મેલનને સંબોધિત કરતા અમિત શાહે ભાજપના કાર્યકર્તાઓને પાર્ટીની સૌથી મજબુત બાબત ગણાવી હતી. ત્રિપુરા સહિત દેશના અનેક રાજ્યોમાં મળેલા વિજયથી ઉત્સાહિત અમિત શાહે દાવો કર્યો હતો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપનો વિજય રથ પૂર્વોત્તર ભારતમાં સતત આગળ વધી રહ્યો છે અને પાર્ટી વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં પણ વિજય મેળશે.

## વિચાર વૈભવ...

### ઘા ના નિશાન !

દક્ષિણ ફ્લોરિડામાં પોતાના ઘરની પાછળ આવેલા નાનકડા તળાવમાં બારેક વરસનો એક છોકરો નહાવા પડ્યો. પાણી એવું સરસ હતું કે મોજથી તરતાં તરતાં એ તળાવની છેક પહોંચી ગયો. એની માતા રસોડાની બારીમાંથી એને તરતો જોઈ ખુશ થતી હતી. અચાનક એનું ધ્યાન તળાવના સામેના કિનારા તરફ ગયું. એક મોટો મગરમચ્છ સામેના કાંઠા પરથી પાણીમાં સરકી રહ્યો હતો.

એ માતાને ભયંકર ધ્રાસ્કો પડ્યો. કામ પડતું મૂકી બૂમો પાડતી પાડતી એ ઘરમાંથી બહાર દોડી. તળાવના કાંઠે પહોંચી. એ જોર જોરથી છોકરાને કાંઠા તરફ ઝડપથી પાછા ફરવાનું કહેવા લાગી. માતાની બૂમો સાંભળી છોકરાએ પાછળ જોયું. મોટા મગરમચ્છને પોતાની તરફ આવતો જોઈ એણે ઝડપથી માતા તરફ તરવાનું શરૂ કરી દીધું. પરંતુ પાણીમાં મગરની ઝડપ સ્વાભાવિક રીતે જ વધારે હોય. છોકરો છેક કાંઠા પાસે પહોંચ્યો ત્યારે જ મગરે એના બંને પગ પોતાના જડબામાં લઈ લીધા. મગર દીકરાને પાણીમાં લઈ જવા ખેંચતો હતો અને માતા પોતાનામાં હતું તેટલું જોર લગાવી એને બહાર ખેંચવા મથતી હતી. મા- દીકરો બંને મદદની બૂમો પાડતા હતા.

એમની બૂમો સાંભળી બાજુના રસ્તા પરથી પોતાની કારમાં પસાર થઈ રહેલો એક ખેડુત ત્યાં દોડી આવ્યો. એક જ ક્ષણમાં પરિસ્થિતિનો તાગ મેળવી. પોતાની કારમાંથી બંદૂક કાઢી, બરાબર નિશાન લઈ એણે મગરમચ્છ પર બે થી ત્રણ ગોળી ધરબી દીધી. મગરે છોકરાના પગ છોડી દીધા. એ ખેડુતની મદદથી લોહીલુહાણ બાળકને દવાખાનામાં દાખલ કરવામાં આવ્યો.

બે અઠવાડિયાં. પછી અ છોકરાનો ઈન્ટરવ્યૂ લેવા માટે ટેલિવિઝન ચેનલના માણસો આવી પહોંચ્યા. થોડી પ્રશ્નોત્તરી પછી ટી.વી. રિપોર્ટરે કહ્યું, 'બેટા! દર્શકોને તું તારા પગ પર મગરના જડબાથી થયેલા ઘા બતાવીશ?'

બાળકે કપડું ઊંચું કરી પોતાના પગ પર મગરમચ્છના દાંતથી થયેલ ઊંડા ઘાનાં નિશાન બતાવ્યાં.

એનો આભાર માની ટી.વી.રિપોર્ટર પાછો ફરવા જતો હતો ત્યાં જ એ છોકરો બોલ્યો, 'અંકલ! આપને વાંધો ન હોય તો મારે બીજાં થોડાંક ઘાનાં નિશાન પણ બતાવવા છે!'

રિપોર્ટરને નવાઈ લાગી. એણે હા પાડી. છોકરાએ પોતાનું પહેરણ કાઢી નાખ્યું. પછી બંને ખભા પર પડેલાં ઊંડા નિશાન બતાવી કહ્યું, 'આ મારી માતાનાં વહાલનાં નિશાન છે!'

એના બંને ખભાની ચામડીમાં ઊંડે સુધી ખૂંપી ગયેલ એની માતાના નખનાં નિશાન જોઈ એ રિપોર્ટર દંગ રહી ગયો. મગર પોતાના દીકરાને ખેંચી ન જાય એ માટે એ સ્ત્રીએ કેટલું જોર લગાવ્યું હશે એનો એ બોલતો પુરાવો હતો !

ડૉ.આઈ.કે.વીજળીવાળા

## અમદાવાદના માઈ ભક્તે અંબાજીમાં પાંચ કીલો સોનાનું દાન કર્યુ

અંબાજી

યાત્રાધામ અંબાજી ખાતે ગતરોજ ચૈત્ર નવરાત્રીને લઈ શ્રધ્ધાળુઓની ઘોડાપુર ઉમટ્યુ છે. ત્યારે અમદાવાદના એક માઈ ભક્ત દ્વારા ૫ કિલો સોનુ દાન આપી અંબાજી મંદિરના મુખ્ય શિખરને સુવર્ણ મય બનાવવાની કામગીરી માટે આ સોનાનું દાન અર્પણ કરાયું છે. અંબાજી મંદિરના શિખરે નાના મોટા ૩૬૮ જેટલા નાના મોટા સુવર્ણ મય કળશો શોભાયમાન છે ત્યારે મંદિરના મુખ્ય શિખરને સોનાનું બનાવા અમદાવાદના દાતા મુકેશ પટેલે અંબાજી મંદિરને ૨૫ કિલો સોનુ આપવાનો સંકલ્પ કર્યો હતો. જેમાં અગાઉ ૨૦ કિલો સોનુ આપી ચુકેલા મુકેશ પટેલ આજે વધુ ૫ કિલો સોનુ લઈ અંબાજી મંદિરે પહોંચ્યા હતા. અને આ ૫ કિલો સોનાની પૂજા અર્ચન કરી મંદિર



ટ્રસ્ટના ચેરમેન તથા જિલ્લા કલેક્ટર દિલીપ રાણાને ૫ કિલો સોનુ સુપ્રત કરી મંદિરને ૨૫ કિલો સોનુ આપવાનો સંકલ્પ મુકેશ પટેલે ગતરોજ પૂર્ણ કર્યો છે જેને લઈ અંબાજી મંદિર ટ્રસ્ટના ચેરમેન તથા જિલ્લા કલેક્ટર દિલીપ રાણાએ પણ સોનાના સૌથી મોટા દાતા મુકેશ પટેલનો આભાર માન્યો હતો.

## ટ્રેડ વોરની દહેશતની વચ્ચે દલાલ સ્ટ્રીટમાં ઉથલપાથલના ભણકારા

મુંબઈ

શેરબજારમાં આવતીકાલથી શરૂ થતાં નવા કારોબારી સત્રમાં જુદા જુદા પરિબળોની સીધી અસર જોવા મળશે. ટ્રેડ વોરને લઈને દહેશત, માઈક્રો ડેટા, ક્રૂડ ઓઈલની કિંમતો સહિતના તમામ પરિબળોની અસર જોવા મળનાર છે. આવી સ્થિતિમાં શેરબજાર ઉપર પ્રતિકુળ અસર રહે તેમ માનવામાં આવે છે. આ સપ્તાહ દરમિયાન બજારમાં રજા પણ આવશે જેના ભાગરુપે મહાવીર જયંતિના પ્રસંગે ૨૯મીએ શેરબજારમાં રહેશે.

## રાધનપુર તાલુકાના અગીચાણામાંથી ધાનેરા લૂંટકેસનો આરોપી ઝડપાયો

### રૂ.૧૦,૯૫,૨૦૦ ની કિંમતનો ૧૪૮ જીરાની બોરીઓનો મુદ્દામાલ ઝબ્બે

રાધનપુર

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા પાસે હાઈવે રોડ ઉપરથી જીરાની બોરીઓ ભરેલ ટ્રકના ડ્રાયવર તથા તેની સાથેના માણસને બાંધીને રાધનપુર તાલુકાના અગીચાણા ગામે લાવીને જીરાની બોરીઓ ઉતારીને ટ્રક સાથે બાંધેલા માણસોને ભાભર બાજુ ઉતારીને આવેલ.જેમાં રૂ. ૧૦,૯૫,૨૦૦ ની કિંમતની ૧૪૮ જીરાની બોરીઓની લૂંટનો ગુનો ડીસા રૂરલ પોલીસ સ્ટેશનમાં તા.૨૧ માર્ચના રોજ નોંધાયો હતો,જે કેસની તપાસ પાલનપુર એલ.સી.બી. પોલીસ, ડીસા રૂરલ પોલીસ અને રાધનપુર પોલીસે સંયુક્ત



કમલ ચક્રવર્તી

રીતે કરીને એક આરોપીને રાધનપુર તાલુકાના અગીચાણા ગામેથી ઝડપી પાડયો હતો,જયારે પાંચ આરોપી ફરાર થઈ જવા પામ્યા હતા. રાધનપુર પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતો-ફરતો આરોપી સિંધી(ડફેર) સદ્દામ ઉર્ફે સદીયો અલુભાઈ રહે.અદગામવાળો તેના મિત્ર ઠાકોર જલાભાઇ રૂગનાથ ભાઈના ઘરે અગીચાણા આવેલ હોવાની બાતમી મળતા રાધનપુર પોલીસે જઈને તપાસ કરતા ઓરડાની પાછળના ભાગે બાવળની ઝાડીમાં સિંધી(ડફેર) સદ્દામ ઉર્ફે સદીયો અલુભાઈ રહે.અદગામવાળો, ઠાકોર જલાભાઇ રૂગનાથભાઈ રહે.અગીચાણાવાળો, સિંધી(ડફેર) હયાત અલ્લુભાઈ તથા સિંધી(ડફેર) અકુભાઇ ભુંગરભાઈ તથા સિંધી(ડફેર) ભુરાભાઇ મૈયાભાઈ રહે. રાણીસર

અનુસંધાન પાના નં.૬

ગત વર્ષ કરતા ગુજરાતમાં એક કરોડ કટ્ટાનું ઉત્પાદન ઘટ્યું..

## બટાટાના ભાવમાં તેજી : ૨૦૦ થી ૨૫૦ ના ભાવથી ખેડૂતોમાં ખુશીનો માહોલ

૧૫ થી ૧૭ કોલ્ડસ્ટોરેજના તાળા પણ ખુલ્યા નથી તો ૫૦ કોલ્ડ સ્ટોરેજ અપૂરતા ભરાયા..





ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠામાં બટાટા પકવતા ખેડૂતો અને વેપારીના ચહેરા પર ખુશી જોવા મળી રહી છે.ઘણા સમય બાદ બટાટામાં તેજી આવતા ખેડૂતો ના ચહેરા પર ચમક જોવા મળી રહી છે.તો અન્ય રાજ્યોમાં માંગ વધતા વેપારી પણ ખેડૂતોને ઉંચા ભાવ આપી રહ્યા છે જોકે ગત વર્ષ કરતા બટાટા નું ઉત્પાદન પણ ઘટ્યું હોવાનું વેપારીઓ માની રહ્યા છે જેના કારણે તેજી આવી.

બનાસકાંઠા એ બટાટાની ખેતી પર નિર્ભર જિલ્લો કહેવાય છે.જો બટાટાના ભાવ હોય તો જિલ્લામાં દરેક ધંધામાં તેજી રહે છે ત્યારે બનાસકાંઠા ના ખેડૂતો અને વેપારી છેલ્લા ચાર,પાંચ વર્ષથી બટાટા માં વ્યાપક નુકસાન કરી બેઠા હતા અને જેના કારણે દેવાદાર બનેલા ખેડૂત અને વેપારીઓ છેલ્લા બે વર્ષ માં આપઘાત કરી રહ્યા હતા.બે વર્ષ માં ૨૦ જેટલા વેપારી અને ખેડુતો બટાટાના નુકસાનના કારણે આપઘાત કર્યો હતો અને આ વર્ષે પણ ખેડૂતો માટે કેવું રહેશે તે નક્કી ન હોવા છતાં ખેડૂતો હિંમત રાખી બટાટા નું વાવેતર કર્યું હતું ત્યારે ચાલુ સાલે પ્રથમ સામાન્ય તેજી બાદ ધીરેધીરે અન્ય રાજ્યોઆ માંગ વધતા વેપારીઓ ખેડૂતો ના ખેતર માં પહોંચી ઉંચા ભાવે ખરીદી શરૂ કરી છે જેથી આજે બટાટામાં તેજી આવી જવા પામી છે. સતત ચાર,પાંચ વર્ષમાં ન મળેલા ભાવો આ વખતે ખેડૂતને ખેતરમાં મળી રહ્યા છે.હાલ ખેડૂતો એટલા ખુશ છે કે ખેતરમાં બટાટાનો પાક લેતા નાચી પણ ઉઠી રહ્યા છે અને જેના વિડીયો પણ વાઈરલ થવા પામ્યા હતા.જોકે ખેડૂતો કહે છે આ વર્ષની તેજી થી અમને કઈક બે પૈસા મળશે.તેવુ માધવસિંહ દરબાર એ જણાવ્યું હતું

અનુસંધાન પાના નં.૬

### ભાવ હજુ પણ વધશે

સતત ચિંતા વચ્ચે ખેડૂતો એ હિંમત દાખવી બટાટા નું વાવેતર કર્યું હતું પરંતુ હાલ આ ભાવ ને લઈને ખેડૂતો માં ખુશી છે તો સાથે વેપારીઓ પણ બટાટા ની માંગ અન્ય રાજ્યો માં વધતા વેપારી ના ચહેરા પર ચામક આવી છે.જોકે હાલ મોટા ભાગ ના બટાટા સ્ટોરેજ માં સ્ટોક પડેલ છે પરંતુ હાલ ની તેજી જોતા ચોક્કસ આગામી સમય માં બટાટા ની તેજી આવશે જેના કારણે બનાસકાંઠા નો ખેડૂત, વેપારી ફરી તાજો થશે.તો માર્કેટ માં ગૃહિણી ને બટાટા ગત વર્ષ કરતા ત્રણ ઘણા ભાવે ખરીદવા પડે તો નવાઈ નહીં..

### ધંધા ફરી ધમધમશે

બટાટા ના ભાવ છેલ્લા પાંચ છ વર્ષ થી તળિયે ગયા છે જેના કારણે સતત ખેડૂત અને વેપારી નુકસાન કરી રહ્યો હતો અને બટાટા શહેર ના માર્ગો પર ફેકવા ના દિવસો આવ્યા હતા સાથે ખેડૂત કે વેપારી આ નુકસાન માંથી બહાર ન આવવાના કારણે આત્મહત્યા તરફ વળ્યા હતા અને બનાસકાંઠા ના ૨૦ જેટલા વેપારી અને ખેડૂતોએ આખરે આત્મહત્યા કરી હતી.તો બીજી તરફ બટાટા ના ભાવ ના હોવાના કારણે જિલ્લા ના દરેક ધંધા પડી ભાગ્યા હતા.જોકે ચાલુ સાલે બટાટા ની તેજી આવી છે ત્યારે હવે બનાસકાંઠા નો વ્યાપાર અને અન્ય ધંધા ફરી ધમધમતા થાય તેવું હાલ દેખાઈ રહ્યું છે.તેવું જમીન બજાર સાથે સંકળાયેલા દયારામભાઈ ઠક્કર એ જણાવ્યું હતું.



## સૂર્યોદય - ૬.૪૪ સૂર્યાસ્ત - ૬.૫૦

## તિથિદર્શન

ચૈત્ર સુદ ૧૦ સોમવાર ૨૦૭૪

| | | |
|---|---|---|
| ૧ | ૧૨ સુ.લ.બુ. શુ. | ૧૧ ચં. |
| ૨ | | ૧૦ કે. |
| ૩ | | ૯ મં. શ. |
| ૪ રા. | ૬ | ૮ |
| ૫ | | ૭ ગુ. |

વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ચૈત્ર સુદ :દશમ સોમવાર નક્ષત્ર:પુનર્વસુ બપોરે ૧૨.૫૬ પછી પુષ્ય યોગ : અતીગંડ કરણ :તૈતીલ આજે જન્મેલા બાળકની રાશી મીથુન (ક.છ.ઘ.) સવારે ૭.૧૭ પછી કર્ક (ડ.હ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### મક્ષિકા મશકો વેશ્યા મૂષકો યાચક સ્તથા ગ્રામણી ગણક- શ્વેવ સપ્રેતે પરભક્ષકા:

માખી, મચ્છર, વેશ્યા, ઉંદર અને યાચક, જોશી તથા ગામનો મુની (નેતા) આ સાત જણા પરિશ્રમ કર્યા વિના બીજાની મહેનતનું જ ખાય છે.

કેટલાક લોકોના સ્વભાવમાં, લોહીમાં જ વગર મહેનતનું, મફતનું, બે નંબરી, છળકપટથી દગાબાજી કે ખંડણી- અપહરણ કરી ધન- સમૃદ્ધિ એકત્ર કરવાની ટેવ- સ્વભાવ શોખ થઈ જાય છે.

કરોડોની સમૃદ્ધિ હોય છતાં 'બાપુ' એકના બમણાની બાજી રહે છે ને? નેતાઓ- પ્રધાનો પાસે સાત- સાત પેઢી ખાય એટલું ધન- સમૃદ્ધિ હોય છતાં સંતોષ ક્યાં થાય છે?

લોકોને પરિશ્રમ દ્વારા મળતા 'પગાર' માં રસ નથી. તરત પૂછે, બીજું આડી આવક ખરી? અહીં ગામનો મુખી તો પ્રતીક તરીકે લીધો છે. બાકી 'ચૂંટણી' ઊભી હોય ત્યારે કરોડોના ખર્ચા કરનારા કંઈ 'સેવા' માટે પ્રચાર- પડાપડી કરે છે? એમના લોહીમાં તો પેલી માખી- મચ્છરની, બીજાનું- બીજાએ પોતાના પરિશ્રમથી એકઠું કરેલું 'લોહી' ચૂસી જવાની વૃત્તિ જ હોય છે. વેશ્યા પણ આવનાર ગ્રાહક પાસેથી કેમ વધારે પડાવી લેવું એવું જ વિચારે છે. ખણખોદ કરી બીજાનું કાતરી લેવું એ વૃત્તિને 'ઉંદરવૃત્તિ' કહેવામાં આવે છે. વચેટિયા વચ્ચેથી ખાઈ જાય, એ ઉંદર છે.

## ધાનેરામાં કર્મચારીઓએ પણ આપી હિન્દીની પરીક્ષા



ધાનેરામાં સરકારી કર્મચારીઓએ ધોરણ ૧૦ માં અગ્રેજી વિષય સાથે પાસ થયેલ હોય તેવા કર્મચારીઓએ પણ શુક્રવારના રોજ હિન્દી વિષયની પરીક્ષા આપવા માટે આવ્યા હતા અને ફરીથી પરીક્ષાર્થી બનીને પરીક્ષાઓ આપી હતી.

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

**જર્મનકવિ, નવલકથાકાર, વિવેચક અને વૈજ્ઞાનિક જ્હોન વુલ્ફગેગ વાન ગથેની પુણ્યતિથિ છે. એમનો જન્મ ઈ.સ.૧૭૪૯માં જર્મનીના આલ્સેસ લોરેન પરગણાના સ્ટેસબર્ગ નગરમાં થયો હતો. ગથેની કાવ્યવિચારણા અત્યંત -સ્વતંત્ર સ્વધર્મમૂલક છે. દાન્તે, મિલટન, મહાન કવિઓની કાવ્યકલા ખ્રિસ્તી ધર્મના પરિપ્રેક્ષ્યમાં આલેખાઈ છે. જયારે ગથેની કાવ્યકલા એ પરિપાટીને બાજુએ મુકીને વ્યક્તિની આંતરીક શક્તિમાં શ્રદ્ધા મુકીને આગળ વધે છે. ગથે ચિત્રકલા અને શિલ્પકલામાં પણ ખુબ ઉંડો રસ ધરાવતા હતા.**

**આ મહાન કવિનું તા.૨૬-૩-૧૮૩૨ના રોજ અવસાન થયું.**

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**

આ સપ્તાહ દરમિયાન નોકરીયાત વર્ગ તથા વ્યાપારી વર્ગને અણધાર્યો લાભ થાય. પારિવારીક જીવનમાં કોઈ શુભ પ્રસંગનું આયોજન થાય. મોજ-શોખના કોઈ નવા સ્થળની મુલાકાત થાય. નાણાંકીય ખેંચ હોય તો તે દૂરથાય. જમીન-મકાન અંગેના પ્રશ્નોનો યોગ્ય ઉકેલ મળે. આ સપ્તાહ દરમિયાન કાર્યબોજમાં હળવાશનો અનુભવ કરી શકશો. જુગાર-શેર-સટ્ટાથી દૂર રહેવું હિતાહવ.

**વૃષભ**

આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. ગૃહજીવનની સમસ્યાનો સુખદ અંત આવતો જોવા મળે. મિત્ર-વર્તુળ દ્વારા તમને યોગ્ય માર્ગદર્શન મળી રહે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોથી આ સમય દરમિયાન દૂર રહેવું હિતાવહ. તેમજ ખાસકરીને જોવા જઈએ તો નવા કોઈ નાણાંકીય સાહસો કે રોકાણ હાલપૂરતા ટાળવા. લાંબા સમયથી પ્રયત્નશીલ રહ્યા હોવ તે યોજનામાં સપ્તાહના અંતે સફળતા મળે.

**મિથુન**

આર્થિક પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ થાય. આરોગ્ય અંગે ચિંતા દૂર થાય. વડીલવર્ગનો શુભ સહકાર પ્રાપ્ત કરી શકશો. કોઈપણ વસ્તુ જેવી કે જમીન, મકાન કે વાહનની લે-વેંચ હાલપૂરતી ટાળવી. ખાસ તો હિતશત્રુઓથી સાવચેત રહેવું ખૂબ જ જરૂરી છે. નવા આનંદદાયક સમાચાર પ્રાપ્ત થાય. સાસરાપક્ષ તરફથી લાભ મેળવી શકશો. મુસાફરી, પ્રવાસ, યાત્રા કરવા માટે સમય શુભ છે. વ્યવહારીક કાર્યોની પ્રતિકૂળતા દૂર થાય. રાજકીય ક્ષેત્રના વ્યક્તિને લાભ થવાના યોગ છે.

**કર્ક**

લાંબા સમયથી ચાલી આવતી અસ્થિરતા દૂર થાય. ભાઈ-બહેન દ્વારા આકસ્મીક લાભ મેળવી શકશો. પરિવારમાં સુમેળભર્યું વાતાવરણ સર્જાય. જો કે, નાણાંકીય બાબતોમાં તો હજુ પણ સાવચેત રહેવા જેવો સમય છે. સમાજિક ક્ષેત્રે પ્રતિષ્ઠા વધારનારી કોઈ ઘટના બને, જેનો વધુલાભ ભવિષ્યમાં મળે. નોકરીયાત વર્ગે ઉપરી અધિકારી વર્ગથી સાવચેત રહેવું. સપ્તાહના અંત ભાગે નવિન શુભ સમાચાર મળે.

**સિંહ**

રોકાયેલા નાણાં છૂટા થાય તે માટે સમય સારો કહી શકાય. પારિવારીક જીવનમાં વધુ આનંદ અને ઉલ્લાસભર્યું વાતાવરણ રહે. આરોગ્ય અંગેની ચિંતા દૂર થાય. મનની પ્રસન્નતામાં વધારો કરનારી ઘટના બને. કોઈ નાનકડા ધાર્મિક કાર્યક્રમના આયોજનમાં ધન ખર્ચ થવા સંભવ છે. તે ઉપરાંત સામાજિક કે વ્યવહારીક કાર્યમાં પણ ધન ખર્ચ થાય. કોઈ ગુપ્ત ષડયંત્રનો ભોગ ન બની જવાય. તેની ખાસ તકેદારી રાખશો. વ્યવહારમાં ખાસ સંભાળવું.

**કન્યા**

કોઈના જામીનગીરીના કાર્યથી દૂર રહેવાની ખાસ તકેદારી સાથે તમારા કાર્યક્ષેત્રમાં ખૂબ જ સાનુકૂળતાસભર સમય રહે. જૂની ઓળખાણ કે જૂના સંબંધો અણધાર્યો લાભ આપી જાય. સરકારી કામકાજ સરળતાપૂર્વક પાર પડી જાય. નાણાંકીય રોકાણ હાલપૂરતું ટાળવું. કોઈપણ મહત્વનો નિર્ણય કરવાનો હોય તો ખૂબ જ વિચારીને પગલું ભરવું. પરિવારના સભ્યો સાથે વાણી ઘર્ષણ ન થાય તેની તકેદારી રાખવી. ભાગીદાર વર્ગ સાથે પણ મતભેદ ન સર્જાય તે જોજો.

**તુલા**

આરોગ્ય અંગે ચિંતા હોય તો તે દૂર થાય તેમજ નોકરી-ધંધા અંગેના પ્રયત્નોમાં ધારી સફળતા મેળવી શકશો. કોઈ અગત્યની મીટીંગ કે મિલન-મુલાકાત હોય તો તેમાં સફળતા મેળવી શકશો. પ્રિયજન સાથેના સંબંધોમાં લાગણીનો વધારો થાય. મિલ્કત અંગેના પ્રશ્નોનો સુખદ ઉકેલ આવે. ખોટી જવાબદારીમાંથી મુક્ત થવા માટેના ઉજળા સંજોગો છે. તમારા આત્મવિશ્વાસમાં વધારો કરનારી મહત્વની ઘટના બને.

**વૃશ્ચિક**

ખોટો વહેમ કે અંધશ્રધ્ધાના ભોગ ન બની જવાય તે જોજો. સામાજિક ક્ષેત્રે પ્રતિષ્ઠાને હાનિ ન પહોંચે તેની તકેદારી રાખવી. સંતાનવર્ગ દ્વારા નવિન શુભ સમાચાર મળે. માનસિક આનંદમાં વધારો કરનારી એકાદ ઘટના બને. ખોટા વાદ-વિવાદથી દૂર રહી અને પોતાના કાર્યમાં વ્યસ્ત રહેવું. તમે ધારેલા કાર્યની સફળતા માટે હજુ પણ તમારે ધીરજ રાખવી પડશે તેમજ સાહસિક કાર્યો પણ આ સમય દરમિયાન ટાળવા હિતાવહ છે.

**ધન**

નવિન શુભ સમાચાર આપનારું તેમજ માનસિક આનંદ-ઉલ્લાસમાં વધારો કરનારું આ સપ્તાહ નાણાંકીય સમસ્યાનો ઉકેલ લાવનારું નીવડે. પારિવારીક સભ્યોની મદદથી અગત્યના કાર્યમાં પ્રગતિ થાય. આકસ્મીક પ્રવાસ-પર્યટનના યોગ છે તથા અગત્યના મિલન-મુલાકાત હોય તો તે સફળ બને. કાર્યક્ષેત્રમાં કોઈ સમસ્યા ઊભી ન થાય તેની તકેદારી રાખજો. માંગલિક કાર્યમાં સફળતા મળે. કોઈને કોઈ કાર્યમાં વ્યસ્ત રહેવાને કારણે થાક અને સુસ્તીનો અનુભવ થાય.

**મકર**

માનસિક ટેન્શનમાંથી હળવાશનો અનુભવ કરનારું આ સપ્તાહ પરોપકારના કાર્યોથી દૂર રહેવાનું સૂચવે છે અન્યથા ખોટી સમસ્યામાં ફસાવવાનો વખત આવે. વિદેશ સંબંધિત કાર્યોમાં ધારી સફળતા મળે. જીવનસાથી સંબંધિત કોઈ પ્રશ્ન હોય તો તેનો ઉકેલ આવે. નવી લાભની તક હાથમાં આવે. વડીલવર્ગ સાથે મતભેદ ન સર્જાય તેની કાળજી રાખવી. એકંદરે આ સપ્તાહ દરમિયાન તમને મિશ્રફળ મળતું હોય તેવો અનુભવ કરશો. વિદ્યાર્થી વર્ગે સાવચેત રહેવું.

**કુંભ**

લાંબા સમયથી ચાલી આવતા ટેન્શનમાંથી મુક્ત થઈ અને ખૂબ જ હળવાશ અનુભવી શકશો. વ્યાપાર-ધંધામાં એકંદરે રાહત આપનારો આ સમય પારિવારીક જીવનમાં કોઈ મહત્વની ઘટના પાર પાડનારો બને. નાણાંકીય વ્યવહારો ખૂબ જ સરળતાપૂર્વક પાર પાડી શકશો. બાકી રહેલા કાર્યોને પૂર્ણ કરી શકશો. શત્રુઓ સાથેના સંબંધો મિત્રતામાં પરિણમવાના સંજોગો છે. સંતાન સંબંધી કોઈ પ્રશ્ન હશે તો તેનો સુખદ ઉકેલ આવે. સમાજિક પ્રતિષ્ઠામાં વધારો કરનારી કોઈ ઘટના બને તો નવાઈ નહીં.

**મીન**

લાંબાગાળાના આયોજનો સફળ થાય. માનસિક આનંદ-ઉત્સાહમાં વધારો કરનારી કોઈ મહત્વની ઘટના બને. જીવનસાથીનો શુભ સહકાર સાંપડે. આર્થિક સમસ્યાનું આકસ્મિક નિરાકરણ થાય. આરોગ્ય અંગેની ચિંતા હોય તો તે દૂર થાય. કોઈ એવી ઘટના બને જેથી ઈશ્વર પ્રત્યેની તમારી શ્રધ્ધામાં વધારો થાય. મિત્ર-વર્તુળની મદદથી કોઈ અગત્યનું કાર્ય પાર પાડી શકશો. જમીન-મકાન-વાહનને લગતા કાર્યમાં સફળતા મળે. ઉપરી અધિકારી કે વડીલવર્ગની મદદ મળે. મનની કોઈ ગુપ્ત ચિંતા હોય તો તે દૂર થાય.

- કનકચંદ્ર સી. વ્યાસ

## અનુપમ પ્રા.શાળા માંડલા-૧ ખાતે શુભેચ્છા સમારોહ યોજાયો



અશોક પ્રજાપતિ

પ્રતિ માંડલા

કાંકરેજ તાલુકાના માંડલા અનુપમ પ્રાથમિક શાળા- ૧ ખાતે ધો.૮ માં અભ્યાસપૂર્ણ કરી જતા બાળકોના શુભેચ્છા વિદાય સમારંભનું શાળાના કેમ્પસ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિદાય આપી રહેલા બાળકોના પ્રતિભાવો/ વિદાય લઈ રહેલા બાળકોના પ્રતિભાવો/ વર્ષ દરમ્યાન શાળાકીય પ્રવૃત્તિ કરતી બાળસંસદનું સન્માન/ શાળાની વિવિધ પ્રવૃત્તિઓમાં અવ્વલ આવનારા બાળકોનું સન્માન જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

માંડલાના સરપંચ કરસનભાઈ પંડ્યા, પૂર્વ સરપંચ વિરાભાઈ પટેલ, પૂર્વ સરપંચ ઉમેદભાઈ પંડ્યા, વાઘજીભાઈ પંડ્યા સ.મં.મંત્રી, જામાભાઈ ઠાકોર , દેવરાજભાઈ ચૌધરી ચેરમેન દૂધ મંડળી માંડલા તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય ગલાભાઈએ શિક્ષણ વિશે બાળકોને વિશેષ સમજણ આપી હતી.

## લોરવાડા પી.એચ.સી. દ્વારા વિશ્વ ટી.બી.દિનની ઉજવણી



કંચનજી ઠાકોર

પ્રતિ. ભીલડી

ડીસા તાલુકા હેલ્થ ઓફીસર ર્ડા.યોગેશ ઝેવરી અને પ્રાથમિક આરોગ્ય મેડીકલ ઓફીસર ર્ડા. પુજારાના માર્ગદર્શન હેઠળ વિશ્વ ટીબી દિનની ઉજવણી પેટા આરોગ્ય કેન્દ્ર પાલડી અને જુની ભીલડી ખાતે કરવામાં આવી હતી.

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભારતમાં આરોગ્ય કેન્દ્ર દ્વારા ગામે ગામે વિશ્વ ટી.બી. દીન નિમિત્તે જાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અને રેલી દ્વારા સૂત્રોચાર કરવામાં આવ્યા હતા આ કાર્યક્રમને સફળ બનાવવા વિશાલભાઈ જોષી, અરૂણાબેન રાવલ, આચાર્યો અને પાલડી પ્રાથમિક શાળાના આચાર્ય સ્વરૂપજી ઠાકોર (પાલડી સરપંચ) બાબુભાઈ ચૌહાણ, (ઉપ સરપંચ) ધારસીહજી ઠાકોર, અને કિશોરભાઈ મુલાણી વિગેરેએ સહયોગ આપ્યો હતો.

આ કાર્યક્રમનું સફળ સંચાલન અરૂણાબેન રાવલ અને વિશાલભાઈ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

## જુનીરોહ પ્રાથમિક શાળામાં તિથી ભોજન અપાયું



વિશાળ નાઈ

તા પ્રતિ. અમીરગઢ

અમીરગઢ તાલુકાની જુનીરોહ પ્રાથમિક શાળામાં પત્રકાર એસોસિયેશનના પ્રમુખ કમલેશભાઈ વાસુ તરફથી જુનીરોહ પ્રાથમિક શાળાના બાળકોને તિથી ભોજન આપવામાં આવ્યું હતું. જુનીરોહ પ્રથામિક શાળાના બાળકોને છેલ્લા ૬ વર્ષથી કમલેશભાઈ વાસુ તરફથી તિથી ભોજન આપવામાં આવે છે. જેમના બાળપ્રેમને શાળા પરિવારે બિરદાવ્યો હતો.

## યોગાચાર્ય લક્ષ્મણભાઈ જાદવનું દિકરી દેવો ભવઃ ચિત્ર મોમેન્ટો આપી સન્માન

ડીસા

કલાસૃષ્ટિ ફાઉન્ડેશન ડીસા તથા લાયન્સ ક્લબ ડીસા તેમજ સાંઈબાબા મંદિર ટ્રસ્ટ ડીસા દ્વારા યોગાચાર્ય લક્ષ્મણભાઈ જાદવનું ''દિકરી દેવો ભવઃ'' ચિત્ર મોમેન્ટો- સન્માનપત્ર- શાલ તથા પુષ્પગુચ્છ આપી વિશેષ સન્માન કરાયું હતું કે જેઓ પોતાની શૈક્ષણિક કારકિર્દિ આદર્શ શાળા - ડીસા ખાતે વ્યાયામ શિક્ષકની ભૂમિકા છે. સાથોસાથ શાળા તેમજ વિવિધ જગ્યાએ પોતાની વિનામુલ્યે યોગા તાલીમ યોગશિબીરોનું આયોજન કરે છે કે જેઓ સાંઈબાબા મંદિર પેરીસ ખુલ્લી જગ્યામાં છેલ્લા નિરંતર બાર વર્ષથી વિનામુલ્યે સવારે પાંચ ત્રીસથી- સાત ત્રીસ સુધી (૫-૩૦ થી ૭-૩૦) સુધી પ્રજાને યોગ શીખવે છે. આ પ્રસંગે



ચંદુભાઈ એ.ટી.ડી., હિતેશભાઈ સોની (લાયન્સ પ્રમુખ- ડીસા) લા. નરેન્દ્રભાઈ ઠક્કર, હિતેશભાઈ જાદવ, જગદીશ ભાઈ વાઘેલા, પ્રવિણ ભાઈ ઠક્કર, રામચંદભાઈ પંચાલ, શૈલેષભાઈ રાજપુત, લલીતભાઈ મોદી, મંજુલાબેન, સતીષભાઈ પંચાલ(સાંઈબાબા ટ્રસ્ટ), શશીકાન્તભાઈ ઠક્કર (સાંઈબાબા ટ્રસ્ટ) તેમજ અન્ય યોગ શિબિર પરિવાર સાથે રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## 'ફરિયાદ કોઈ નથી તારાથી... ભુલ તો મારી હતી, કારણ, ભરોસો પણ મારો હતો ને...??

સાંજનો સમય છે. મંદિરમાં આરતીનો નાદ સંભળાઈ રહ્યો છે. રાજલને માથે ચારાનો ભાર છે ઉતાવળે પગલે ઘર ભણી દોડી રહી છે. ત્યાં અચાનક પાછળ કોઈના પગલાનો અવાજ કાને પડયો. રાજલે પાછું વળી જોયું તો હેબતાઈને ઊભી રહી ગઈ. જોયું તો કરસન એની નવી પરણેતરને લઈ રૂઆબથી ચાલ્યો આવતો હતો. રાજલના હૃદયને ધક્કો વાગ્યો. વેદનાનો શેરડો પડયો. આંખોમાં પાણી ઉભરાઈ વળ્યાં. કરસન એની પત્નીનો હાથ પકડી લાડ લડાવતો રાજલના હૈયાને દઝાડી આગળ નીકળી ગયો. જાણે રાજલને ઓળખતો જ ના હોય એમ અજાણ્યો જણ બની રાજલ સામે નજર પણ ના નાખીને બેફિકર બની ચાલ્યો ગયો.

ચારની ગાંસડી માથેથી નીચે પડી ગઈ. પાલવનો છેડો મોં પર દબાવી રાજલથી રડી પડાયું. બાળપણથી સાથે રમતાં - ભણતાં બંને મોટા થયા હતા. બાળપણની નિર્દોષ મિત્રતા ક્યારે પ્રેમમાં પરિણામી બંને નહોતા જાણતાં. સાથે મરવા - જીવવાના કોલ દીધાં હતાં ને આમ અચાનક શું થયું કે બંનેના હૈયાં જોજનો દૂર થઈ ગયો જે હવે આ જનમમાં ક્યારેય મળવાના નહોતા માંડ માંડ જાતને ઉભી કરી. ગાંસડી માથે ચડાવી ભગ્ન હૃદયે ઘર તરફ ચાલવા માંડી.

આ તરફ કરસને ભલે રાજલની સામે નજર નહોતી કરી પરંતુ એના અંતરે આખે આખી રાજલને નિહાળી લીધી હતી. એનું હૃદય પણ બળતુ હતું. કારણ કે એનો આત્મા રાજલ સાથે જોડાયેલો હતો. આ કેવું બંધન હતું જે બંનેના રસ્તા અને મંઝિલ જુદી જુદી હોવા છતાં બંને એક તાતણે બંધાયેલા હતા. જ્યાં નફરતના સીમાડા બંધાવા જોઈએ ત્યાં હૃદય એક કશ્મકશ અનુભવતું હતું.

ઘરે પહોંચીને ગાંસડી આંગણામાં નાખી રાજલ હાથ - મોઢું ધોઈ સીધી રસોડામાં જઈ ચૂલો સળગાવા લાગી. ફટાફટ ખીચડી ચુલે ચડાવી ડુંગળી કાપવા માંડી. ડુંગળીનો વાયું એની આંખોમાંથી પાણી બની અનરાધાર વરસી રહ્યો હતો. પરંતુ સાચી હકીકત તો એ હતી કે ડુંગળીની આડશે આજે એને ધરાઈને રડવું હતું.

'અરે લાવ બેટા રાજલ, હું ડુંગળી કાપી દઉં છું. જો તારી આંખો લાલચોળ થઈ ગઈ છે' રાજલના બાપુ બોલ્યા.

'અરે ના રે બાપુ... તમ તમારે બેસો, હું ઘડીકમાં કાપી દઈશ'

'હમમમ...જેવી તારી મરજી... તું ક્યાં આમ પણ કોઈનું માને છે ?'

બાપુનો મારેલો ટોણો રાજલના દીલની આરપાર નીકળી ગયો. કંઈપણ જવાબ આપ્યા વિના એણે એનું કામ ચાલું રાખ્યું.

'આજે કેમ, આટલું બધું મોડું થઈ ગયું ?'

'હા બાપુ, આજે ચાર વાઢતાં વાર લાગી ગઈ.. પણ હમણાં ઘડીકમાં રાધી દઉં છું'

'અહી કોને ખાવાની પડી છે ! આ તો તારે મોડું થાય એટલે મારો જીવ તાળવે ચોંટી જાય છે. રખે ને ક્યાંક તુ ઓલા કરસન હારે...'

' બાપુ...' રાજલ બરાડી ઉઠી.

'બસ હવે આગળ કંઈ ના બોલતા બાપુ...! એ કરસન હારે મે ક્યારનાય મારા સંબંધના છેડા ફાડી નાંખ્યા છે. હવે એનું નામ નહી લ્યો... વારે વારે મને ટોણા ના મારો બાપુ... મારાથી સહન નથી થતું'

' હું કાંઈ ટોણા નથી મારતો તને... પણ આ તો દુનિયા વાતો કરે એટલે જીવ જાલ્યો નથી રેતો. વળી તે ઈજ્જતને ઉછાળવામાં બાકી એ શું રાખ્યું છે ? ને પાછો પેલો કરસનીયો તને ક્યાં મૂકે એમ છે ?'

' બાપુ... બસ કરો હવે... એના લગ્ન થઈ ગયાં બીજી હારે.. એ મારી હામે ય જોતો નથી. એની જીંદગીમાં ખુશ છે એ.. તમે વારે વારે એને યાદ કરી મારા કાળજાને બાળશો નહિ, હું જીંદગીથી હારી ગઈ છું... તમે જેમ કહ્યું એમ કર્યું છતાં તમને સંતોષ નથી બાપુ ?'

'તારી જીભ હમણાંથી બહુ વધી ગઈ છે છોકરી... સાવકો બાપ જાણી જેમ ફાવે એમ બોલે છે ? મેં જે કર્યું એ તારા ભલા માટે કર્યું છે પણ તારે તો ક્યાં કોઈનું માનવું છે?'

રાજલ રડતી રડતી ઉભી થઈ શાક વધારી રોટલા ઘડવા માંડી. એના બાપોને જમવા આપ્યું, ઘરનું કામ પતાવ્યું, બે કોળિયા પેટમાં નાખી પથારીમાં આડી પડી. પોતાના નસીબ પર રોતી હતી. ભુતકાળ એની આંખ સામે તરવરી રહ્યો.

'કેને કરસન, ક્યારે આવે છે મારા બાપુ પાસે, મારો હાથ માંગવા ? મારા બાપુ મારા માટે મૂરતિયા જુએ છે, જો જે ક્યાંક નક્કી કરી ના નાંખે !

'હા રાજલ, તારો હાથ માંગવા આવવું તો છે પણ તારા બાપુની સામે આવવાની હિંમત નથી મારામાં... મારા ઘર જોડે બારમો ચંદરમા છે એમનો કોણ જાણે. ક્યા જનમનું વેર મનમાં ભરીને બેઠાં છે ! મને નથી લાગતું કે એ આપણાં લગનની હા પાડે'

' મારા બાપુ લગનની ના પાડશે તો તું શું કરે ?'

કરસનને ટીખાળ સૂઝયું એણે કહ્યું,'ના પાડે તો કંઈ નહી, તું તારે રસ્તે ને હું મારે રસ્તે... કોઈ રૂપાળી છોડી ગોતીને પરણી જઈશ ને તું પણ કોઈ કાણાં કૂબડાને પરણી જજે...'

'જાને લૂચ્ચા.. તું એક દીવસ મને અખામ રસ્તે રઝળતી જ મૂકવાનો છે પણ હું કાંઈ એમ રોવા

### મન - દર્પણ

-મંજુ પ્રજાપતી

બેસીસ નહિ, કોઈ રૂપિયાવાળો ગોતીશ ને એના મહેલમાં રાજરાણી થઈને રહીશ. તું પણ જોતો રહી જઈશ..'

રાજલ ગુસ્સામાં કરસનને દૂર ધકેલી ચાલી ગઈ. કરસનથી રાજલના આ શબ્દો સહન ના થયાં પરંતુ ટીખાળની શરૂઆત તો એણે જ કરી હતી. રીસાઈને પોતાનાથી દૂર જઈ રહેલી રાજલને મનાવાનું મન થયું પરંતુ મનને પાછું વાળ્યું એન વિચારીને કે કાલે મનાવીશ આજ થોડીક હેરાન થવા દે, કાલે મને વધારે પ્રેમ કરશે. વ્હાલ કરશે. પરંતુ એ દિવસ ક્યારેય આવ્યો જ નહી...

બીજે દિવસે રાજલ એના બાપુ સાથે શહેરમાં ગઈ. બાપુએ આડી અવળી વાતોમાં ગૂંચવી આઠ - દાસ દિવસ સુધી શહેરમાં જ પોતાની સાથે રોકી રાખી. રાજલનું મન ઉચાટમાં હતું સતત કરસનની યાદ આવતી હતી. અચાનક બાપુએ સમાચાર આપ્યા ' રાજલ કરસને લગ્ન કરી લીધાં..'

બાપુ મોંઢે કરસનનું નામ સાંભળતા જ રાજલ સફાળી બેઠી થઈ ગઈ.

' શું બાપુ ? કોણે લગ્ન કર્યા ?'

'હવે રાખ, હું બધુંય જાણું છું તારો ઓલો પ્રેમી.. કરસન... એની જ વાત કરું છું મુખીની છોકરી સાથે એણે ત્રણ દિવસ પહેલા જ લગ્ન કરી લીધાં'

રાજલની પગ નીચેથી ધરતી ખસી ગઈ જીભ સીવાઈ ગઈ. હૃદય માનવા તૈયાર નહોતું હસ્ય વલોપાત કરતું હતું.

'એવું ક્યારેય ના બને બાપુ... કરસન તમારી પાસે મારો હાથ માંગવા આવવાનો છે.'

'એ હવે બધું ય ભુલી જા... અને હું જીવતે જીવ તને એની હારે પરણાવવાની હા પાડવાનો નહોતો. આખું ગામ તારી વાતો કરતું થઈ ગયું છે. ઘરની ઈજ્જતને ઉછાળી છે તે....!'

'ના બાપુ... આપણાં ઘરની ઈજ્જત જાય એવું મેં કોઈ ખોટું કામ કર્યું નથી. મારો પ્રેમ પવિત્ર છે.'

'હવે બસ કર આ પ્રેમનો લવારો.. મારે નથી સાંભળવો'

' બાપુ ચાલો ને આપણે ગામ જઈએ. મારે ઘરે જવું છે.'

હવે ગામમાં જવાય એવું રહ્યું નથી મેં ગામના મુખી બાપાને આપણી જમીન અને ઘર વેચી દેવાની વાત કરી છે. સોદો નક્કી જેવો જ છે.

' અરે બાપુ.. આમ ના બોલો.. એ ઘર મારી માની છેલ્લી નિશાની છે. એને વેચશો નહી'

' પણ મારે પૈસાની જરૂર છે એનું શું ? હવે ખેતીમાં બરકત રહી નથી. અહીં મારા એક મિત્ર સાથે ભાગીદારીમાં ધંધો નાખવો છે. બધું જ નક્કી થઈ ગયું છે.

' બાપુ મને એકવાર પૂછયું પણ નહી.. મને અંધારામાં રાખી તમે શહેર લઈ આવ્યો? કેમ બાપુ ?

'જો બેટા રાજલ, ઘર અને જમીન બચાવવી હોય તો તારે હું કહું એમ કરવું પડશે.'

' ના ક્યારે પાડી બાપુ ..'

' હા તો સાંભળ, હજી થોડા દિવસ અહીં રહેવું પડશે. હું એકલો ગામ જઈ આવું અને સોદાની ના પાડતો આવું છું અહીના કામ આવીને પુરા કરીશ પછી આપણે બંને હારે ગામ જઈશું'

' હા બાપુ જેમ તમે કવે એમ.. પણ બાપુ એકવાર કરસનને મળજો તો ખરા ! મને પાક્કો વિશ્વાસ છે કે એ લગ્ન ના કરે. એણે મને વચન આપ્યું છે બાપુ... હું એને ખૂબ પ્રેમ કરું છું. એના વિના જીવી નહિ શકું બાપુ...'

' જો પાછું શું શરૂ કર્યું ? ચાલ, કરસનને મળી લઈશ અને સાચી વાત જાણી લઈશ..!'

ચાર - પાંચ દિવસના વાયદાથી ગયેલા રાજલના બાપુ ઘણાં દિવસ વીતી ગયા છતાં પાછા ના ફર્યા. રાજલ એના બાપુને જાણતી હતી એટલે જ એને ખૂબ ચિંતા સતાવતી હતી. નક્કી કોઈ ગંદી રમત રમાઈ રહી છે. એની ગંધ એને આવી ગઈ હતી. ઘણીવાર એણે વિચાર્યું કે શહેરમાંથી એકલી જ ગામ પાછી ફરે પરંતુ બાપુના ગુસ્સાથી ડરતી હતી. વળી તેને કરસન પર પૂરો ભરોસો હતો. કરસન કોઈ બીજી સ્ત્રી સાથે લગ્ન કરે એ વાત એ ક્યારેય સ્વવીકારવા તૈયાર નહોતી.

છેવટે એની અધીરાઈનો અંત આવ્યો. એના બાપુ પાછા આવ્યાં ઘર અને ગામના સમાચાર પૂછયાં પછી રાજલે હળવેકથી કરસન વિશે પૂછયું. પરંતુ એના બાપુની વાત સાંભળી એ ધુસ્કે ધુસ્કે રડવા લાગી. ' બાપુ, તમે આ શું કર્યું ? મને છેતરીને ઘા કર્યો ? મારા લગ્નના ગોળ - ધાણાં ખાઈ લીધાં અને એ પણ મને જણાવ્યા વિના ? મને અંધારામાં રાખી તમે રમત રમી ગયાં ? તમે મને ચોખ્ખાં શબ્દોમાં ના કહી હોત તો હું ક્યારેય કરસનનું નામ પણ ના લેત બાપુ તમે મારૂ વેવિશાળ નક્કી કર્યું અને એ પણ બે દીકરાના બાપ સાથે ? શા માટે ?''

''જો રાવલ તારી મા હારે મેં લગ્ન કરેલા દીકરાની આશાથી પણ તારી મા મને પેટ જણ્યો દીકરો ના આપ્યો પણ તારો કોકના પેટનો ભાર મારે માથે નાખતી ગઈ. તને સુખી જોવાની એની ઈચ્છા તો મારે પૂરી કરવી જ પડે ને ! હવે માન્યુ કે જીવલાને બે બાળકો છે થોડોક ઉંમરમાં મોટો પણ છે પરંતુ એથી શું ? તું જાણે છે એની પાસે દોઢસો વીઘા જમીન છે. મોટા મહેલ જેવા ગામમાં ચાર બોરડા છે. તુ તો રાજ કરીશ !'

''રાજલ દાંત કચકચાવીને બોલી,'બાપુ કેટલા વીઘામાં સોદો કર્યો ?''

રાજલના વેધક સવાલથી એના બાપુની આંખો ગુસ્સાથી પહોળી થઈ ગઈ. જીભ થોથવાવા માંડી...'' તું...તું.. કહેવા શુ માંગે છે.. કંઈ ભાન પડે છે ? શું બોલે છે તું. ? તારો બાપ છુ હું ?''

''હા જાણું છુ.. સાવકો બાપ..! તે મારા સાવકા બાપ છો એવું આખુ ગામ મને કહેતું હતું પરંતુ હું નહોતી માનતી કારણ કે મેં તમને મારા સગા બાપ કરતા પણ વધારે પ્રેમ આપ્યો છે બાપુ! પણ આજે તમે સાબિત કરી દીધું કે તમે મારા સાવકા બાપ છો. પરંતુ કાન ખોલીને સાંભળી લો. હું તમારી મિલકત નથી કે કોઈ વસ્તુ નથી કે તમે મારા સોદો કરો. મને આ વેવિશાળ મંજુર નથી. જો જબરજસ્તી કરશો તો ઝેર પી ને મરી જઈશ. સીધી રીતે જીવલાને અને એના પરિવારને ના કહી દેજો. આ સંબંધને ફોક કરી દેજો. હું લગ્ન કરસન હારે જ કરીશ. અને તમે રજા નહિ આપો તો આજીવન કુંવારી રહીશ.

રાજલનો બાપ એના જવાબથી સમસમી ગયો પરંતુ એ રાજલને જાણતો હતો. એણે વેળાસર રાજલનો સંબંધ ફોક કરી નાંખ્યો. રાજલને લઈ ગામમા આવ્યો ખુબ ખુશ હતી રાજલ કરસનને મળવા માટે ઉતાવળી હતી. ઘરે પહોંચી સામાન મૂક્યો ના મૂક્યો ને સીધી કરસનના ઘર ભણી દોડી ગઈ. પરંતુ આ શુ ? કરસનના ઘરે લગ્નના ગીતો ગવાતા હતાં પરણીને આવેલા વરવધુને વધાવવા લોકો ટોળુ વળીને ઝાંપા ભણી આવી રહ્યાં હતાં. રાજલના હૃદયની ગતિ તેજ બની. શરીરમાં આછી ધ્રુજારી શરૂ થઈ ગઈ હતી. કોના લગ્નના ઢોલ વાગે છે એ કાંઈ સમજે એ પહેલાં જ કરસન અને એની પત્નીને બાજોઠ પર ઉભાં રહી પોંખણાં લેતા જોયા એ લથડીયું ખાઈ ગઈ. એક ખૂણામાં સંતાઈને પોક મૂકી રડી પડી. પોતાનું સર્વસ્વ લૂંટાઈ ગયાં પછી સાવ ખાલીખમ થઈ શૂન્ય બની ઘર ભણી પાછી વળી. કરસન સાથેનો નાતો પૂરો થઈ ગયો. કરસને શા માટે લગ્ન કર્યા એ વાતના ખુલાસાની પણ હવે એને કોઈ જરૂર નહોતી કારણ કે એણે સ્વીકારી લીધુ કે કરસન પર ભરોસો મૂક્યો એ મારી ભૂલ હતી એની નહી.

- મંજુ પ્રજાપતિ

# સંત શ્રી ૧૦૦૮ રાજેશ્વર ભગવાનની આંજણા ચૌધરી સમાજ દ્વારા ૧૩૬ મી જન્મ જયંતિની ઉજવણી કરાઈ





હસમુખ ચૌધરી

## સિકારપુરા લાખણી મેસરા અને ચગવાડા ગામે રાજેશ્વર ધામમાં લોક મેળા ભરાયા

(પ્રતિ.) લવાણા

ભારતભરના આંજણા ચૌધરી સમાજના કુળગુરૂ સંતશ્રી રાજેશ્વર ભગવાનનો જન્મ રામ નવમીના પવિત્ર દિવસે રાજસ્થાનના સિકારપુરા ગામે થયો હતો. જેમણે પોતાના જીવન કાળ દરમિયાન પ્રભુનું ભજન કરી સમાજને શિક્ષિત સંગઠિત અને વ્યસન મુક્ત બનવાની પ્રેરણા આપી હતી જે સંત શ્રી રાજેશ્વર ભગવાનની આંજણા ચૌધરી સમાજ દ્વારા રામનવમીના પવિત્ર દિવસે ધામધૂમપૂર્વક ૧૩૬ મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

સંતશ્રી ૧૦૦૮ રાજેશ્વર ભગવાનનું ભવ્ય આશ્રમ અને મંદિર રાજસ્થાનના સિકારપુરા ગામે આવેલ છે તેમજ ગુજરાતના થરાદ તાલુકાના મેસરા દિયોદર તાલુકાના ચગવાડા તેમજ લાખણી સહિત રાજસ્થાન અને ગુજરાતના કેટલાક ગામોમાં સંતશ્રી ૧૦૦૮ રાજેશ્વર ભગવાનના નાના મોટા મંદિરો આવેલ છે જે મંદિરે રામનવમીના પવિત્ર દિવસે સંતશ્રી રાજેશ્વર ભગવાનની **અનુસંધાન પાના નં.૬**

# છાપીમાં જમીયત ઉલમા દ્વારા પાણીની પરબ ખુલ્લી મુકાઈ



સુરેશ અગ્રવાલ

## બનાસકાંઠામાં જમીયત ઉલમાની પ્રશંસનીય કામગીરી

પ્રતિનિધિ છાપી

જમીયત ઉલમા બ.કા.ના જનરલ સેક્રટરી અતિકુરેહમાન કુરેશી એક અખબારી યાદીમાં જણાવે છે કે, પાણીનો મહત્વ અને ઉપયોગીતા ના સંદર્ભમા કુરઆન શરીફમા પાણીને જીવન નિર્વાહ માટે મહત્વના અંગ તરીકે ખુદાએ આપેલ નેમત અર્થાત ભેટ ગણવામાં આવેલ છે. પાણી માનવી માટે જીવાદોરી છે તેનો બગાડ કે દુરપયોગ ગુનાહ છે. ઈસ્લામમાં ભૂખ્યાને ભોજન આપવુ અને તરસ્યાને પાણી આપવુ એ ઉતમ દાન કે (પૂણ્ય) છે તે અનુસરી જમીયત ઉલમા બનાસકાંઠા દ્વારા આયોજિત ઠંડા મીનરલ પાણીની પરબો જેમ કે પાલનપુર શહેરમા ત્રણ જયારે ચોથી પરબ, છાપી હાઈવે ઉપર રવિવારે ખુલ્લી મુકવામા આવી હતી. જેનુ ઉધ્ધાટન હઝરત મૌલાના અબ્દુલ કુદુસ સાહેબ (પ્રમુખ,જમીયત ઉલમા બ.કા.) વરદ્ હસ્તે શરૂ કરેલ છે. આ પ્રસંગે અતિકુરેહમાન કુરેશી (જન.સેક્રેટરી, જમીયત ઉલમા બ.કાં) મૌલાના અબુલહસન સેવાણી, (ઓગ્રે નાઝર, જમીયત ઉલમા-એ-હિંદ) ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉમદા કાર્યને સફળ બનાવવા સઈદુલ્લાભાઈ વગદીયા, તેનીવાડા, ઈમત્યાઝ ભાઈ ઝધરાલા, સરપંચ,

**અનુસંધાન પાના નં.૬**

# લાખણીમાં ધોરણ ૧૦ ની પરીક્ષાઓ શાંતિપૂર્ણ રીતે સંપન્ન

(પ્રતિ.) લાખણી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યિક પરિક્ષા બોર્ડ દ્વારા લેવાતી ૧૨ મી માર્ચથી શરૂ થયેલી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની પરિક્ષામાં આજે ધોરણ ૧૦ ની પરિક્ષા સુખરૂપ પૂર્ણ થતા વિદ્યાર્થીઓએ હાશકારો અનુભવ્યો છે.

લાખણીની શ્રી સરસ્વતી વિદ્યાલયે લાખણીતાલુકાની સૌથી મોટી શાળા છે. જેમા લાખણી તેમજ આજુબાજુના ગામોમાંથી અંદાજે ૮૦૦ જેટલા બાળકો અભ્યાસ કરે છે. તાલુકાની સૌથી મોટી શાળા હોવાથી વિદ્યાર્થીઓર્નેધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની પરિક્ષાનુ કેન્દ્ર પણ ફાળવવામાં આવેલુ છે. જેમા આ વર્ષે ધોરણ ૧૦ માં અંદાજે ૭૫૦ જેટલા વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી છે. જ્યારે ધોરણ ૧૨ માં પણ અંદાજે ૫૦૦ જેટલા વિદ્યાર્થી પરિક્ષા આપી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આજે હિન્દીના પેપરમાં આજ શાળાના આચાર્ય પણ આજ શાળાના પરિક્ષાર્થિ બન્યા હતા. વિશેષ ઉલ્લેખનિય એ છે કે તેમનુ જ સંતાન ધોરણ ૧૦ માં પરિક્ષા આપી રહ્યો છે અને પણ આજ શાળામાં કેવો અદ્ભુત સમન્વય છે. બાપ બેટો બંન્ને એકજ શાળામાં પરિક્ષાર્થી

**અનુસંધાન પાના નં.૬**

# રાજપુર સુકુન પાર્કમાં ભુગર્ભ ગટરનું કામ અધૂરૂ

## ખુલ્લા ઢાંકણાથી જાનહાનીની દહેશત



જમીલ મેમણ

પ્રતિ. રાજપુર

સમગ્ર ડીસા શહેરમાં ભૂગર્ભ ગટરનું કામ પૂર્ણ થવાને મારે છે ત્યારે રાજપૂર સુકુન પાર્કમાં ભૂગર્ભ ગટરનું કામ અધુરૂ મૂકતા સ્થાનિક રહીશોમાં પાલિકા સામે રોષ વ્યાપી જવા પામ્યો છે.

રાજપુર સુકુન પાર્કમાં તેર વર્ષ પહેલા સરકારી યોજન હેઠળ ભૂગર્ભ ગટરનું કામકાજ કરેલ પરંતુ કેટલીક જગ્યાએ મેમ્બર ન બનવાતા સ્થાનિક રહીશોમાં રોષ વ્યાપી જવા પામ્યો છે જયારે કેટલીક જગ્યાએ હાઉસ મેમ્બરના ઢાંકણા ન નાંખતા ખાડા પૂરાઈ જવા પામ્યા છે આ અંગે સ્થાનિક રહીશ અનીશભાઈ મેમણે ન.પા. પ્રમુખ તથા ચીફ ઓફિસરને લેખિત તથા મૌખિક જાણ કરેલ પરંતુ હજુ સુધી ભૂગર્ભ ગટરનું કામ પૂર્ણ થયેલ નથી. જેથી ન.પા. સામે સ્થાનિક રહીશોમાં રોષ વ્યાપી જવા પામ્યો છે સ્થાનિક કોર્પોરેટરને પણ વારંવાર રજુઆત સ્થાનિક રહીશ આસીફભાઈ તવક્કલ વાળા એ કહેલ પરંતુ મુસ્લિમ વિસ્તાર હોવાથી ધ્યાન અપાતુ ન હોવાના આક્ષેપો થાય છે. અહીયા મસ્જીદ આવેલ છે જેની આગળ ગંદકીના તળાવ ભરાયેલા રહે છે જેનાથી નમાઝ પઢવા જતા નમાઝીઓને ભારે હાલાકી વેઠવી પડે છે તો તાત્કાલિક સફાઈ કરાવી, લોકોને રોગના ભરડામાંથી બચાવે તેવી જનતાની લાગણી સાથે માંગણી છે ખુલ્લા ઢાંકણાને લીધે જાનહાનિ સેવાનો ભય સેવાઈ રહ્યો છે તાત્કાલિક ઢાંકણા નાખવામાં આવે તેવી પણ માંગ છે.

# કાંકરેજ તાલુકાના થરામાં શ્રી રામનવમીની ઉત્સાહભેર ઉજવણી : શોભાયાત્રા નીકળી



યશપાલસિંહ ટી.વાઘેલા

તાલુકા પ્રતિનિધિ થરા

ભારતીય સંસ્કૃતિમાં વાર તિથી, તહેવારો આગવું મહત્વ છે,પશ્ચિમી સંસ્કૃતિ પાછળની આંધળી દોડમાં દેશના ઉત્સવો ભૂલાઈ રહ્યા છે અને પશ્ચિમના તહેવારો ફ્રેન્ડશીપ ડે, વેલેન્ટાઈન ડે, થર્ટી ફસ્ટ, નાતાલ, બર્થ ડે, રોઝ ડે જેવા જાતજાતના ડે ઉજવી રહેલો હિન્દુ સમાજ સનાતન ધર્મના તહેવારો વિસરી રહ્યો છે. ત્યારે શ્રી રામ સેવા સમિતિ દ્વારા હિન્દુ સમાજને પોતાની અસ્મીતા અને ગૌરવને યાદ અપાવવા દર વર્ષની પરંપરા મુજબ મર્યાદા પુરુષોતમ ભગવાન શ્રી રામના જન્મોત્સવની ભવ્ય શોભાયાત્રા કાંકરેજ તાલુકાના થરા નગરમાતશ્રી રામમંદિરે થી ગઈ કાલે બપોરે શોભાયાત્રા શરણાઈની સુરાવલીઓ બેન્ડના તાલે નીકળી જે શ્રી બહુચર માતાજી મંદિર, જૈન શેરી, મોચી શેરી , તેરવાડિયા વાસ, ઓગડ વિધા મંદિર રોડ, માર્કેટ ગરનાળું, હાઈવે સ્થિત શ્રી બહુચર માતાજી મંદિરના પટાંગણ પહોંચેલ જયાં ટ્રસ્ટીઓ - પૂજારી એ શોભાયાત્રાનું સ્વાગત કરેલ બહેનો ગરબા રમી ટ્રસ્ટી દ્વારા સરબત પિવડાવેલ ત્યાંથી શોભાયાત્રા ગોકુળ નગર સોસાયટી, ઊગમણો વાસ, જામપુર રોડ, અમીધારા કોમ્પલેક્ષ, હાઈવે ગરનાળું, શાકમાર્કેટ, નગર પાલિકા રોડ, ઝાઝાવડા વાળીનાથ મહાદેવ મંદિર, સદુભા પાટી, પટેલ વાસ , પ્રજાપતિ વાસ, જૂનાગંજ બજાર, જૂના પોલીસ સ્ટેશન, ઊભી શેરી થઈ થરા નગરની

**અનુસંધાન પાના નં.૬**

# દીઓદરમાં નવીન માર્કેટ યાર્ડમાં મહા યજ્ઞ યોજાયો



(અશોક શેઠ)

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર કોટડા રોડ ઉપર નિર્માણ પામેલ નવીન માર્કેટયાર્ડમાં શ્રી સપ્તશતિશ્રી કુબેર મહાયજ્ઞ ત્રણ લાખ એકાવન હજારની આહુતિ સાથે તા.૨૫ના રોજ હવનની પૂર્ણાહુતિ થયેલ.આ હવનમાં માર્કેટ સમિતિના ચેરમેન શીવાભાઈ ભુરીયા તથા દીઓદર માર્કેટ સમિતિના ડીરેક્ટરશ્રીઓ તથા સેક્રેટરી પરાગભાઈ પટેલ આદિ જોડાયેલ. આ પ્રસંગે યોજાયેલા સત્કાર સમારંભમાં પધારેલા મહાનુભાવનું બહુમાન થયેલ.

વિશ્વ કલ્યાણ અર્થે ત્યાગી મહાપુરુષોના સાનિધ્યમાં યોજાયેલા આ મહાયજ્ઞમાં ધારાસભ્યશ્રી શીવાભાઈ ભુરીયા, માર્કેટના વા.ચેરમેન કરશનભાઈ દેસાઈ, જી.પં. પ્રમુખ પીનાબેન ઠાકોર, ઉપપ્રમુખ જસીબેન માલજીભાઈ દીયા, ડીરેક્ટર શ્રી ભરતસિંહજી વાઘેલા, બનાસબેંક ડીરેક્ટર ઈશ્વરભાઈ પટેલ, જી.પં.સદસ્ય નરસિંહ ભાઈ દેસાઈ, બાબરા ભાઈ પટેલ, રઘુભાઈ ડામરાભાઈ પટેલ, તેજાભાઈ દેસાઈ,

**અનુસંધાન પાના નં.૬**

## જુનાડીસા ગંગાજી વ્હોળાના રોડનું સમારકામ થશે



ડીસા

ડીસા-પાટણ હાઈવે ઉપર આવેલ જુનાડીસા ગામના ગંગાજી વ્હાળામાં વર્ષો અગાઉ પુલ ઉપર બનાવેલ રોડ જર્જરીત બની ગયો છે. રોડ ઉપર ઠેરઠેર પડેલા ખાડા અને સમારકામના બહાને મરાયેલ થિગડાના કારણે રોડ જોખમી બની ગયો છે. એટલું જ નહીં, ડીવાઈડર ઉપર રેડીયમના પટ્ટા પણ લગાવેલ નથી. જેથી આ રોડ ગોઝારો પુરવાર થતા છેલ્લા એક વર્ષ દરમ્યાન સર્જાયેલ ગમખ્વાર માર્ગ અકસ્માતોમાં ૧૦-થી ૧૨ માનવ જિંદગીઓ અકાળે મોતના ખપ્પરમાં હોમાઈ ચૂકી છે. તેમ છતાં તંત્રના પેટનું પાણી પણ ન હાલતા અકળાયેલા સરપંચ

**અનુસંધાન પાના નં.૬**

# વાવના ત્રિ-દિવસીય રમેલ મહોત્સવનું રંગેચંગે સમાપન



વિષ્ણુ પરમાર

## હજારો ભાવિક ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યું

તા.પ્રતિ. વાવ

વાવ શહેર ખાતે જૈન વાડીની પાછળ વજીર વાસ ખાતે આવેલા કેડ ગોગ મહારાજના સાનિધ્યમાં ચૈત્ર સુદ-૬ તા.૨૩/૩/૧૮ થી ચૈત્ર સુદ ૯ તા.૨૫/૩/૨૦૧૮ ત્રિદીવસીય રમેલ મહોત્સવની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભજન સત્સંગ, યજ્ઞ રેગડી, તેલફૂલ, ભોજન પ્રસાદ, રાત જાગરણ, સંતવાણી જેવા વિવિધ કાર્યક્રમો યોજાયો હતા. પ.પૂ.દેવરામ બાપુ, રેગડીના નામાંકીત કલાકાર ગોવિંદ ઉંબરી (વિહતરામ) તેમજ ભૂવાજીઓ, દાદાના ભક્તો અને શ્રોતાજનોનું ભારે ઘોડાપુર ઉમટી પડ્યું હતું. જે બાબતે (ભૂઆજી) હરજીભાઈ ભાટી. (ભૂઆજી) વિનોદભાઈ ભાટીએ મીડીયા સમક્ષ જણાવ્યું હતું છેલ્લા ૧૦૦ વર્ષમાં વજીર સમાજ તરફથી એક મોટા મહોત્સવનું આયોજન થયું હતું. વિશાળ સંખ્યામાં દાદાના ભક્તોનું ઘોડાપુર જોઈ અને ગ્રામજનો તરફથી ભારે સાથ અને સહકાર મળ્યો છે દાદાના ચરણોમાં ભાવિક-ભક્તોએ ભૂઆજીઓ તેમજ ગ્રામજનોએ માથુ ટેકાવીને ધન્યતા અનુભવી હતી. ગતરોજ તા.૨૫/૩/૧૮ ના રોજ ત્રિદીવસીય સ્થળે મહોત્સવની રંગેચંગે ઉજવણી સાથે સમાપન થયું હતું.

# ચૈત્રી નવરાત્રિ નિમિત્તે ઠેરઠેર રમેલોની રમઝટ



નરસિંહ દેસાઈ

## ગ્રામિણ વિસ્તારોમાં ધાર્મિકતાનો માહોલ છવાયો

પ્રતિ. વડાવળ

બનાસકાંઠા જિલ્લામાં ચૈત્રી નવરાત્રિ નિમિત્તે ઠેરઠેર માતાજીની રમેલોની રમઝટ જામી છે જેમાં ખાસ કરીને ગ્રામિણ વિસ્તારોમાં ડાકલા અને રેગડીઓના સથવારે ભૂવાજીઓના હાકલા-પડકારોથી રાતો સજીવન થઈ ઉઠી છે. જેથી ચોમેર માતાજીનો જયઘોષ ગૂંજી રહ્યો છે.

હિન્દુ આર્ય સંસ્કૃતિમાં ૩૩ કરોડ દેવી-દેવીતાઓની પૂજા-અર્ચના થાય છે. તેમાં પણ આજના હળાહળ કળીયુગમાં નાગ દેવતા, સધી મા, સિગોતરમા, મેલડીમા, ચેહર મા વિગેરે ‘જાગતી જયોત’ રૂપે પૂજાય છે. જેમની બાધા-

**અનુસંધાન પાના નં.૬**

## થરાદના વૈકુંઠનાથ ભગવાનના મંદિરમાં રામનવમીની ઉજવણી



(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

થરાદ-સાંચોર હાઈવે ઉપર આવેલા બ્રહ્મક્ષત્રિય સમાજ સંચાલિત શ્રી વૈકુંઠધામ મંદિરમાં રવિવારે રામ જન્મોત્સવની હર્ષોલ્લાસ ભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સનાતન ધર્મના ભાઈ-બહેનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી ભગવાનને પારણે ઝૂલાવી ધન્યતાનો અનુભવ કર્યો હતો. મંદિરના મહંત નારાયણ દાસ બાપુ તથા ભક્તોએ રામધુનની રમઝટ મચાવી હતી.મંદિરમાં ભગવાન શ્રીરામના દર્શનાર્થે દિવસભર ભારે ભીડ જામી હતી.

# મા નડેશ્વરી સાનિધ્યમાં રામનવમીનો ભાતીગળ લોકમેળો યોજાયો



વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

સૂઈગામ તાલુકામાં આંતરરાષ્ટ્રીય સરહદછ સીમાડા ઉપર આવેલા મા નડેશ્વરી ધામ ખાતે રામનવમીના શુભ દીવસે ભવ્ય ભાતીગળ લોકમેળો યોજાયો જેમાં કચ્છ, સૌરાષ્ટ્ર, રાજસ્થાન ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાતમાંથી ભાવિક-ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું. જે પ્રસંગે માં નડેશ્વરીના ૩૨ મા પાટોત્સવ મહોત્સવની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તા.૨૪/૩/૧૮ ના રોજ ભવ્ય સંતવાણી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાતના સુપ્રસિધ્ધ નામાંકીત કલાકારો ઉપસ્થિત રહી ભક્તિ રસની ભારે રમઝટ બોલાવી હતી. જયારે બીજા દિવસે તા.૨૫/૩/૧૮ ને રામનવમીના શુભ દિવસે ભવ્ય ભાતીગળ લોકમેળો યોજાયો હતો જેમાં હજારો ભાવિક ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું. અને માં ના ચરણોમાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. શ્રી નડેશ્વરી ટેમ્પલ ટ્રસ્ટ તરફથી સુંદર, ભોજન પ્રસાદ, પાણી, પાર્કીંગ, દર્શનની વ્યવસ્થા કરવામાં આવી હતી ટ્રસ્ટના કાર્યકરો અને સરહદના જવાનોએ ખડે પગે સેવા બજાવી હતી. એસ.ટી. નિગમ વાવ-સૂઈગામ-ભાભર-થરાદ ખાતેથી મેળા દરમ્યાન બસોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેથી કરીને દર્શનાર્થીઓને મુસાફરી કરવામાં સરળતા રહી હતી.

## વડગામ નગરે ભગવાન શ્રીરામના જન્મદિવસની ઉજવણી

તા.પ્રતિનિધિ વડગામ

ગઈકાલ તા.૨૫ મી માર્ચના રોજ ચૈત્ર સુદ-૯ (નોમ) ના પવિત્ર દિવસે તાલુકા મથક વડગામ ખાતે ભગવાન શ્રીરામની જન્મ દિવસની ભવ્ય ઉજવણી કરાઈ હતી. ઐતિહાસિક શ્રીરામજી મંદિરેથી રાધાકૃષ્ણ મંદિર સુધી ભગવાન શ્રીરામની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ત્યારબાદ બપોરે ૧૨.૦૦ કલાકે ભગવાનના મંદિરે પૂજા અર્ચના કરી મહાઆરતી ઉતારવામાં આવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન રાંમજી મંદિર ટ્રસ્ટ વડગામ દ્વારા કરાયું હતું. આ પ્રસંગે તમામ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જીલ્લા પંચાયત પ્રમુખ દીઓદરની મુલાકાતે



(અશોક શેઠ)

તાલુકા પ્રતિનિધિ દીઓદર

બનાસકાંઠા જીલ્લા પંચાયત પ્રમુખ પીનાબેન ઠાકોર આજરોજ દીઓદરની શુભેચ્છા મુલાકાત લીધેલ.પ્રમુખશ્રીએ જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ જસીબેન માલજીભાઈ દેસાઈના નિવાસસ્થાને મુલાકાત લીધેલ. જ્યાં તેમનું કંકુ તિલક કરી સ્વાગત કરવામાં આવેલ. આ પ્રસંગે દીઓદરના ધારાસભ્યશ્રી શીવાભાઈ ભુરીયા, માલજીભાઈ દેસાઈ, દીઓદર તાલુકા પંચાયતના પ્રમુખ ચિત્રલેખા કુંવરબા પ્રવિણસિંહજી વાઘેલા, જી.પં.સદસ્ય નરસિંહભાઈ દેસાઈ, લાખણી તાલુકા પંચાયતના પ્રમુખ મહેશભાઈ દવે, બળવંતજી ઠાકોર, કોંગ્રેસ અગ્રણી બી.કે.જોષી સહિતના કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો ઉપસ્થિત રહેલ.

ADARSH CO-OPERATIVE BANK LTD.
Banch: V.M.Deesa Mob: 9428827485/9428827481

AUCTION SALE NOTICE

SALE OF IMMOVABLE ASSETS CHARGED TO THE BANK UNDER THE SECURITISATION AND RECONSTRUCTION OF FINANCIAL ASSETS AND ENFORCEMENT OF SECURITY INTEREST ACT, 2002.

The undersigned as Authorized Officer of Adarsh Co-op. Bank Ltd. has taken over possession of the following property u/s 13(4) of the SARFAESI Act.

Public at large is informed that Auction (under SARFAESI Act, 2002) of the charged property in the below mentioned case for realization of Bank's dues will be held on "AS IS WHERE IS BASIS" and "AS IS WHAT IS BASIS".

| Name Of Borrower(s) | Name of Guarantor(s) | Outstanding Dues for Recovery of which Property/ies is/are Being Sold |
|---|---|---|
| Mr. Bharatkumar Mahadevbhai Bholatar (Barot), Vasudhara Society, Dineshbhai Damodarbhai Thakkar House, Nr. Kacchi Colony Bor, Deesa (Gujarat). | (1). Mr. Ganpatray Karshanji Rao, Village Ramsan, Tahsil Deesa, Dist. Banaskantha (Gujarat). (2) Mr. Kalpeshkumar Vaikuthram Trivedi, Thakur Market, 1st Floor, Account Office, Tahsil Deesa, Dist. Banaskantha (Gujarat). (3) Mr. Mahadevbhai Haribhai Bholatar (Barot), Village Ramsan, Tahsil Deesa, Dist. Banaskantha (Gujarat). | Rs.16,37,489/- as on 29-04-2017 interest thereon w.e.f. 29-04-2017 + expenses & costs, Demand Notice Date:- 10-05-2017 |

| Name of the Owners of Property | Description of Property | Date & Time of Auction | | Date & Time for submission of request letter of participation /KYC Documents /Proof of EMD etc. |
|---|---|---|---|---|
| Mr. Bharatkumar Mahadevbhai Bholatar | Mouje : Bhoyan, Tehsil Deesa, Dist. Banaskantha, R.S. No. -6/1, Residential property Non Agricultural Land Plots No.73, admeasuring about 91.12 Sq. Mtrs., 980.50 Sq. Feet.. | Date:- 27-04-18 Time:- 11:30 A.M. | Reserve Price (Rs.) Rs.9,78,500/- | Date : 27-04-18 Time : 10 :30 A.M. |
| | | | Earnest Money Deposit (EMD) Rs.1,00,000/- | |
| | | | Bid Increment Amount Rs.10,000/- | |

1.Auction is being held on "AS IS WHERE IS" and "AS IS WHAT IS BASIS" The auction will be conducted by the Bank at : Adarsh Co-operative Bank Ltd., Old Vegetable Market, Main Bazar, Deesa Auction bid application form will be available at Old Vegetable Market, Main Bazar, Deesa.
2.To the best of knowledge and information of the Authorised Officer, there is no encumbrance on the property/ies. However, the intending bidders should make their own independent inquiries regarding the encumbrances, title of property/ies put on auction and claims/ rights/ dues/ affecting the property, prior to submitting their bid. The Auction advertisement does not constitute and will not be deemed to constitute any commitment or any representation of the bank. The property is being sold with all the existing and future encumbrances whether known or unknown to the bank. The Authorised Officer/ Secured Creditor shall not be responsible in any way for any third party claims/ rights/ dues.

The sale shall be subject to rules/conditions prescribed under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 and Rules Under the Act.

The purchaser on acceptance of the final bid shall immediately pay a deposit of twenty-five per cent of the amount of the sale price, to the authorized officer conducting the sale and in default of such deposit the property shall forthwith be sold again.

Date :
Place : Deesa

Authorized Officer
Adarsh Co-op. Bank Ltd.

CMYK

# તંત્રી સ્થાનેથી ...

**આળસ એ ઈશ્વરે આપેલા હાથ-પગનું અપમાન છે.**

## વિકાસ કામો માટે નાણાંની વધુ જોગવાઈ હોવી જરૂરી

ગુજરાત સરકારનું વર્ષ માટેનું કુલ બજેટ રૂા.૧.૮૩.૬૬૬ કરોડ જાહેર કરાયું છે. તેમાંથી ૪૩.૬૩ ટકા અર્થાત ૮૦.૧૩૨ કરોડ રૂપિયા તો માત્ર સરકારી કર્મચારીઓના પગાર પેન્શન, દેવાનું વ્યાજ અને અગાઉના દેવાની પરત ચૂકવણીમાં ચૂકવાશે.

વર્તમાન સંજોગોમાં રાજ્ય સરકારના વિવિધ ખાતાઓના કર્મચારીઓ. સરકાર સંલગ્ન સંસ્થાઓના કર્મચારીઓની કુલ સંખ્યા ૪.૬૨.૯૪૫ જેટલી છે, તે તમામને આ વર્ષે કુલ ૨૯.૭૫૧ કરોડ પગાર પેટે ચૂકવાશે, એજ રીતે નિવૃત થયેલા કર્મચારીઓને પેન્શન પેટે કુલ ૧૪,૭૬૮ કરોડ ચૂકવાશે. જ્યારે રાજ્ય સરકાર દ્વારા જે દેવું કરાય છે તેના વ્યાજપેરે આ વર્ષે રૂા.૧૦,૧૭૯ કરોડ તથા અગાઉ કરાયેલા દેવામાંથી મુદત પુરી થયેલી પરત કરવાપાત્ર દેવા પેટે ૧૫.૪૩૪ કરોડ મળીને કુલ ૮૦.૧૩૨ કરોડની ચૂકવણી કરવી પડશે. જે રાજ્ય સરકારના કુલ ૧.૮૩.૬૬૬ કરોડના બજેટના ૪૩.૬૩ ટકા જેટલા થાય છે.

ત્યારે વિકાસ કામો માટે રૂા.૧.૦૨ કરોડનો ખર્ચ થવાની ધારણ છે. શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસ કામો માટે જેટલા નાણાં સરકાર દ્વારા આપવામાં આવે છે તેમાંથી કેટલા ટકા વિકાસ થતો હશે. વિકાસના કેટલાક કામો માત્ર કાગળો પર જોતરાતા હશે તેમાં પણ અમુક સરકારી બાબુઓ ગેરરીતિ આચરતા હશે. મતલબ વિકાસ થાય છે તે સરકાર પણ ક્યા વિસ્તારમાં વિકાસ માટે કેટલા નાણાં ઉપલબ્ધ કરાયા તે નક્કી હોતું નથી. કહેવાય છે કે રાજ્ય સરકાર આ બાબતે બિન-વિકાસલક્ષી કરતાં ૪૧.૫૫૩ કરોડ વિકાસલક્ષી ખર્ચ કરશે. જો કે રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષોથી પેન્શનરોની સંખ્યામાં સતત વધારો નોંધાઈ રહ્યો છે જેમાં રાજ્ય સરકારના ૩.૨૪.૦૦૦ પંચાયતો અને પ્રાથમિક શિક્ષકો મળીને કુલ ૪.૩૪.૫૬૧ પેન્શનરોને લાભ મળશે. જેના કારણે આ વર્ષે રાજ્ય સરકાર ઉપર વધારાનો રૂા.૧૩.૫૫૦ કરોડનો બોજો પડશે. તેવું નાણામંત્રી નીતિન પટેલનું માનવું છે.

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે જે વાર્ષિક બજેટ જાહેર કરાય છે. તેમાં તેના ૨૬ જેટલા વિભાગોના બજેટનો પણ સમાવેશ થાય છે. એટલે કે આવા દરેક વિભાગની ચાલુ કે નવી વિવિધ માટે બજેટની રકમ ખર્ચાતી હોય છે. પરંતુ અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે સરકાર દ્વારા જે બજેટ રજુ કરાયું છે તેમાંથી ૪૩.૫૩ ટકા જેટલી રકમ એટલે કે ૮૦,૧૩૧ કરોડ ૯૪ રૂપિયા માત્ર કર્મચારીઓના પગાર જ વપરાવાના છે.

બજેટ ચર્ચા દરમ્યાન ખેડૂતોના દેવા માફીની કરાયેલી માંગણી સંદર્ભે નાણામંત્રી નીતિન પટેલે એવી પ્રતિક્રિયા આપી હતી કે, રાજ્યમાં ખેડૂતોને શૂન્ય વ્યાજના દરે ખેતી માટેની લોન ઉપલબ્ધ કરાય છે, એટલે ગુજરાત સરકાર દેવા માફ કરવાના બદલે તેમની આવકમાં વધારો થાય અને લીધેલી લોનની રકમ ભરપાઈ કરે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં મોટા ભાગના ખેડૂતો ૨૦૦૦ કરોડ કરતાં વધુ રકમની સરકારી બેંકોમાંથી લોન લે છે જે ભરપાઈ કરવાની જવાબદાર તેમની જ હોય છે.

હાલમાં રાજ્યના કેટલા વિસ્તારોમાં નવી વિકાસની યોજનાઓ શરૂ થનાર છે અને તેના માટે કેટલા ટકા રકમ ફાળવવામાં આવી છે જે બાબતે રાજ્ય સરકારે જે વિકાસ કામો માટેનું આયોજન વિચાર્યું છે તેની કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે જરૂરી છે. વિકાસ કામો માટે વધુ નાણાંની ફાળવણી થવી જોઈએ.

## પરીક્ષા વિશેષ

ગુજરાતમાં પરીક્ષાનો માહોલ પુરબહારમાં છે ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓએ એક મજાના પુસ્તક પર નજર કરવા જેવી છે. પુસ્તકનું નામ છે. સફળતાની સાધના' અને પુસ્તકના લેખક છે. પ્રદીપ ત્રિવેદી. આ પુસ્તકમાં વિદ્યાર્થીઓને પરિક્ષા અને કરિયર લક્ષી માર્ગદર્શન આપ્યું છે. પરિક્ષાની તૈયારીઓ કે વાંચનનું સમયપત્રક કઈ રીતે તૈયાર કરવું કે પરીક્ષાના હાઉ વચ્ચે તાણવગર રહેવા માટે ક્યા પ્રકારની કસરતો કરવી એ વિશેની રસપ્રદ છણાવટો કરવામાં આવી છે. તૈયારીઓના તબક્કા પછી પરીક્ષાખંડમાં વિદ્યાર્થીઓએ કઈ રીતે વર્તવું અથવા પરીક્ષાખંડમાં પ્રવેશતી વખતે થતાં ટેન્શન અને પેપર હાથમાં આવતા વિદ્યાર્થીને થતી ચિંતાઓ બાબતે પણ કાઉન્સેલિંગ કરાયું છે. અને પછી કઈ કળાથી પેપર લખવું. એ વિશે મજાની જાણકારી અપાઈ છે.

પુસ્તકમાંથી પસાર થતા વિદ્યાર્થીઓને પરિક્ષાની તૈયારી કરવા બાબતે તો માર્ગદર્શન મળશે જ સાથે વિદ્યાર્થીને ઘરપત અને હિંમત પણ મળશે. આ પુસ્તક વિદ્યાર્થીને એની જ અંદર ધરબાયેલી તાકાતનો ઉપયોગ કરીને પરિક્ષા પાર કરતા શીખવે છે. જો સામી પરિક્ષાને વિદ્યાર્થીઓ પસે પુસ્તક વાંચવાનો સમય નહીં હોય તો વાલીઓએ કે શિક્ષકોએ આ પુસ્તક પર નજર કરી જવી અને વિદ્યાર્થીઓના ફ્રી ટાઈમમાં તેમની સાથે ચર્ચા કરી જવી અને તેમને માર્ગદર્શન આપવું. આફટરઓલ આપણે સૌએ એ બાબતનું ધ્યાન રાખવાનું છે કેપરિક્ષાઓ કે રિઝલ્ટ્સ એ કંઈ સર્વસ્વ નથી. પરિક્ષાઓથી જો આપણાં બાળકો ગભરાતાં હશે કે જો તેઓ દબાણ અનુભવીને પોતાનો આત્મ વિશ્વાસ ગુમાવતા હશે તો એ આપણાા સૌનો સામુહિક ગુનો જ ગણી શકાય છે

**ભૂરાભાઈ સૈયદ-પાટણ**

## રઘુવંશીની દીકરી

એક સુખી અને સંસ્કારી કુટુંબની દિકરીનાં લગ્ન સમાજમાં, અગ્રણી ગણાતા અને સુખી કુટુંબમાં થયાં. દીકરી, સાસરે આવી. સાસુ સસરાની સારી સેવા કરે અને પતિદેવની આજ્ઞાનું પાલન કરે. છાત્રાલયમાં સંસ્કારનું સિંચન થયેલ આ દીકરી સમગ્ર પરિવારમાં માનીતી થઈ ગઈ.

સમય જતાં ક્યાં વાર લાગે છે.! લગ્નને બે ત્રણ વર્ષ થઈ ગયાં. એક વખત તેના કાને, અવાજ આવ્યો જાણે મોટો, ધરતીકંપ ! તારા પતિને ,પીવાની ટેવ છે. દીકરીને ખૂબ જ આઘાત લાગ્યો. શું કરૂ માતા-પિતાને ફોન કરૂ, મનમાં થયું ના ના આપઘાત કરૂ પણ જવાબ આવ્યો 'ના' આ તો છાત્રાલયના સંસ્કારોથી સિંચાયેલ દીકરી એટલે એને પેલા છાત્રાલયના દિવસો યાદ આવ્યા, શ્રીમદ્ ભાગવત ગીતાજીનું વર્ણન તેમજ રામાયણની ચોપાઈ યાદ કરી. મનમાં ઉદ્‌ભવેલ ખોટા વિચારોને જાકારો આપી હિંમત કરી, હિંમતે મયર્દા તો મદદે ખુદા. મહા મહેનતે એક નિશ્ચર્ય કર્યો. એક દિવસ એક સમયે તેના પતિદેવ સાથે હળવી પળોમાં, વાત કરી તમારે પીવાાની ટેવ છે. એ હું જાણું છું. વાંધો નહીં પણ બહાર જાહેરમાં પીવો છો તેનાથી તમારા કુટુંબની અને મારા માતા-પિતાની ઈમેજમાં ખામી આવે છે. આવડા મોટા સંસ્કારી કુટુંબના છોકરા જાહેરમાં દારૂપીવે એ બરાબર ના કહેવા. તેના બદલે આજથી, એક મોટી બોટલ ઘેર લાવો, તમારા સમયે, તમને પ્યાલો ભરી આપીશ. આપ, આ બહાર પીવાની આદત છોડી દો. આટલું હું વચન માગું છું. આટલી બોલી દીકરી રડી પડી. બસ, બસ, તારા બંને વચનોમાંથી, પેલું વચન, હું આજથી પીવાનું બંધ કરૂ છું તેથી બીજા વચનના પાલનની જરૂર નથી અને તેના બદલે આજે તું મારી ધર્મપત્ની તો ખરી પણ સાથે સાથે હું તને મારા એક ગુરૂ તરીકે પણ માનીશ. આટલું બોલી પતિ સાથે માતા પિતાના આશીર્વાદ લેવા નીકળ્યા હતા. એક રઘુવંશી કન્યા છાત્રાલયની બાળા અને તેની કેળવણી.

**ગંગારામ કોટક - રાધનપુર**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# આદ્ય શંકરાચાર્યનું કૃષ્ણાષ્ટક, માતૃસ્તુતિ કાવ્ય અને મનીષ પંચક સ્તોત્રની રચના : ગુરૂના આદેશથી દિગ્વિજય યાત્રા

**ગતાંકથી ચાલુ..**

કૃષ્ણાષ્ટકની રચના અને ગાન કર્યા પછી શંકરાચાર્યને ખાતરી થઈ કે વેદાંતના જ્ઞાનને ભક્તિનો સાથ મળશે તો જ એ જ્ઞાન લોકોના અંતઃ કરણ સુધી પહોંચશે. કૃષ્ણાષ્ટક સાંભળીને આર્યમ્બાને અતિશય આનંદ થયો. એના અંતરની આખરી ઈચ્છા સંતોષાઈ એને પરમ શાંતિ મળી એ પરમ શાંતિનો અનુભવ કરવા શંકરની હાજરીમાં જ ચિર શાંતિમાં પોઢી ગયા. માતાનુ અવસાન થયું. સંન્યાસીને અગ્નિનો સ્પર્શ કરવાની છૂટ નથી, પરંતુ માતાને આપેલા વચનના પાલન ખાતર શંકરાચાર્યે માતાનો અગ્નિસંસ્કાર કરવાનો નિર્ણય લીધો. રૂઢિચુસ્તોને ભારે આંચકો લાગ્યો. સમાજે આ નિર્ણયનો ભારે વિરોધ કર્યો અને કોઈ અંતિમવિધિમાં ગયું નહિ. શંકરાચાર્યે એકલા હાથે ઘરના આંગણામાં જ ચિતા તૈયાર કરી. માતાના શબને ચિતા ઉપર સુવાડયું અને વિધિવત અગ્નિસંસ્કાર કર્યા. આ પ્રસંગે શંકરે માતૃપ્રેમનું વર્ણન કરતું 'માતૃ સ્તુતિ' નામનું કાવ્ય રચ્યું.

માતાને આપેલા વચનનું પાલન કર્યું. પોતાના કર્તવ્યનું પાલન કરીને સંતોષ માન્યો. સદાનંદ નામની એક વ્યક્તિએ શંકરાચાર્યને ગુરૂ ગોવિંદપાદની ગંભીર માંદગીના સમાચાર આપ્યા. કાલટીથી નીકળી અમરકાન્ત પહોંચ્યા. શંકરાચાર્ય અમરકાન્ત પહોંચ્યા ત્યારે ગોવિંદપાદ બેભાન અવસ્થામાં હતા, પણ શંકરનો અવાજ કાને અથડાતાં એમણે આંખ ખોલી શંકરને જોતા જ એમનામાં ચેતનાનું મોજુ ફરી વળ્યું. એકદમ સ્વસ્થ હોય તેમ તેઓ ઉભા થયા. શંકરને ભેટી પડયા અને શંકરને દિગ્વિજય યાત્રા કરવાનો આદેશ અને આર્શીવાદ આપ્યા. ગોવિંદ બ્રહ્મલીન થયા અને શંકરાચાર્ય સહુના ગુરુ બન્યા. ગુરુના આદેશ અનુસાર હવે જ શંકરાચાર્યે દિગ્વિજયયાત્રા શરૂ કરવાની હતી. હિંદુ ધર્મનું તત્વજ્ઞાન ઉપનિષદો, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ ભગવદગીતામાં ભારોભાર પડેલું છે. ઉપનિષદોની રચના કોઈ વ્યક્તિ - પુરુષે નથી કરી. આકાશવાણી સાંભળીને એને ઋષિમુનિએ કંઠસ્થ કર્યા પછી શબ્દબદ્ધ કરી છે. આ સાંભળેલી વાતો હોવાથી એને શ્રુતિ પણ કહેવામાં આવે છે.

બ્રહ્મસૂત્રની રચના વૈદવ્યાસે કરી, જ્યારે શ્રીમદ્ ભગવદ્ગીતાએ ભગવાન શ્રીકૃષ્ણની શ્રીમુખની વાણી છે. આ ત્રણે ગ્રંથો ઉપર શંકરાચાર્યે ભાષ્યો લખ્યાં. ગુરુના આદેશને માથે ચઢાવી શંકરાચાર્યે દિગ્વિજયયાત્રાનું વિચાર્યું, પરંતુ એમને થયું કે યાત્રા શરૂ કરતા પહેલા આ કાર્યમાં સહકાર આપે એવા યોગ્ય સાથીદારો પહેલા તૈયાર કરવા જોઈએ. સમાજ જેને પૂજય અને મહાન માનતો હોય એવી વ્યક્તિનો સહકાર મળે તો દિગ્વિજયનું કામ અતિ સરળ થઈ પડે.

આવા સાથીદારો મેળવવા માટે કાશી એ શ્રેષ્ઠ સ્થળ હતું. ભગવદ્ ગોવિંદપાદના શિષ્યોને સાથે રાખી શંકરાચાર્યે કાશીમાં પડાવ નાખ્યો. શંકરાચાર્ય રાષ્ટ્રને સમર્થ અને સુર્દઢ બનાવવાની નાડ પારખી ગયા હતા. સાંસ્કૃતિક અને વૈચારિક એકતા દ્વારા જ રાષ્ટ્રીય એકતા આણી શકાય. શંકરાચાર્યે કાશીમાં રહીને ઘણા સમર્પિત શિષ્યો તૈયાર કર્યા. હવે દિગ્વિજયયાત્રા માટે થોડા દિવસ પછી કાશી છોડવાનું શંકરાચાર્યે મનોમન નક્કી કર્યું. એક દિવસ શંકરાચાર્ય શિષ્યો સાથે ગંગાસ્નાન માટે જતા હતા. તે શિષ્યો સાથે સાંકડી ગલીમાંથી પસાર થતા હતા. સામેથી એક ચાંડાલ આવતો હતો. રસ્તો સાંકડો હોવાથી શિષ્યોને ભય પેઠો કે શંકરાચાર્યને ચાંડાલનો સ્પર્શ થશે. આવું થતું અટકાવવા એમણે ચાંડાલને કહ્યું: 'દૂર હટી જાવ.' શંકરાચાર્યને શિષ્યોનું વલણ અને વર્તન ગમ્યું નહિ, પણ શું થાય...?

ચાંડાલ ખસ્યો નહિ.એ તો શંકરાચાર્યની સામે આવી ગયો અને મોટે મોટેથી કહેવા લાગ્યો કેઃ 'વાતો તો સર્વ આત્માના ઐકય અને અદ્વૈતની કરો છો અને વ્યવહારમાં ભેદભાવ રાખો છો..? આવો દંભ એક સંન્યાસીને શોભતો નથી. 'દૂર હટી જાવ' એમ કોને કહો છો ? આ શરીરને ઉદેશીને કહ્યું હોય તો આ શરીર નશ્વર છે. મારા અને તમારા શરીરમાં શો ફેર છે? બંનેના શરીરની રચના સરખી જ છે. તમારી માફક મારે પણ બે હાથ, બે પગ, મોં, માથું અને આંખ તથા નાક છે. વળી, આ શરીર તો માયા છે. જો શરીર એ સત્ય ના હોય તો એ અડે તોયે શું અને ન અડે તોય શું ? માયાની ભૂલભૂલામણીમાં પડીને તમે ભેદભાવ ઉભો કરો છો એ શું તમને શોભે છે? જો તમે આત્માને દૂર હટવાનું કહેતા હો તો આત્મા તો બધામાં એક જ છે. તમારો અને મારો આત્મા જુદો થોડો છે ? વળી, આત્મા તો સાક્ષી છે, નિર્લેપ છે અને અસંગી છે. એને કોઈનો સંગ સ્પર્શતો જ નથી. વળી, આવો આત્મા શું સ્પર્શ માત્રથી અપવિત્ર

**સંવેદના**
**પ્રવીણ એમ. નાઈ**

થઈ જાય ખરો...?

ચાંડાલના વેશમાં પધારેલા શંકરાચાર્ય કાશી વિશ્વનાથના દર્શન કરી રહ્યા! એમણે પ્રણામ કર્યા અને સ્તુતિ કરતું 'મનીષપંચ' નામનું સ્તોત્ર રચ્યું. ચાંડાલને પોતાનો ગુરુ માની શંકરાચાર્યે પ્રણામ કર્યા. હવે શંકરાચાર્યે કાશી છોડવાની અને દિગ્વિજયયાત્રાની જાહેરાત કરી. દિગ્વિજયયાત્રાની ઘોષણા કર્ણોપકર્ણ બધે ફેલાઈ ગઈ. શંકરાચાર્યના બધા સહયોગીઓ ભેગા થઈ ગયા લોકો સમક્ષ શંકરે એક નાનું ભાષણ કર્યું. પાછલાં એક હજાર વર્ષોમાં હિન્દુ ધર્મની બગડતી જતી સ્થિતિનો શંકરે ચિતાર આપ્યો. સંસ્કૃતિનો અને ધર્મનો નાશ કરવા માટે અનેક પરિબળો કામ કરી રહ્યાં છે. પરંતુ સનાતન ધર્મનો ક્યારેય નાશ થયો નથી અને થવાનો પણ નથી. આ ઘોષણાને લોકોએ ભારે હર્ષનાદથી વધાવી લીધી. શંકરાચાર્યે વિજયધ્વનિ સૂચવતો શંખ ફુંક્યો. વાતાવરણમાં ચારેબાજુ શંખધ્વનિ ગૂંજી ઊઠયો. કર્મહીનો, નાસ્તિકવાદીઓ અને વિરોધીઓના દિલ ફફડી ઊઠયાં. કાયરતા, ભેદભાવ અને ભયની લાગણી મૂઠી વાળીને ભાગી ગયાં. સહયોગીઓ અને ધર્મના પ્રેમીઓનો ઉત્સાહ અનેકગણો વધી ગયો.

શંકરાચાર્યની દિગ્વિજયયાત્રામાં કાશીરામ રતનસિંહ પણ જોડાયા. ધર્મસત્તાની મદદમાં રાજયસત્તા આવી પહોંચી. રાજપુરૂષે પોતાનું મસ્તક ધર્મપુરૂષના ચરણમાં ઝુકાવ્યું હતું. આ હતી હિન્દુ સંસ્કૃતિની વિશેષતા. ન્યાય અને સત્યની સાથે સાથે શક્તિ હોય એ પણ જરૂરી છે. સત્ય વગરની શક્તિ આંધળી છે. અને શક્તિ વિનાનું સત્ય પાંગળું છે. ભારતની ભૂમિ એ તો ક્ષમા અને સહિષ્ણુતાની ભૂમિ છે. શંકરાચાર્યને રાજયના ઐશ્વર્યનો જરાય મોહ નથી કે કોઈનો ડર પણ નથી, પરંતુ જનતાને ધર્મપ-થે આકર્ષિત કરવાના આશયથી રાજાની મદદથી ઠાઠમાઠ સાથે દિગ્વિજયયાત્રા શરૂ કરી.

તરૂણ તપસ્વીઓનો મોટો સંઘ રાજાની સેના સાથે કાશીથી નીકળી ગંગાના કિનારે કિનારે ઉત્તર તરફ આગળ વધતો જતો હતો. રસ્તામાં ઠેરઠેર લોકો શંકરાચાર્યના ઉપદેશનું અમૃતપાન કરતા હતા અને ધર્મ, સંસ્કૃતિ પ્રત્યે આસ્થા દર્શાવ્યે જતા હતા. શંકરના ભક્તો શૈવો શંકરાચાર્યને સાક્ષાત શિવનો અવતાર માનતા, પણ વિષ્ણુના ભક્તો વૈષ્ણવોને એમનામાં ભગવાન વિષ્ણુની છટાના દર્શન થતા. શંકરાચાર્યે જોયું કે શિવપંથી, વિષ્ણુપંથી, શક્તિના ઉપાસકો એમ વિવિધ દેવના વિવિધ ઉપાસકોમાં વૈચારિક મનમેળ ન હતો. જુદા જુદા દેવો એ એક જ પરબ્રહ્મના સ્વરૂપો છે એ સત્ય એમને સમજાયું ન હતું. મતભેદમાંથી મનભેદ જન્મી ચૂક્યો હતો.એ સ્થિતિમાં દરેક પંથ વ્યક્તિગત રીતે સમૃદ્ધ હતો. પણ સામૂહિક રીતે રાષ્ટ્રનો વિકાસ કરવામાં નબળા હતા. સમૂહમાં બધા સંપથી ભેગા થાય. એકબીજાની લાગણીનો સ્વીકાર કરે, કદર કરે એવા ઊંચા ખ્યાલથી શંકરાચાર્યે સમાજ સમક્ષ પંચાયતન દેવની ઉપાસના મુકી. પંચાયતન દેવ એટલે પાંચ ઉપાસ્ય દેવોની મૂર્તિનો સમૂહ.પાંચ દેવની ઉપાસનામાં શ્રી ગણેશ, શ્રી વિષ્ણુ, શ્રી શિવ, શ્રી સૂર્ય અને શ્રી શક્તિનો સમાવેશ કર્યો. જે વ્યક્તિને જે ભગવાનમાં શ્રધ્ધા હોય તે ભગવાનને કેન્દ્રમાં રાખી અન્ય દેવને આજુબાજુ રાખી ઉપાસના કરવાની પધ્ધતિ સમજાવી. પોતાના ઈષ્ટદેવને મધ્યમાં રાખી અન્ય દેવો પ્રત્યે પણ શ્રધ્ધા અને ભક્તિ કેળવવાથી રાષ્ટ્રમાં એકતા સ્થાપી શકાશે અને રાષ્ટ્રને મજબૂત બનાવી શકાશે. (આગળના અંકમાં જોઈશું કે, શંકરાચાર્યનો જ્ઞાનમાર્ગ અને મંડનમિશ્રનો કર્મમાર્ગ વિશે શાસ્ત્રાર્થ શંકરાચાર્યન પરકાયા પ્રવેશ)

ક્રમશ :

**પ્રવીણ એમ.નાઈ રતનગઢ (તા.કાંકરેજ)**

## બ્લૂમબર્ગ્ ક્વિન્ટની અગ્રણી વૉટસએપ સર્વિસમાં૧૦૦ ટકા પ્રીમિયમ સબસ્ક્રાઇબરોથયા છે જેમાં એક્ઝિક્યુટિવ્સ અને ઉદ્યોગ-સાહસિકનો સમાવેશ થાય છે

બ્લૂમબર્ગ . ક્વિન્ટ,ભારતના અગ્રણી વ્યવસાય અને ફાઇનાન્સિયલ ન્યૂઝ કંપની, લોન્ચ કર્યાના કેટલાક અઠવાડિયામાં તેના વૉટ્સએપ ન્યૂઝ સર્વિસ માટે ૧૦૦,૦૦૦ થી વધુ ઓર્ગેનિક સબ્સ્ક્રાઈબરો મેળવ્યા છે. જેમ કે યાદ કરી શકાય, બ્લૂમબર્ગ્ ક્વિન્ટે ૨૦૧૭ ના અંત સુધીમાં દેશની બિઝનેસ સ્પેસમાં તેની આ પ્રકારની પ્રથમ જાહેરાતની જાહેરાત કરી હતી. આ સેવા વપરાશકર્તાઓને વૈશ્વિક અને સ્થાનિક બિઝનેસ ન્યૂઝ, માર્કેટ હલનચલન અને વલણોના વ્યાપક દૈનિક કવરેજ સાથે જોડે છે. રસપ્રદ રીતે, વપરાશકર્તાઓ પણ વાસ્તવિક સમયના શેરની કિંમતોની તપાસ કરી શકે છે અને સમાચાર વર્ગોમાં ટ્રેન્ડિંગ માટે હેશટેગ આધારિત શોધનો ઉપયોગ કરી શકે છે. આ સીમાચિહ્ન બ્લૂમબર્ગ્ ક્વિન્ટને, બિઝનેસ જગ્યામાં પ્રથમ ખેલાડી ચૅટ-આધારિત બનાવે છે, મોબાઈલ ન્યુઝ ડિલીવરી મોડેલને પાયે ગોઠવે છે.બ્રાન્ડ તરીકે, બ્લૂમબર્ગ્ ક્વિન્ટ તેની સાઇટ અને ભાગીદાર પ્લેટફોર્મ્સમાં ૩ મિલિયનથી વધુ માસિક વપરાશકારો સુધી પહોંચે છે. બ્લૂમબર્ગ્ ક્વિન્ટ ના ૫૦% કરતા વધુ પ્રેક્ષકોમાં 'સિનિયર' અધિકારીઓ, વ્યાવસાયિકો અને સાહસિકોનો સમાવેશ થાય છે (સ્રોતઃ લિંક્ડઈન ઓડિયન્સ સેંટર ફોર પબ્લિશર્સ). વપરાશકર્તા જોડાણ અને ક્રિયાપ્રતિક્રિયા પર મજબૂત ભારણ સાથે, આ વૉટ્સએપસેવા બ્લૂમબર્ગ્ ક્વિન્ટનો ભાગ 'ઓપ્ટ-ઈન' સેવાઓનો સમૂહ જે ખૂબ વખાણાયેલી મ્ઊ ડેઈલી ન્યૂઝલેટર,'ઓલ યુ નીડ ટુ ક્નો'પૉડકાસ્ટ, સૂચનાઓ અને વધુ માટે એકંદરે, આ સેવાઓ પહેલાથી જ ૨.૫ લાખથી વધારે વપરાશકર્તાઓને જોડે છે.

## સમસ્ત બ્રહ્મ પરિવાર (ટ્રસ્ટ) દ્વારા દ્વિતિય સિંગીંગ કોમ્પીટીશનની ફાઈનલ યોજાઈ



અમદાવાદ

સમસ્ત બ્રહ્મ પરિવાર (ટ્રસ્ટ) અમદાવાદ દ્વારા તા. ૨૪ માર્ચ ૨૦૧૮ના રોજ શહેરમાં આવેલા ઈવેન્ટ સેન્ટર, રિવરફ્રન્ટ ખાતે બ્રહ્મ સમાજની દ્વિતીય સિંગીંગ કોમ્પીટીશનની ફાઈનલ યોજાઈ હતી. આ ફાઈનલ પ્રતિયોગીતામાં કુલ ૨૪ બ્રાહ્મણ સ્પર્ધકો ભાગ લીધો હતો. તમામ સ્પર્ધકોએ શ્રી કુંતલ મહેતાના ઓર્કેસ્ટ્રાની સાથે ફાઈનલ પરર્ફોમન્સ આપી સ્પર્ધામાં વિજયી બનવા એડીચોટીનું જોર લગાવ્યું હતું. દ્વિતીય સિંગીંગ કોમ્પીટીશનમાં ઉંમર વર્ષ ૫ થી ૨૦ની કેટેગરીમાં પ્રથમ ક્રમાંકે ઉપાધ્યાય નિશાંત, દ્વિતિય ક્રમાંકે યશ્વી વ્યાસ અને તૃતિય ક્રમાંકે બલીન વ્યાસ, જ્યારે ઉંમર વર્ષ ૨૧ થી૪૦ની કેટેગરીમાં પ્રથમ ક્રમાંકે ત્રિવેદી મૌલિક, દ્વિતિય ક્રમાંકે શાસ્ત્રી દિપાલી અને તૃતિય ક્રમાંકે રાવલ બંસરી અને ઉંમર વર્ષ ૪૧ થી ઉપરની કેટેગરીમાં પ્રથમ ક્રમાંકે મહારાજા રાજગોપાલ, દ્વિતિય ક્રમાંકે, પુરોહિત હિમાંશુ અને તૃતિય ક્રમાંકે ભટ્ટ કમલેશભાઈને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતાં. દરેક કેટેગરીમાં પ્રથમ વિજેતાને રૂ. ૧૧,૦૦૦ – દ્વિતીયને રૂ. ૭,૦૦૦ તેમજ તૃતિય ક્રમાંકે આવેલાને રૂ. ૫,૦૦૦ રોકડા અને શિલ્ડ એનાયત કરવામાં આવ્યા હતાં. સમસ્ત બ્રહ્મ પરિવાર ટ્રસ્ટ દ્વારા સંગીતક્ષેત્રે છુપાયેલી બ્રહ્મ પ્રતિભાઓને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી સિંગીગ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે શ્રી બંકીમ પાઠક – વોઈસ ઓફ રફી, શ્રી માલાબેન પંકજભાઈ ભટ્ટ – પાર્શ્વગાયીકા અને ગુજરાતી સંગીતકાર, શ્રી શશિનભાઈ ત્રિવેદી – સુપ્રસિદ્ધ ગાયક અને માર્ગદર્શક, શ્રી નયનભાઈ પંચોલી – સુપ્રસિદ્ધ ગાયક અને સ્વરકાર અને શ્રી સમીર – માના, ભારતના સર્વપ્રથમ ફિલ્મ સંગીતકાર દંપતિ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

**હેલો અમદાવાદ!!**

## બોગા દ્વારા અમદાવાદમાં નવા સ્ટોરનો પ્રારંભ



બોગાના જાદુ માટે તૈયાર રહો... સ્ટાઈલીશ બનવા માટે. મુંબઈની આઈકનીક ફેશન એક્સેસરીઝ બ્રાન્ડ દ્વારા તેના પ્રથમ ફ્રેન્ચાઈઝી સ્ટોરનો પ્રારંભ શ્રીમતી હેમા અને શ્રી દીપક અસનાની સાથે મળીને અમદાવાદમાં સેટેલાઈટ ખાતે શરૂ કરવામાં આવ્યો છે. બે માળના અને ૪૫૦ સ્ક્વેર ફૂટ જગ્યામાં વિસ્તરિત આ બોગા સ્ટોર મેસ્મેરાઈઝીંગ ઈન્ટિરિયર્સ અને અદભૂત પ્રોડક્ટ ઓફરિંગ્સ દ્વારા તમને આનંદ આપશે. આ શોરૂમના ઈન્ટિરિયરથી જ બ્રાન્ડની ઓથેન્ટિસિટી અને ક્લાસિક સોફિસ્ટિકેશનનો ખ્યાલ આવે છે. આ શોરૂમના લોન્ચ સાથે બ્રાન્ડ બેગ્સ, ક્લચીસ, સ્લીન્ગ બેગ્સ, સનગ્લાસીસ, સ્કૂટર બેગ્સ, ટ્રાવેલ બેગ્સ, બ્લુટુથ બેગ્સ, એલઈડી અંબ્રેલા અને અન્ય ક્વિર્કી પ્રોડક્ટ્સ પણ રજૂ કરી રહી છે.નવા બોગા શોરૂમમાં આકર્ષક ઈન્ટિરિયર્સ મહદઅંશે પિન્ક અને વ્હાઈટ રંગમાં છે. ફ્લાવર લોગો સ્ટોરની બહાર ફ્રેશ પિન્કનો લ્હાવો આપે છે. તમે શોરૂમમાં પ્રવેશો ત્યારથી જ તમને જે અનુભવ થશે તે અન્યત્ર ક્યાંય નહીં મળ્યો હોય. ટફન્ડ ગ્લાસ ટોપ ડિસ્પ્લે લાર્જ ઓબ્જેક્ટ દ ફેન્સી પિસીસ બહારથી જ તમને ક્વિર્કી ફિલીંગ્સ આપે છે. ફર્નિચર સ્ટોરના ડિસ્પ્લે વિન્ડોથી લઈને તમામ આ સ્પેસમાં અનુરૂપ છે.

# સાડા સાતસો વર્ષની પરંપરા તૂટી..

**સુવર્ણ આભૂષણોનો તુલજા ભવાનીને ચૈત્ર માસમાં પ્રથમવાર જ શણગાર કરાયો વડોદરા જિલ્લાના યાત્રાધામ રણુના તુલજા ભવાની માતાના મંદિર દ્વારા ચાલતી સેવાકાર પ્રવૃત્તિએ 'જય મા' ની ગુંજ સાથે ઉમટતાં માઈ ભક્તો**



ફોરમનો ફાગણ રંગોની બૌછર વરસાથી વિદાય લેતા જ ચૈત્રના તડકા તપવાં લાગ્યા. ચૈત્ર માસ એટલે માતાની ભક્તિનો માસ ચૈત્રી નોરતામાં ભક્તો માતાની આરાધના કરતા હોય છે. આવું જ એક ભક્તિ-આસ્થાનું અનન્ય કેન્દ્ર એટલે તુલજા ભવાની માતાનું મંદિર.. આ મંદિર



**સંવેદનાના ફૂલ – મનીષ જોષી**

વડોદરા નજીક પાદરા તાલુકાના રણુ ગામે આવેલું છે.

મા તુલજા ભવાની એટલે વડોદરાના ગાયકવાડ રાજવી ઘરાના કુળદેવી.. પાદરા વળોટીને લતીપુરા ગામના સીંગલ પટ્ટીનું પાકો સડક પર વૃક્ષોના આચ્છાદિત નવ કિલોમીટર આગળ વધો એટલે રણુગામ આવે.

લગભગ સાડા આઠ સો વર્ષ પહેલા આ જગ્યાએ મહારાષ્ટ્ર રાજ્યથી યોગીરાજ વિશ્વંભરગિરિજી મહારાજ પધારેલા અને ખેતી કરી જીવન નિર્વાહ કરતા રણુ નામની એક જગ્યા એમને પસંદ પડી જતા એ જગ્યાએ સરોવર બનાવવા સંકલ્પ કર્યો હતો..

અને એ મા તુલજા ભવાની પ્રગટ થાય તો સ્થાનક બનાવવા મનોમન નક્કી કર્યું અને યોગીરાજની મૌનવાણી મા એ સાંભળી લીધી.. અને બન્યુ મા તુલજા ભવાનીનું મંદિર આ મંદિરનો કાયાકલ્પ કરવા વર્ષ ૨૦૦૧ મા તાત્કાલીન મહંત રાજેન્દ્રગિરિજી મહારાજે કમર કસી. આ રાજેન્દ્રગિરિ મહારાજે વર્ષો સુધી મૌન સાધના કરી હતી. તેવો માનતા કે 'શબ્દ નૈવ અશબ્દમ્ અવિષ્ઠિ અને' અર્થાત મન પર સ્વામિત્વ પ્રાપ્ત કરી મૌનમાં વિહરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરો એ જ ખરી સાધના.' મહંત દ્વારા મંદિર પ્રાગણમાં નિઃશુલ્ક દવાખાનું બનાવાયું સરોવરને પાકા પાળા બનાવી પણીથી છલોછલ રાખવા કટિબધ્ધ રહ્યા-ગામની શાળામાં નોટબુક, ગણવેશનું નિઃશુલ્ક વિતરણ સહિતની સેવાની અલખ જોગવાઈ હતી.

મહંત શ્રી રાજેન્દ્રગિરિજી મહારાજનું શરીર શાંત થયુ અને આત્મા માના તેજ પુંજમાં વિલિન થઈ ગયા બાદ તેમના પુત્ર શ્રી કવિન્દ્રગિરિજી મહારાજે પિતાજીએ ચાતરેલી કેડીને આગળ વધાવવા કટિબધ્ધતા દાખવી..

પૂ.પિતાશ્રીના સમાધિ સ્થળને મૌન સાધના કેન્દ્ર તરીકે વિકસાવું એટલું જ નહીં ગીર અને

કાંકરેજની ૧૪ ગાયો લાવીને મંદિરના પ્રાંગણમાં ગૌશાળા બનાવી. ૩૭ ગાયોને લાવીને સેવાની અલખ ધખાવવા પ્રતિબંધ છે.

પૂ.રાજેન્દ્રગિરિજી મહારાજ માત્ર ગામની જ શાળામાં પુસ્તક નોટબુક વિતરણ કરતા હતા હવે કવિન્દ્રગિરિજીએ ગામ નજીકના જલાલપુરા ગામે નિઃશુલ્ક હોસ્ટેલનો વ્યાપ વધારીને ધો-૬ થી ૧૦ ના ૫૦ વિદ્યાર્થીઓને રહેવા-જમવા અને ભણવાની નિઃશુલ્ક શૈક્ષણિક સેવાની સુવાસ પ્રસરાવી છે. સાથે આજુબાજુના ગામોના લોકો માટે ફ્રી મેડીકલ સેવા પુરી પાડી રહ્યા છે.તુલજા ભવાની માતાના સૌમ્ય સ્વરૂપને દર આસો નવરાત્રિ દરમ્યાન સોનાના ઘરેણાથી શણગારવામાં આવી રહ્યા છે. આભુષણ નવરાત્રિ સિવાયના સમયમાં સરકારની તિજોરીમાં પાદરા ખાતે સુરક્ષિત રહેતા હોય છે.

જો કે સાડા સતાસો વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત

પૂ.શ્રી કવિન્દ્રગિરિ ગાયકવાડ સરકાર વખતના આ સુવર્ણ આભુષણો ચૈત્ર માસની નવરાત્રિમાં પણ માને શણગારવાનો ચિલો ચાતરતા માઈ ભક્તો ખુશ થઈ બોલી ઉઠે છે 'જય મા ૐ મા..'

મહંતની ઈચ્છા ચારેય નવરાત્રિમાં માને સુવર્ણ આભૂષણોની સજ્જ કરવાની છે. એ માટે સરકાર સાથે લખાણ પણ શરૂ કર્યું છે.

તે સાથે મંદિર નજીક અવિરત જલતા ધૂણા પાસેના સરોવરને પણ છલોછલ અથવા બે ત્રણ કંપની અને નર્મદા નિગમને પણ લખાપટ્ટી કરીને મદિરને પ્રકૃતિદત્ત લાયણ્ય વધારવા સતત પ્રયાસ કરી રહ્યા છે.

દરેક નવરાત્રિની અષ્ટમીએ થતા યજ્ઞમાં આહુતિ આપવા અને દર્શન કરવા સેંકડો ભાવિકો ઉમટી પડતા હોય છે.

આવા પ્રાચીન યાત્રાધામે આપ પણ માથુ ટેકવવા આવો સાથે આપના વિસ્તારમા મંદિર દ્વારા થઈ રહેલી સેવાકીય પ્રવૃત્તિ વિષે મને મેઘવર્ષા-૧૪ સપ્તગિરિ સોસાયટી નં.૩, સાંઈ મંદિર અને બગીચા પાછળ, વિશ્વમિત્રી ક્રોસિંગ, માંજલપુર વડોદરા-૩૯૦૦૧૧ અથવા મો.૯૯૨૫૬ ૨૮૪૯૮ પર જણાવજો હો કે !

**સંવેદનાઃ**

જગતમાં થતી વિવિધ ઉપાસનાઓના હેતુ અવિરત રહસ્ય ખોજ અને શાંતિનો જ છે. તસવીર વડોદરા નજીકના પાદરા તાલુકાના રણુ ગામે આવેલા તુલજા ભવાની માતાના મંદિરમાં દૈદિપ્યમાન માતા અને મંદિર પ્રાંગણમાં આવેલી ગૌશાળાના નિરંજન જોષીની લીધેલી તસવીર નજરે પડે છે.

**મનિષ જોષી,'મૌન' વડોદરા**




# વધુ પડતા સોફ્ટ ડ્રિંક્સ અસ્થમાના ખતરાને વધારે છે : રીસર્ચ

**યુવાઓમાં સોફ્ટ ડ્રિંક્સનો સૌથી વધુ ક્રેઝ**

વધારે પડતા સોફ્ટ ડ્રિંક્સના શોખીન લોકો માટે લાલબત્તિ સમાન અભ્યાસના તારણ સપાટી પર આવ્યાં છે. નવા અભ્યાસમાં જણાવાવમાં આવ્યું છે કે, વધારે પડતાં સોફ્ટ ડ્રિંક્સ અસ્થમાના ખતરાને વધારે છે. આ ઉપરાંત ક્રોનિક અબ્સટ્રક્ટીવ પલમોનરી ડિસીઝ (સીઓપીડી)ને આમંત્રણ આપી શકે છે. યુનિવર્સિટી ઓફ એડીલડના પ્રોફેસર જુમીનસિંહના નેતૃત્વમાં સંશોધકોએ ઘણાં લોકો પર અભ્યાસ કર્યા બાદ આ તારણો આપ્યાં છે. માર્ચ ૨૦૦૮ અને જૂન ૨૦૧૦ વચ્ચેના ગાળામાં દક્ષિણ ઓસ્ટ્રેલિયામાં ૧૬ વર્ષ અને વધુ વયના ૧૬૯૦૭ લોકોના કોમ્પ્યુટરની મદદથી ટેલિફોનિક ઈન્ટરવ્યુ લીધા હતા અને સોફ્ટ ડ્રિંક્સના ઉપયોગ અંગે તેમની પાસેથી માહિતી મેળવી હતી. સોફ્ટ ડ્રિંક્સમાં જે ઘટક તત્વો રહેલા છે તેમાં કોક, લેમોન્ડે, ફ્લેવર્ડ મિનરલ વોટર, પાવર્ડે અને ગેટોર્ડે જેવા ઘટકતત્વો રહેલા છે. પરિણામોમાં જાણવા મળ્યું છે કે, દક્ષિણ ઓસ્ટ્રેલિયામાં ૧૦ પુખ્ત વયના લોકો પૈકી એક દરરોજ અડધા લીટરથી વધુ સોફ્ટ ડ્રિંક્સ પી જાય છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**



## રાત્રે જલ્દી ભોજન કરવાના ૫ લાભ ,તમે ચોક્કસપણે જાણવા માંગો છો

**આરોગ્ય સંહીતા**

રાતનું ભોજન કેવુ હોવુ જોઈએ એ સ્વાસ્થ્ય માટે જેટલુ જરૂરી છે એટલુ જ ભોજન કયારે લેવુ જોઈએ એ પણ જરૂરી છે.

સામાન્ય રીતે ડૉક્ટર્સનું કહેવુ છે કે રાતના ભોજન અને ઊંઘવાના સમય વચ્ચે ઓછામાં ઓછા ૨ કલાકનો તફાવત સ્વસ્થ જીવન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

જો તમે મોડા ભોજન કરો છો તો જલ્દી ભોજન કરવાના આ ૫ લાભ જાણ્યા પછી તમે પણ જલ્દી ભોજન કરવાનું શરૂ કરશો.

વજન નિયંત્રણ

જો તમે મોડી રાત્રે ભોજન કરશો તો સવારનો નાસ્તો પ્રભાવિત થશે. ઘણા અભ્યાસોમાં માનવામાં આવ્યું છે કે યોગ્ય રીતે બ્રેકફાસ્ટ ન કરવાથી લોકો દિવસભર ઓવર ડાઈટ કરે છે.

રાત્રિનું ભોજન તમારી હેલ્થ ક્લોક વ્યવ્સ્થિત રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જેથી લોકો ઓવરડાઈટ ના કરે અને જાડાપણાથી દૂર રહે.

કબજિયાત સંબંધી સમસ્યાઓનો નિવારણ

જો તમને કબજિયાત સંબંધી સમસ્યાઓ વધુ રહે છે તો તમે રાત્રે વહેલા ભોજન કરવાની ટેવ પાડી લો.

ખરેખર ,જમ્યા પછી તરત સૂઈ જવાથી ભોજનનું પાચન સારી રીતે થઈ શકતુ નથી. જેથી હાર્ટબર્ન જેવી સમસ્યાઓનું જોખમ વધી શકે છે.

સારી ઊંઘ માટે

રાત્રે વહેલા અને તંદુરસ્તીને યોગ્ય ભોજન કરવાથી ઉંઘ ન આવવાની સમસ્યા કેટલાક અંશે ઘટાડી શકાય છે.આ હેલ્થ ક્લોકને વ્યવસ્થિત રાખવામાં મદદગાર છે. જેથી ઉંઘ ન આવવાની સમસ્યા દૂર થાય છે.

રોગોનું નિવારણ

કેટલાક અભ્યાસોમાં માનવામાં આવે છે કે રાત્રે વહેલા ભોજન કરવાથી લોકોને હાર્ટ અટૈક અને સ્ટોક જેવા હૃદય રોગોનું જોખમ ઘટાડે છે .

ઊર્જા કાયમ રાખે

મોડી રાત્રે ભોજન કરવાથી તમે નાસ્તો સારી રીતે નથી કરી શકતા જેથી દિવસભર તમને ઊર્જાનો અભાવ રહે છે . રાત્રે વહેલા ભોજન કરવાથી બીજા દિવસે સવારનો નાસ્તો ભરપૂર લઈ શકાય છે . જેથી ઉર્જા જળવાય રહે છે.

## ફક્ત આ એક ડ્રિંક સાંધના દુ:ખાવાને કરશે છુમંતર

પપૈયાને ગુણોની ખાણ કહેવામાં આવે છે. પપૈયુ ખૂબ જ લાભકારી ફળ છે. મોટાભાગના લોકો પપૈયાને એક ફળની જેમ જ ખાય છે. પણ આ માટે સ્વાસ્થ માટે પણ ખૂબ લાભ છે. જો તમારા પગની આંગળીઓ, ઘુંટણ અને એડીમાં દુ:ખાવો છે તો લોહીમાં યૂરિક એસિડની માત્રા વધી જાય છે. જ્યારે યૂરિક એસિડ ક્રિસ્ટલના રૂપમાં આપણા હાથ અને પગના સાંધામાં જામી જાય છે તો તેને ગાઉટની બીમારી કહે છે.

જો ગાઉટની સમસ્યાને નજરઅંદાજ કરવામાં આવે તો તેનથી ઉઠવુ બેસવુ મુશ્કેલ થઈ જાય છે. જોકે એક ડ્રિંક છે જે કાચા પપૈયા અને પાણીથી તૈયાર કરવામાં આવે છે. જેને આખો દિવસ પીવાથી ગાઉટના દુ:ખાવામાં આરામ મળી જાય છે. આજે અમે તમને બતાવી છીએ કે કેવી રીતે તૈયાર થાય છે આ ડ્રિંક.

ડ્રિંક બનાવવાની વિધિ - સૌ પહેલા ૨ લીટર સ્વચ્છ પાણી લઈને ઉકાળી લો. હવે એક મધ્યમ સાઈઝના કાચા પપૈયાને લઈને તેને સારી રીતે ધોઈ લો. - પપૈયાની અંદરના બીજ કાઢી લો અને પપૈયાના નાના-નાના ટુકડા કરી લો. આ પપૈયાના ટુકડાને ઉકાળીને પાણીમાં નાખી ૫ મિનિટ સુધી ઉકાળો. પછી તેમા ૨ ચમચી ગ્રીન ટી ના પાન નાખો અને થોડો વધુ સમય સુધી ઉકાળો.

- હવે પાણીને ગાળીને ઠંડુ કરી લો અને દિવસ દરમિયાન તેને પીતા રહો

## આ રીતે પિસ્તા ખાવ અને હાઈ બ્લડ પ્રેશર પર રાખો કંટ્રોલ

હાઈ બ્લડ પ્રેશર મતલબ હાઈ બીપીની સમસ્યા હવે દર પમાંથી ૩ લોકોમાં જોવા મળી રહે છે. ૪૫

વર્ષથી વધુ વયના લોકો તેની ચપેટમાં આવી રહ્યા છે. આ સમસ્યાનુ મુખ્ય કારણ ટૅંશન, ખોટુ ખાનપાન, જાડાપણું પૂર્ણ ઊંઘ ન લેવી, કસરતની કમી, હાઈ કોલેસ્ટ્રોલ વગેરે છે. બ્લડ પ્રેશર હાઈ થતા માથાનો દુખાવો, થાક, હૃદય રોગ અને કિડની પર પણ ખૂબ પ્રભાવ પડી શકે છે. તેથી તેનો તરત ઈલાજ કરવાની ખૂબ જરૂરી છે. આજે અમે તમારા એવા ઘરેલુ નુસ્ખા બતાવવા જઈ રહ્યા છે. જેનો ઉપયોગ કરીને તમે હાઈ બ્લડ પ્રેશરને કંટ્રોલ કરી શકે છે.

સામગ્રી - ડ્રાઈ પિસ્તા - ૩-૪ પાણી - ૧ ગ્લાસ

એક ગ્લાસ પાણીમાં પિસ્તા નાખીને આખી રાત પલાળીને મુકી દો અને સવારે નાસ્તો કર્યા પછી આ પાણીને પી લો અને પિસ્તા ખાવ.

હાઈ બીપીથી સંપૂર્ણ રીતે રાહત મેળવવા માટે તમે આ નુસ્ખો લગભગ ત્રણ મહિના સુધી કરો.

સારા પરિણામ માટે આ નુસ્ખાને કરવા સાથે સાથે તમે તમારા ખાન-પાનમાં ફેરફાર લાવો. વધુ તળેલી વસ્તુઓ ન ખાવ અને રોજ કસરત કરો. જે લોકોનુ વજન વધુ છે તે વધુ ફેટવાળી વસ્તુઓનુ સેવન ન કરે. આ સાથે રોગીએ પોતાની મેડિસિન પણ ચાલુ રાખવી જોઈએ અને જ્યારે હાઈ બીપી ઓછો થવા માંડે તો ધીરે ધીરે દવાઓ ઘટાવી લેવી જોઈએ.

## “સાંધાનો દુ:ખાવો” મટી શકે છે

**આયુર્વેદનું અમૃત** — વૈદ્ય મહેશ અખાણી

આ માન્યતા ખોટી છે કે સાંધાનો દુ:ખાવો કાયમી મટતો નથી. એ ચોક્કસ છે કે વૃદ્ધાવસ્થામાં સહજ રીતે વાયુનો પ્રકોપ થાય તેથી ઘડપણ માં “વા “ ના રોગો મટાડવા મુશ્કેલ છે. તથા આજની ખાણી- પીણી ને રહેણી-કરણી એવી છે કે, બાલ્યાવસ્થા, કિશોરાવસ્થાથી જ આમદોષ, સ્થૂળતા, હાઈ કોલેસ્ટેરોલને હૃદયરોગો, મધુમેહ જ્યાં જોવા મળે છે ત્યાં સાંધાનો દુ:ખાવો ઝડપથી મટાડવો મુશ્કેલ બને છે.

હાડકામાં ને સાંધામાં વાયુનું સ્થાન છે, વાયુ આખા શરીરમાં ફરતો રહેલો છે, અને ફરવું તે વાયુનું કર્મ છે. “વા ગતિ ગંધનયોઃ વાયુઃ” પરંતુ જયારે વાયુની ફરવાની ગતિમાં અવરોધ આવે, સાંધાઓમાં આમદોષ, કાચોરસ જમા થઈ જાય ત્યારે વાયુની ફરવાની ગતિ રોકાઈ જાયછે અને સાંધામાં સોજાને દુ:ખાવો થાય છે.“ન વાતેન વિના શૂલમ”. વાયુ વિના દુ:ખાવો થાય નહિ.

આજે જેમ મોટા ભાગના છાતીની બળતરાને એસીડીટીની ફરિયાદ સાથે આવતા દર્દીઓને ખરેખર એસીડીટી નહિ પરંતુ અપચો હોય છે. તેવા દર્દીને આદુ, હરડે, સુંઠ, મરી આપવાથી એસીડીટી મટી જાય છે .. તેવી જ રીતે સાંધાનો દુ:ખાવો એટલે સંધિવાતને “વા” સમજીને થતી સારવાર પણ ખોટી સારવાર બને છે કારણ કે તેવા મોટા ભાગ ના દર્દીને સાંધામાં આમદોષ હોયછે. અને આમદોષથી ત્યાં આમવાત નામનો રોગ થાય છે.

આવા, આમવાતના દર્દીને માલીશ કે દિવસની ઊંઘ, ભરપેટ ભોજન કે આળસથી રોગ વધે છે. તેમને સવારે સાંધામાં દુ:ખાવો વધે છે ને સોજા થાય છે. તાવ, આળસ, અપચો, તરસ વધુ લાગે ને દર્દ વધી જાય ત્યારે બધાજ સાંધામાં વીંછી ડંખ મારે તેવી વેદના પણ થાય છે ત્યારે તેવા દર્દી ને માટે... ઉપવાસ, સુંઠથી ઉકાળેલુ પાણી પીવું અને તે પણ જરૂર લાગે ત્યારે જ. વધુ ને વારંવાર પાણી પીવાથી પાણી પણ પચે નહિ ત્યારે તે પાણીમાંથી પણ આમ થાય છે,, તો પછી ખવાતી વધુ પડતી દવાઓને વિશેષ કરીને દુખાવાની એલોપેથીક દવાઓથી કીડની ખરાબ જ નહિ કીડની ફીલ્યોર થાય જ.

★સુંઠથી ઉકાળેલું પાણી જરૂર લાગે ત્યારે પીવું. ★ સુંઠના ઉકાળામાં દીવેલ પીવું.★લસણ વળી મગની દાળ પીવી. ★ નગોડ, સુંઠને લસણનો ઉકાળો પીવો. ★ સુંઠને હરડે સરખા ભાગે લેવી અને આમનું પાચન કરીને દર્દ દૂર કરે તેવા ઔષધોનો આયુર્વેદનો ખજાનો વૈદ્ય પાસેથી લેવો.

હા કોઈક દર્દીને આમનું પાચન થયેલ હોયને નબળાઈથી કે વધુ કામ કરવાથી સાંધાનો દુ:ખાવો થયેલ હોય તે સંધિવાત છે. જેમાં સાંધામાં અવાજ આવે, દુ:ખાવો સાંજે વિશેષ થાય, નબળાઈને થાક હોય ત્યારે તે રોગ માત્ર વાયુનો છે તેમ સમજવું. તેમાં માલીશ અને શક્તિ આપનારા ઔષધો.. દૂધ, અશ્વગંધા, ગંઠોડા ઉપયોગી છે. સંધિવાતમાં માલીશ શ્રેષ્ઠ છે જયારે આમવાતમાં રેતી, મેથી કે અજમાની પોટલીનો સૂકો શેક ઉત્તમ છે. આમવાતમાં માલીશ કરાય નહિ.

★ **બસ્તી કર્મઃ**- તમામ રોગોમાં વાયુ બળવાન અને વાયુને નાથવામાં બસ્તી બળવાન. તેથી માત્ર બસ્તી એક માત્ર ચિકિત્સા પદ્ધતિ છે કે જેનાથી ના માત્ર સાંધાના બલકે સંપૂર્ણ શરીરના, વાયુના બધા જ રોગો મટે છે. પરંતુ આ બસ્તી એટલે સાદું પાણી કે સાબુનું પાણીનો એનીમાને આયુર્વેદની આ વૈદ્ય દ્વારા અપાતી બસ્તીમાં જમીન-આસમાન જેટલો તફાવત છે.

અમે વૈદ્યો બસ્તીકર્મમાં... ઓછું ખાવાનું મ૩ થી ૫ દિવસ નું દીપન- પાચન કર્મત્રૠ કરાવી, ઔષધ યુક્ત ઘીથી સંપૂર્ણ શરીર સ્નેહિત કરી, માત્ર ઝાડા નહિ પરંતુ શાસ્ત્રીય પદ્ધતિથી વિરેચન કરાવી, પછી ધીરે ધીરે ખોરાક પર જવાનું- સંસર્જન કર્મ કરાવીને બસ્તી કર્મ કરીએ છીએ. ...

પછી બસ્તી કર્મમાં દરેક વખતે સંપૂર્ણ શરીર પર માલીશ કરી, ઔષધની વરાળનો શેક આપી, ભોજન કરાવી ઔષધ યુક્ત તેલ, ઘી, દૂધ કે અન્ય જરૂરી પુષ્ટીદાયક દ્રવ્યોની બસ્તી આપીએ જે ૩ થી ૧૨ કલાક શરીરમાં ટકી રહે. આ અમારી અનુવાસન બસ્તી થઇ.

તેવી જ રીતે માલીશ, શેક બાદ ઔષધ ના ઉકાળામાં કલ્ક દ્રવ્યો, સિંધવ, મધને ઔષધ યુક્ત તેલ કે જરૂરી સ્નિગ્ધ દ્રવ્યો ઉમેરીને બસ્તી આપીએ જે લીધા બાદ તરતજ સંડાશ જવું પડે ત્યારબાદ તરત ભોજન કરવું. આ અમારી નીરૂહ બસ્તી આવી બસ્તીનો વિધિવત પંચકર્મ વૈદ્ય પાસે કોર્સ કરવાથી “વા”ના રોગો મટે જ, મટે.માટે જ બસ્તીને “અર્ધી ચિકિત્સા” કહી છે.. ....

**વૈદ્ય મહેશ અખાણી**
**વૈદ્ય પરાશર મ. કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર)**
**મો.૯૪૨૬૩૯૯૧૨૫**

## અવયવ દાન એ જ મહાદાન

**સાઈકોથેરાપીસ્ટ**

આ વર્ષે આપણે અવયવ દાન માટે જાગૃત થઈએ. આપણી આસપાસના લોકો, સ્વજનો તથા મિત્રોને અવયવ દાન માટે જાણકાર કરીએ. અવયવ દાનની શકયતા જણાય તો પોઝિટિવ એપ્રોચથી તેને શક્ય બનાવીએ. અવયવોનો જરૂર સ્વર્ગ કરતાં ધરતી પર વધારે છે એકવીસમી સદી આવી અને છતાં ગામડું તો ત્યાંનું ત્યાં છે. દાનનો મહિમા અનેરો છે. દાન જરૂરિયાતમંદ વ્યક્તિને અપાતી ઈશ્વરીય મદદ છે. દાન આપવું નસીબવાળાના લલાટે લખાયેલું છે. દાની સમાજમાં ઉચ્ચ સ્થાન ભોગવે છે. આજે આપણે આવા જ એક દાનની વાત કરવાના છે અને તે છે અવયવ દાન (ઓર્ગેન ડોનેશન). ઈશ્વરે માનવ શરીર અવયવોથી ઘડ્યું છે. માનવીનું સ્વાસ્થ્ય રાત-દિવસ કામ કરતાં અવયવોને આભારી છે. અવયવોની બીમારી ઘાતક સાબિત થઈ છે. અચાનક ત્રાટકતો હાર્ટ એટેક તથા બ્રેન સ્ટ્રોક જીવલેણ સાબિત થઈ શકે છે. લાંબાગાળાની (ક્રોનિક) અવયવોની ખરાબી દર્દીને આર્થિક, માનસિક અને સામાજીક રીતે પાયમાલ કરે છે. ક્રોનિક રોગ માટે ટ્રાન્સ્પ્લાન્ટની જરૂર પડે છે.

સદીઓના પ્રયત્ન પછી ૧૯૫૪માં બોસ્ટન ખાતે ડો. જોસેફ મુરે અને ટીમે વિશ્વનું સૌપ્રથમ જોડિયા ભાઈ ઓ વચ્ચે સફળ કીડની ટ્રાન્સપ્લાન્ટ કર્યું. આ અભૂતપૂર્વ ઘટનાએ લગભગ દરેક અવયવોના પ્રત્યારોપણ માટેના દ્વાર ખોલી નાખ્યા. તે પછીના અવિરત અને અથાગ પ્રયત્નરૂપે હવે લિવર, હાર્ટ, સ્વાદુપિંડ, આંતરડા, ફેફસાં તથા આંખની કીકીનું પ્રત્યારોપણ શક્ય બન્યું છે. કીડની ટ્રાન્સપ્લાન્ટની વાત કરીએ તો ભારતભરમાં દર વર્ષે લગભગ ૫૦૦૦થી ૬૦૦૦ ટ્રાન્સપ્લાન્ટ થાય છે. જે સામે લગભગ ૨.૨થી ૨.૫ લાખ નવા લોકોને ટ્રાન્સપ્લાન્ટની જરૂર પડે છે.

આમ ડિમાન્ડ સામે સપ્લાય ખૂબ જ ઓછો છે. લગભગ ૯૮ ટકા કીડની ટ્રાન્સ્પાલન્ટ સ્વજનો દ્વારા થતા અવયવદાનથી થાય છે (લાઈવ ઓર્ગેન ડોનર). અવયવ દાનનો બીજો સ્ત્રોત મૃત મસ્તિષ્ક (બ્રેન ડેડ) વ્યક્તિ છે. અકસ્માત અથવા બ્રેન સ્ટ્રોકમાં મગજની ગંભીર અને અસાધ્ય ઈજા પામેલી વ્યક્તિ વૈજ્ઞાનિક તથા કાયદાકીય રીતે અવયવ દાન માટે યોગ્ય ગણાય. આ દર્દીનું મૃત્યુ થોડા દિવસમાં સારવાર પછી પણ નક્કી છે. કોઈ મગજનું ઓપરેશન કે દવા આ દર્દીને બચાવી શકે તેમ નથી. પરંતુ શરીરના હૃદય સાથે બધા જ અવયવો સંપૂર્ણપણે કાર્યરત છે. આ દર્દીને બ્રેન ડેડ કહેવાય. સ્વજનોની પરવાનગીથી કાયદાકીય રીતે ગણતરીના કલાકોમાં લગભગ ૮થી ૧૦ અવયવો દાનમાં લઈ શકાય. દાન વગર આ અવયવોની માટીમાં ભળવું નક્કી છે. પણ અવયવ મળવાથી મૃત્યુની રાહ જોતા રીબાતા અનેક વ્યક્તિના જીવનમાં નવો પ્રકાશ આવી શકે છે.

મૃત વ્યક્તિ અવયવદાન દ્વારા અન્ય વ્યક્તિમાં જીવે છે. ટ્રાન્સપ્લાન્ટ પછી દર્દી નોર્મલ જીંદગી જીવી શકે છે. ઘર માટે કમાણી કરી શકે છે. લગ્ન કરી શકે છે, બાળકને જન્મ આપી શકે છે અને ખાવા-પીવાના અનેક બંધનોથી મુક્ત થઈ શકે છે. બ્રેન ડેડ દર્દી તરફથી મળતુ અવયવદાન-કેડેવર ઓર્ગેન ડોનેશન કહેવાય. સ્પેન તથા અમેરિકાની સરખામણીમાં ભારતમાં આ પ્રકારનું ઓર્ગેન ડોનેશનલ ખૂબ જુની માત્રામાં થાય છે. તે ખૂબ જ દુ:ખની બાબત છે.

જેનું મુખ્ય કારણ સમાજમાં પ્રવર્તતી ગેરમાન્યતાઓ છે. આપણો સમાજ આ પ્રકારના અવયવદાન માટે આજના આધુનિક સમયમાં પણ તૈયાર નથી!

તબીબ દર્દીને બચાવવા સંપૂર્ણ પ્રયત્ન નહીં કરે, અવયવો દાનિકને વેચાશે, બીજો જન્મ દાનમાં આપેલા અવયવો વગર થશે, અવયવ દાન બાદ અંતિમ દર્શન માટે મૃત વ્યક્તિને રાખી શકાશે નહીં જેવી અનેક ગેરમાન્યતાઓને કારણે કટોકટીના સમયે સ્વજનો અવયવ દાન માટે ના પાડે છે અને ૮-૧૦ જરૂરિયાતમંદ દર્દીને નવજીવન આપવાનો સુવર્ણ અવસર ગુમાવે છે. કોઈ પણ ધર્મ અવયવ દાનની વિરૂદ્ધ નથી.

આ વર્ષ`દર વખતની જેમ ૮ માર્ચે ‘વિશ્વ કિડની દિવસ’ દુનિયાભરમાં ઉજવાયો હતો. અમારી ટ્રાન્સપ્લાન્ટ ટીમે તે દિવસે વિવિધ કોલેજો તથા સંસ્થાઓમાં અવયવ દાનની અવેરનેસ માટે કાર્યક્રમ ગોઠવ્યા હતાં.

તો આવો આ વર્ષે આપણે અવયવ દાન માટે જાગૃત થઈએ. આપણી આસપાસના લોકો, સ્વજનો તથા મિત્રોને અવયવ દાન માટે જાણકાર કરીએ. અવયવ દાનની શક્યતા જણાય તો પોઝિટિવ એપ્રોચથી તેને શક્ય બનાવીએ. અવયવોનો જરૂર સ્વર્ગ કરતાં ધરતી પર વધારે છે. અવયવ દાન મહાદાન છે.

ડો. જીગીષ વ્યાસ
યુરોલોજીસ્ટ અને ટ્રાન્સપ્લાન્ટ સર્જન. આઈ.એમ.એ., આણંદના સભ્ય

## આ બીમારીઓથી રહો સાવધાન

**મન બિલોરી કાચ**

આજે સ્ત્રીઓને ઘણી બધી બીમારીઓનો સામનો કરવો પડે છે. આમાંથી પણ પાંચ બીમારીઓ એવી છે જેનો મહિલાઓના સ્વાસ્થ્ય પર ખૂબ જ ખરાબ પ્રભાવ પડે છે, જેમ કે હૃદયની બીમારી, સ્તન કેન્સર, ઓસ્ટિયોપાઈરોસિસ, તણાવ અને રોગપ્રતિકારક શક્તિના અભાવથી થતા રોગો. આ બીમારી વિશે જાણવું જરૂરી થઈ પડશે

બીમારીઓ ક્યારેય કોઈને પૂછીને નથી આવતી. બીમારી આવે છે ત્યારે જવાનું નામ મથી લેતી, પરંતુ આવી નિરાશાજનક કહેવતોનીસ ıમે આ કહેવતો પણ તમે જરૂર સાંભળી હશે - ચેતતનો નર (નારી) સદા સુખી. પહેલું સુખ તે જાતે નર્યા, જાન હૈ તો જહાન હૈ. આપણે હકારાત્મક વાત કરવી છે. જો બીમારી વિશે પહેલેથી જાણકારી હોય તો આપણે ચેતતા રહી શકીએ અને પરિણામે બીમારીને આવતા વેંત જાકારો આપી શકાય, તેની સારવાર કરીને. હવે વૈજ્ઞાનિકો દ્વારા ઘણા સંશોધનો થઈ ચૂક્યાં છે એટલે ભલભલી બીમારીનો ઈલાજ મળી રહે છે. આજે સ્ત્રીઓને ઘણી બધી બીમારીઓનો સામનો કરવો પડે છે. આમાંથી પણ પાંચ બીમારીઓ એવી છે જેનો મહિલાઓના સ્વાસ્થ્ય પર ખૂબ જ ખરાબ પ્રભાવ પડે છે, જેમ કે હૃદયની બીમારી, સ્તન કેન્સર, ઓસ્ટિયોપાઈરોસિસ, તણાવ અને રોગપ્રતિકારક શક્તિના અભાવથી થતા રોગો. આવો કેટલીક બીમારીઓ વિશે જાણીએ.

હૃદયની બીમારી આજે હૃદયની બીમારીના કારણે લગભગ ૨૯ ટકા સ્ત્રીઓનાં મૃત્યુ થાય છે. તેનું સૌથી મોટું જોખમ એ છે કે તેમાં સ્ત્રીઓના કવેળાએ મૃત્યુ અને વિકલાંગતાની સ્થિતિ ઉત્પન્ન થાય છે. ઘણી એવી મહિલાઓ પણ છે જે હૃદયની બીમારી સાથે ઘણી બધી તકલીફો, જેમ કે દાદરા ચડવામાં અસમર્થ હોવું, શ્વાસ લેવામાં તકલીફ થવી વગેરેનો સામનો કરતી રહે છે કારણ કે હૃદયની બીમારી આ બધી ક્ષમતાને નષ્ટ કરી દે છે. હૃદય રોગના નિષ્ણાતોના કહેવા પ્રમાણે, હકીકતમાં જોઈએ તો હૃદય રોગોમાં કોરોનરી હૃદય રોગનું સૌથી ઘાતક રૂપ લઈ ચૂક્યો છે. સ્તન કેન્સર આ રોગ સ્ત્રીઓમાં જોવા મળતો સૌથી પ્રચલિત રોગ પૈકીનો એક છે. તે ફેફસાના કેન્સર પછી જોવા મળતી એવી બીમારી છે જેનાથી મહિલાઓનું મૃત્યુ થવાની સંભાવના છે. વિશેષજ્ઞો જણાવે છે કે ક્યારેક ક્યારેક સ્તન કેન્સર થવાનો ડર એટલો બધો વધી જાય છે કે તેના કારણે મહિલાઓ ડોક્ટર પાસે તપાસ કરાવવા પણ જતી નથી અને ક્યારેક ક્યારેક વિચારવામાં મોડું થઈ જાય છે કે ઈલાજ કરાવવો જરૂરી છે કે નહીં. આજે સ્તન કેન્સર માટે ઘણા ઈલાજ સંભવ છે, પરંતુ મહિલાઓને તેના વિશે જાણકારી હોવી જરૂરી છે. આપણે ત્યારે કેન્સર શબ્દ ખૂબ જ ડરાવી દે છે. કેન્સર એટલે કેન્સલ એવું સમજવામાં આવે છે, પરંતુ પશ્ચિમમાં કેન્સરનો ઈલાજ આજે એ રીતે થઈ રહ્યો છે જેવો આપણે ત્યાં ક્ષયનો. નવાં નવા સંશોધનોથી સ્તન કેન્સરનો ઈલાજ હવે સરળ થઈ ગયો છે. ગત કેટલાંક વર્ષોમાં દેશમાં મહિલાઓમાં સ્તન કેન્સરના કિસ્સા વધુ બહાર આવ્યા છે. આમ કેન્સર એટલે કેન્સલ જેવી વિચારસરણી બદલવી જોઈએ.કેન્સરથી ડરવાના બદલે તેનો સામનો કરવો ઉચિત છે. લીસા રે, મનીષા કોઈરાલા, એન્જેલિના જોલી જેવી અભિનેત્રીઓ તેનો સામનો કરીને હિંમતપૂર્વક બહાર આવી છે.

ઓસ્ટિયોપોરોસિસ ઓસ્ટિયોપોરોસિસ પણ લોકોને ડરાવી દે છે. આજે દેશમાંલગભગ ૬૦ ટકા મહિલાઓ આ રોગથી ગ્રસિત છે. આ બીમારી મોટા સ્તર પર ઈલાજ કરાવવા યોગ્ય છે. મોટાભાગની મહિલાઓ ૩૦ વર્ષની ઉંમર પછી જાડી થવા લાગે છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## મનની પૂર્વગ્રહીત સ્થગીતતાને સજગતાના પ્રકાશથી હટાવો, પામો ચિદાનંદ...!

**માનસ** — ડૉ. પ્રવીણ પટેલ

ધારો કે કોઈ વ્યક્તિ તમને જીવનમાં પ્રથમ વાર જ મળે છે તેના અંગે આપણું મગજ કોઈ પૂર્વગ્રહ ધરાવતું નથી તેથી તે મનમાં સુખ દુ:ખની કોઈ લાગણી જન્માવતી નથી. હવે તેને મળ્યા બાદ તે વ્યક્તિ સાથે તમારી દોસ્તી થઈ જાય છે. તે તમારો પરમ મિત્ર બની જાય છે તો પછી જ્યારે પણ તે વ્યક્તિ મળશે તો તમે સુખદ અનુભૂતિ કરશો. હવે ધારો કે કેટલાક સમય બાદ તે વ્યક્તિ સાથે તમારે મનભેદ થાય છે અને તેના પ્રત્યે શત્રુભાવ પેદા થાય છે તો હવે પછીની પરિસ્થિતિ એવી બનશે કે તે વ્યક્તિની હાજરી તમારામાં દુ:ખદ ભાવ જન્માવશે, અહીં વ્યક્તિ તેની તે છે અને તમે પણ તેના તે છો પરંતુ તેના અંગેના તમારા ખ્યાલો બદલાઈ ગયા. તમારી તેના અંગેની માન્યતા બદલાઈ ગઈ અને તેનાથી તમારા મનમાં ઉત્પન્ન થતા ભાવ કે લાગણીઓ બદલાઈ ગઈ. તેથી તમારૂં મન વિરૂદ્ધ દિશામાં (નકારાત્મક) પ્રતિક્રીયા કરવા લાગ્યું. પ્રથમ મુલાકાતમાં એ જ મનકોઈ પ્રતીક્રીયાઓ જન્માવતું નહોતું. વસ્તુઓ, પરિસ્થિતિઓ નહીં, પરંતુ તેના અંગે તમારા મન દ્વારા કરવામાં આવતી પ્રતિક્રિયાઓ સુખ કે દુ:ખ જન્માવે છે.

આ અંગે મને એક સરસ મજાની વાર્તા યાદ આવે છે.

એક વાર એક શહેરમાં નામાંકિત ધનાઢ્ય વ્યક્તિ મરણ પથારીએ પડે છે. તેના જીવનના ગણતરીના કલાકો બાકી હોય છે. તે સમયે ત્યાં અનેક પ્રકારની વ્યક્તિઓ હાજર હોય છે. તે પૈકીની એક તેની પત્ની હોય છે તે હૈયાફાટ રૂદન કરતી હોય છે અને તેના પતિના મર્યા બાદ તે કેવીરીતે બાકીનું જીવન વિતાવી શકશે અને તેનાં બાળકોને મોટા કરવામાં કેટલી મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે તેમ વિચારીને આક્રંદ કરી રહી હોય છે. આ એકઠા થયેલા લોકોમાં એક ડોકટર પણ હોય છે. જે મરણપથારીએ પડેલી વ્યક્તિની સારવાર કરવામાં વ્યસ્ત હોય છે. તેના મનમાં દર્દીને એવું કયું ઈંજેકશન આપવામાં આવે કે એવી કઈ સારવાર કરવામાં આવે કે જેથી આ વ્યક્તિ બચી જાય અને તેનું નામ થઈ જાય. તેના મનમાં તેની **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## સવારની જગ્યા રાત્રે નહાવાથી મળે છે આટલા ફાયદા, જાણો

**આરોગ્ય**

નહાવવું એક દૈનિક ક્રિયા છે, જેને વધારેપણ લોકો સવારેના સમયે કામ પર જતાં પહેલા કરે છે. નહાવવાથી એક તરફ અમારા શરીરથી ગંદગી નિકળી જાય છે તો ત્યાં જ બીજી તરફ ફ્રેશ ફીલિંગ આવે છે. આમ તો કેટલાક એક્સપર્ટનો માનવું છે કે રાત્રે નહાવવાથી ઉંઘ સારી આવે છે અને થોડા દિવસની સારી શરૂઆત માટે સવારના સમયે નહાવું સારું છે.

સવારે અને રાત્રે બન્ને સમય નહાવવાના પોત-પોતાના ફાયદા અને નુકશાન છે પણ રાત્રે નહાવવાથી શરીરથી દિવસભરના પરસેવું, ઑયલ અને એલર્જી તત્વ નિકળી ગાઢ ઉંઘ મળે છે અને ત્વચાને ચમકતી બનાવે છે. રાત્રે નહાવવાના ફાયદા દિવસભરની ગંદગી સાફ થઈ જાય છે.

ડેલી મેલ ઑનલાઈનએ ઘણા અભ્યાસ કરીને ન્યૂયાર્કના આ વિષય પર નિષ્કર્ષ કાઢાવા માટે કહ્યું તો જણાવયું કે રાત્રે નહાવવાથી દિવસભરની ગંદગી સાફ થઈ જાય છે . કારણકે આ ગંદગીની સાથે બેડ પર સૂવાથી ઉંઘમાં પરેશાની આવી શકે છે અને ત્વચા સંબંધી એલર્જી પણ થઈ શકે છે. તેથી સ્વસ્થ રહેવા માટે રાત્રે સૂતા પહેલા નહાવું જરૂરી છે.

તેની સાથે આ પણ કહેવું છે કે નહાવવાથી વધારે જરૂરી છે કે તમે રાત્રે સૂતા પહેલા ચેહરાને ધોવું. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## મન બિલોરી કાચ

અનુસંધાન ૫ નુ ચાલુ...

તેનાથી નવાં હાડકાં બનવા સમાપ્ત થવા લાગે છે. વળી, મહિલાઓ ઘર ખર્ચ બચાવવા અને પોતાનાં બાળકોને દૂધ મળે તે માટે પોતે દૂધ પીતી નથી. પરિણામે કેલ્શિયમ મળવું જોઈએ તેટલું મળતું નથી. આથી જ માતાપિતાઓએ દીકરીને નાનપણથી કેલ્શિયમ ભરપૂર મળી રહે તે માટે પ્રયત્ન કરવા જોઈએ. તણાવ આજે દરેકના જીવનમાં તણાવ વધતો જાય છે, પરંતુ મહિલાઓના જીવનમાં ખાસ. ઘર પણ ચલાવવાનું અને ઘણી વાર નોકરી પણ કરવાની હોય. ઘરમાં બાળકના હોમવર્ક, સ્કૂલમાં તેની સાથે અન્ય બાળકોના વર્તનથી લઈ સાસુ-સસરાની સંભાળ, સાસરિયા અને પિયરના પ્રસંગો વચ્ચે સંતુલન, ઘરમાં રસોઈ, સાફસફાઈ, પતિની દેખભાળ વગેરે અનેક બાબતો સ્ત્રીઓના જીવનમાં તણાવ પેદા કરી શકે છે. આથી પોતાના માટે સમય કાઢી મહિલાઓએ યોગ અને પ્રાણાયામને અપનાવવા જોઈએ. જો પોતે તંદુરસ્ત હશે તો ઘરને સારી રીતે ચલાવી શકશે. બાળકોને અને પતિને પણ સંભાળી શકશે. અને પોતે તંદુરસ્ત હશે તો રોગપ્રતિકારક શક્તિ સારી હોવાથી તેના અભાવના કારણે થતાં રોગ નહીં થાય. જો આ શક્તિ વધી જાય તો લ્યુપસ, મલ્ટિપલ સ્કેલેરોઈસિસ, ડાયાબિટીસ વગેરે નહીં થાય.

## સોફ્ટ ડ્રિંક્સ

અનુસંધાન ૫ નુ ચાલુ..

સોફ્ટ ડ્રિંક્સના વધુ પ્રમાણના સીધા સંબંધ અસ્થમાની વધુ તકો સાથે સંકળાયેલા છે. વધુ સોફ્ટ ડ્રિંક્સ અથવા તો ઓછા સોફ્ટ ડ્રિંક્સના સંબંધ સીધી રીતે રહેલા છે. એકંદરે ૧૩.૩ ટકા લોકો અસ્થમાના શિકાર અભ્યાસમાં નિકળ્યા હતા. જ્યારે દરરોજ અડધા લીટરથી વધુ સોફ્ટ ડ્રિંક્સ પીતા લોકોમાં ૧૫.૬ ટકા લોકો સીઓપીડી સાથે ગ્રસ્ત દેખાયા હતા. અસ્થમા અને સીઓપીડી માટે રેસિયો દરરોજ અડધા લીટરથી વધુ સોફ્ટ ડ્રિંક્સ પીનાર માટે ક્રમશઃ ૧.૨૬ અને ૧.૭૯ જેટલો રહ્યો છે. અભ્યાસના તારણોને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. જર્નલ રેસ્પિરોલોજીમાં અભ્યાસના તારણ આપવામાં આવ્યાં છે.

## આરોગ્ય

અનુસંધાન ૫ નુ ચાલુ...

કારણકે આવું કરવાથી તમારા ઓશીકા પર દિવસભરની ગંદહી અને તેલ લાગી જાય છે જેનાથી ચેહરા પર ખીલન ઓ કારણ બની શકે છે.

ઉંઘ સારી હોય- નહાવાથી શરીરનો તાપમાન સામાન્ય હોય છે જેનાથી તમને જલ્દી અને સરસ ઉંઘ આવે છે. અભ્યાસ મુજબ સૂતાથી ઓછામાં ઓછાઅ ૯૦ મિનિટ પહેલા નહાવવાથી શરીરનો તાપમાન સામાન્ય થઈ જાય છે અને સરસ ઉંઘ આવે છે. તે ઉપરાંત શાવર લેવાથી મગજમાં કાર્ટિસોલ નામનો સ્ટ્રેસ હાર્મોન સ્તર ઓછું હોય છે અને માનસિક સ્વાસ્થય સુધરે છે.

ચમકતી ત્વચા મળે છે રાત્રે શરીરની ત્વચાની કોશિકાઓ પોતે સ્વસ્થ બને છે અને મૃત કોશિકાઓને હટાવીને નવી કોશિકાઓ આવે છે. તેથી રાત્રે ઓછામાં ઓછું ચેહરા ધોઈને સૂવાથી વાત પર જોર આપે છે.

# દુધના સેવનથી અનેક રોગોથી છુટકારો

દૂધ આપણા આરોગ્યને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે. દૂધનું સેવન કરવાથી આપણા શરીરને અનેક રોગોથી છૂટકારો મળે છે અને નિયમિત રૂપે દૂધનુ સેવન કરવામાં આવે તો આપણુ શરીર હંમેશા સ્વસ્થ રહે છે અને ચહેરા પર નિખાર પણ આવે છે. જો દૂધમાં હળદર મેળવવામાં આવે તો આપણા સ્વાસ્થ્ય માટે વધુ સારુ કામ કરશે. ભલે તે બાળક હોય, જવાન હોય કે વૃદ્ધ આપણા સર્વ માટે હળદરવાળું દૂધનુ સેવન કરવુ લાભકારી હોય છે. તો જાણી લો ગરમ હળદરવાળા દૂધ પીવાના ફાયદાઓપ

- હળદરવાળુ દૂધ પીવાથી વજન ઓછુ થાય છે અને જાડાપણાથી છૂટકારો મેળવી શકાય છે.
- શરીર પર કંઈક વાગ્યુ હોય તો પણ હળદરવાળા દૂધનુ સેવન કરવુ લાભકારી છે.
- હળદરવાળુ દૂધ પીવાથી હાડકાં મજબૂત બને છે.
- હળદરવાળુ દૂધ આપણા શરીરને અનેક રોગોથી છુટકારો અપાવવામાં મદદ કરે છે.
- હળદરવાળા દૂધનું સેવન કરવાથી શરીરમાં રહેલ રક્ત પાતળુ અને રક્ત વાહિકાઓની ગંદકી પણ સાફ કરવામાં મદદ કરે છે.
- શરીરમાં કોઇપણ પ્રકારની થઇ રહેલ દર્દથી છુટકારો મેળવવા માટે હળદરવાળુ દૂધનુ સેવન કરવુ ફાયદાકારી સાબિત થાય છે.
- સાંધાનો દુખાવો, દમા અને કાનમાં દુઃખાવો થતો હોય તો પણ આનુ સેવન કરવુ જોઈએ.
- હળદરવાળુ દૂધ પીવાથી ત્વચામાં નિખાર આવે છે અને ત્વચા સંબંધી રોગોથી રાહત મળે છે.
- હળદરવાળુ દૂધ પીવાથી આપણી પાચન ક્રિયા ઠીક રહે છે અને અનેક રોગોથી છુટકારો મેળવી શકાય છે. જેવા કે અલ્સર-ડાયેરિયાથી પણ રાહત મેળવી શકાય છે.
- અનિદ્રા જેવા રોગથી છૂટકારો મેળવવા માટે હળદરવાળુ દૂધનુ સેવન કરવુ લાભકારી હોય છે અને ગરમ દૂધમાં થોડી હળદર મેળવીને પીવાથી સારી ઊંઘ આવે છે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચય: ...................................................
સરનામુ : ...................................................
મોકલનારની સહી : ...........................................

# જમ્યા પછી ઠંડુ પાણી ક્યારે નહી પીવુ જોઈએ

ભોજન કર્યા બાદ અમે ક્યારે કયારે કેટલાક એવા કામ કરે છે જેથી અમારા શરીર અને સ્વાસ્થય પર ખરાબ અસર પડે છે. આવો જાણીએ એના વિશે અને તેનાથી થતી હાનિઓ અને તેનાથી બચવાના ઉપાય આમતો ભોજન પછી તરત જ પાણી પીવું સ્વાસ્થય માટે હાનિકારક છે અને જરૂર પડતા વચ્ચે થોડા ઓછા તાપમાન વાળા પાણી પી શકો છો. ઠંડુ પાણી તો ક્યારે જ નહી પીવું જોઈએ. ભોજન પછી શરીરના તાપમાન વધારે હોય છે . જો અમે ઠંડુ પાણી પીશો તો આપના સ્વાસ્થયને નુકશાન પહોંચશે. પાણી હમેશા ભોજન ના ૧ કલાક પછી જ પીવું જોઈએ.

જમ્યા પછી તરત જ ધુમ્રપાન ન કરો

ઘણા લોકો ખત્મ કર્યા પછી સિગરેટ સળગાવી લે છે . ભોજન પછી ધુમ્રપાન કરવા પણ આરોગ્યને ખરાબ કરે છે ભોજન પછી એક સિગરેટ દિવસભરની ૧૦ સિગરેટ સમાન નુકશાન પહોંચાડે છે.

# તનાવને દૂર કરી સારી ઉંઘ આપે છે પનીર, જાણો પનીર ખાવાના ૭ ફાયદા

જો તમને કામના દબાણથી ઝાટવામાં આવે છે, તો તે પનીર ખાવાથી ટાળી શકાય છે. પનીરમાં પ્રોટીન ઉપરાંત, એવા ઘણા બધા તત્વો છે કે જે આરોગ્ય માટે ફાયદાકારક છે. જાણીતા આયુર્વેદ નિષ્ણાત તેના આનો લાભ જણાવી રહ્યા છે .

પનીર ખાવાથી આ લાભો છે

જો તમે રાત્રે ઊંઘતા ન આવતી હોય અથવા તનાવથી પીડિત છો, તો ઊંઘ પહેલાં પનીરનો સેવન કરો. ઊંઘ સારી આવશે.

પનીરમાં ટ્રીપ્ટોફન એમિનો એસિડ હોય છે, જે તણાવ ઘટાડવા અને ઊંઘ વધારવામાં મદદરૂપ થઈ શકે છે.

પનીરનો વપરાશ શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે છે. જો રોગ પ્રતિકાર મજબૂત હોય તો, રોગ સામે લડવા માટે શરીરની ક્ષમતા વધે છે.

# સાવધાન! તાંબાના વાસણમાં રાખેલું દહીં આરોગ્ય માટે ઝેર

આરોગ્ય- તાંબાના વાસણમાં પાણી બહુ સારું હોય છે. પણ તમે આ જાણો છો કે તાંબાના વાસણમાં દહીં રાખવું બહુ હાનિકારક હોય છે. તમને ઘણીવાર વડીલોને કહેતા સાંભળ્યું હશે કે તાંબાના વાસણમાં ખાટી વસ્તુઓ નહી મૂકવી જોઈએ. આમ તો દહીંઆં ઘણા પોષક તત્વ હોય છે. કેલ્શિયમ, વિટામિન ડી, વિટામિન ¤૧૨, વિટામિન ¤૬, પોટેશિયમ, કોલેસ્ટ્રોલ અને મેગ્નેશિયમ ભરપૂર માત્રામાં હોય છે. પણ અહીં તત્વ જ્યારે તાંબાના સંપર્કમાં આવે છે તો ફાયદાની જગ્યા નુકશાન પહોંચાડે છે. આ તત્વોના શરીર પર ઉલ્ટો અસર હોય છે.

તાંબાના વાસણમાં ખાટી વસ્તુઓ અને દૂધને મૂકવાથી આ વસ્તુઓ કૉપરથી રિએકટ કરીને ફૂડ પ્વાજયનિંગનો કામ કરે છે. તેનાથી ડાયરિયા, પેટમાં દુખાવા અને ઉલ્ટી જેવી સમસ્યા થઈ શકે છે. પાણીના સિવાય અને ફળ કે પછી બીજી કોઈ પણ ખાવાની વસ્તુને તાંબાના વાસણમાં નહી રાખવું જોઈએ.

પાણીને તાંબાના વાસણમાં આ માટે રખાય છે કારણકે તેમાં કોઈ પણ રીતનો કોઈ પોષક તત્વ નહી હોય છે. આ વસ્તુના સંપર્કમાં આવવાથી એ તેમના ગુણ લઈ લએ છે. તાંબાના વાસણમાં પાણી મૂકવાથી શરીરમાંથી કૉપરની કમી દૂર થઈ જાય છે. યાદ રાખો કે પાણીના સિવાય કોઈ પણ વસ્તુ માટે તાંબાનો ઉપયોગ ન કરવું.

# શુગરને કંટ્રોલમાં રાખે છે લીમડો... જાણો બીજા અનેક ફાયદા

લીમડાના પાનના ફાયદા બધા જણાવે છે પણ તેનો ઉપયોગ કંઈ વસ્તુઓમાં કરી શકાય છે. વાળમાં ખોડો થાય તો પણ લીમડો તેને નષ્ટ કરે છે. આયુર્વેદમાં તેના અનેક ફાયદા છે જે આ પ્રમાણે છે. ૧. લીમડાના પાનમાં ફંગસરોધી અને જીવાણુરોધી ગુણ જોવા મળે છે. આ ખોડાની સારવાર અને માથાની ત્વચાને ઠીક રાખવામાં પણ મદદ કરે છે. લીમડાના પાનને પાણીમાં ઉકાળીને તેનો ઉપયોગ કરવાથી ખોડો ઠીક થઈ જાય છે. ૨. મસૂઢાની બીમારીઓમાં પણ લીમડો લાભકારી હોય છે. આ મસૂઢાના સોજાને ખતમ કરે છે. આ ઉપરાંત મોઢામાંથી આવનારી દુર્ગંધને પણ મારે છે. લીમડાના પાનનો રસ મસૂઢા પર રગડવાથી ફાયદો થાય છે. ૩. લીમડાના પાનને ખાવાથી ડાયાબીટીસના રોગીઓને લાભ થાય છે. ૪. લીમડાના પાન પેટના કીડાને પણ મારે છે. ખાલી પેટ લીમડાના પાનને ચાવવાથી પેડના કીડા મરે છે અને આ સમસ્યાથી રાહત મળે છે.

## માનસ..

અનુસંધાન ૫ નુ ચાલુ...

પ્રતિષ્ઠા વધારવાના વિચારો અવીરત ચાલુ હોય છે. વળી આ એકત્ર લોકોમાં કોઈક સમાચાર પત્રનો એક પ્રતીનિધિ પણ હોય છે. તે આતુર છે ન્યુઝ મેળવવા. તે વ્યક્તિ મરે કે જીવે તેમાં તેને જરાયે રસ નથી. તેને તો ફકત બનાવ પૂર્ણ થાય અને તે જલદી મરી જાય તો તે જલદી છુટો થઈ ઘરે જઈ શકે. એ પ્રતિનીધિએ તેના મીત્ર સાથે કોઈ મુવી જોવાનો પ્રોગ્રામ બનાવ્યો હોય છે. એટલે તે પ્રોગ્રામમાં મોડો પડયા વગર સરળતાથી માણી શકે તે અંગેના વિચારો તેના મનમાં સતત ચાલુ હોય છે.

આમ ઘટના એક જ હોય છે છતાં તેની પ્રતિક્રિયા જુદી જુદી વ્યક્તિઓમાં જુદી જુદી હોય છે. મનની પ્રતિક્રિયાઓ કોઈપણ વસ્તુ પરીસ્થિતિને પોતાના પૂર્વગ્રહો અનુસાર સુખદ કે દુઃખદ રંગો ચઢાવે છે.જો આવાં મનની પ્રતિક્રીયાઓ અટકી જાય, દરેક વસ્તુ, વ્યક્તિને તેનાં મુળ, શુદ્ધ સ્વરૂપમાં નીરખવામાં આવે તેમાં કંઈ જ ઉમેરવામાં ન આવે કે તેના અંગેના કોઈ વિચારો કરવામાં ન આવે તો અનુભવની ક્રીયા માત્ર બચી જાય છે. તેના અંગે મને ઉભી કરેલી પ્રતિમાઓ અદ્રશ્ય થઈ જાય છે. દરેક વસ્તુ, વ્યક્તિ કે પરીસ્થિતિઓ માટે તેને અનુરૂપ ચોક્કસ પ્રકારની પ્રતિમાઓ, છબીઓ માણસના મનમાં હોય છે અને આવી અનેક પ્રતિક્રીયાઓનો સરવાળો એટલે જ આપણું મન. જો મનના બધા જ પુર્વગ્રહો અદ્રશ્ય થઈજાય તો પછી બધા જ પ્રકારના ભેદ,ભ્રમ, વિભાજન અટકી જાય અને તો જ આ મનનાં પડળો નીચેનું 'પરમતત્વ કે પરમાનંદમયતા' ઘટિત થાય છે. મન તેની સમગ્ર પ્રતિક્રીયાઓ સાથે વિદાય થઈ જાય છે.

ડૉ. પ્રવિણ પટેલ

## રાધનપુર...

પાના નં.૧ ચાલુ

તા.સાંતલપુર જી.પાટણ તથા સિપાઈ મુસ્ત ુભાઈ રમઝાનભાઈ રહે. વારાહી હાલ રહે અદગામ તા.સમી સંતાઈને બેઠેલા હતા,પોલીસને જોઈને બધા ઈસમો ભાગવા માંડ્યા હતા,જેમાં ઠાકોર જલાભાઇ રૂગનાથભાઈ રહે. અગીચાણાવાળો પકડાઈ ગયેલ અને બાકીના પાંચ આરોપી જંગલમાં બાવળની ઝાડીમાં ભાગી ગયા હતા.પકડાયેલ ઈસમની પૂછપરછ કરતા તા.૧૯-૨૦ માર્ચની રાત્રે ઉપરોક્ત ભાગી ગયેલા ઈસમો સાથે મળીને ધાનેરા પાસે હાઈવે રોડ ઉપરથી રૂ.૧૦,૯૫,૨૦૦ ની કિંમતની ૧૪૮ જીરાની બોરીઓની લૂંટ કર્યાનું કબુલતા પાલનપુર એલ.સી.બી.પોલીસના પી.એસ.આઈ. જે.એચ.સિંધવનો સંપર્ક કરાયો હતો,અને ડીસા રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. જી.આર.ઠાકોર અને એન.એન.પરમાર તેમના સ્ટાફ સાથે રાધનપુર પહોંચી ગયા હતા,અને અલગ-અલગ ટીમો બનાવીને તપાસ કરતા સંયુક્ત ટીમવર્ક દ્વારા પકડાયેલ ઈસમના કબ્જામાંથી જીરાની બોરીઓ નંગ ૧૪૮ કિંમત.રૂ.૧૦,૯૫,૨૦૦ નો મુદ્દામાલ રિકવર કરી ડીસા રૂરલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## બટાટાના...

પાના નં.૧ ચાલુ

બટાટાના વેપાર કરતા વેપારીઓના કહેવા મુજબ દર વર્ષ કરતા આ વખતે બટાટા નું વાવતેર ઘટ્યું છે અને ઉત્પાદન ઘટવાના કારણે તેજી આવી છે.બહાર માંગ વધવાના કારણે અમે ખેડુત પાસેથી ઉંચા ભાવે બટાટા ખેતરમાં જઈને ખરીદી કરીયે છીયે.જોકે ૨૦૧૪ બાદ આ તેજી અને આટલો ભાવ ખેડૂતો ને મળી રહ્યો છે તેવું અગ્રણી વેપારી રમેશભાઈ પરમારે જણાવ્યું હતુ.

બનાસકાંઠામાં બટાટા સંગ્રહ માટે ૨૦૦ કોલ્ડ સ્ટોરેજ આવેલા છે જોકે દર વર્ષે સ્ટોરેજ ભરાઈ જતા હતા પંરતુ ચાલુ સાલે વાવેતર અને ઉત્પાદન ઘટવાના કારણે અનેક કોલ્ડસ્ટોરેજ ખાલી રહી જવા પામ્યા છે જનરલ ગુજરાતમાં એક કરોડ કટા અને આખા દેશ માં સાત કરોડ કટા જેટલુ ઉત્પાદન ઘટાડો થતા સ્ટોરેજ ખાલી રહી જવા પામ્યા છે.સાથે ઉત્પાદન ઘટતા માંગ વધી છે અને આજે ખેતરો માંથી ખેડૂતો ના બટાટા વિસ કિલો ના ૨૦૦ થી ૨૫૦ રૂા.ના ભાવ મળી રહ્યા છે જે ખેડૂતો માટે ખુબજ સારા ભાવ છે અને જે બટાટા વેપારી ખરીદી અન્ય માંગ મુજબ બીજા રાજ્યોમાં કે સ્ટોરેજ માં સ્ટોક કરી રહ્યા છે.હાલ સ્ટોરેજ માં પડેલા બટાટા નું ભવિષ્ય પણ સારું લાગી રહ્યું છે અને સ્ટોક કરનાર ખેડૂત અને વેપારી બન્ને ને ફાયદો થાય તેવું લાગી રહ્યું છે તેવું નટરાજ કોલ્ડસ્ટોરેજ ના માલિક અને અગ્રણી વેપારી પરેશ માળી એ જણાવ્યું હતું

## લાખણીમાં ધોરણ...

અનુસંધાન 3 નુ ચાલુ..

બને છે. શાળાના આચાર્ય માવજીભાઇ પટેલનું બીજુ સંતાન મોટો દિકરો પણ ધોરણ ૧૨ સાયંન્સ પ્રવાહની પરિક્ષા થરાદ કેન્દ્રથી આપી રહ્યો છે.

લાખણીની શ્રી સરસ્વતિ વિદ્યાલયમા એસ.એસ.સીના બે યુનિટ અને એચ. એચ.સી.ના પણ બે યુનિટ ફાળવવામાં આવેલ છે. જેના એસ.એસ.સી.ના સ્થળ સંચાલક હેમરાજભાઇ પટેલ અને જગતસિહ રાજપુતને બનાવેલ હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ પરિક્ષાનું સંચાલન તેમના માટે છેલ્લુ હશે કારણ કે બંન્ને જણ આવતા ઓકટોબર મહિનામાં વય નિવૃતિના કારણે શાળા છોડી જવાના છે.

શાળામાં યોજાયેલી ધોરણ ૧૦ બોર્ડની પરિક્ષા શાંન્તિપુર્ણ માહોલમાં સુખરૂપ પુરી થતાં બંન્ને સ્થળ સંચાલકોએ ટ્રસ્ટીગણ, આચાર્ય, શિક્ષકગણ, સ્ટાફનો સર્વેનો આભાર માન્યો હતો અને પરિક્ષા આપનાર તમામ પરિક્ષાર્થીઓર્ન ઉજ્જવળ ભવિષ્યની કામના કરી આશિર્વચન આપ્યા હતા.

## જુનાડીસા ગંગાજી...

અનુસંધાન 3 નુ ચાલુ..

બબાભાઈ દેસાઈ, ડે. સરપંચ ફારૂકભાઈ દાણી અને પંચાયત સભ્યોએ તાજેતરમાં પાલનપુર માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ હાઈવે) ના કા. ઈજનેરને રૂબરૂમાં મળી લેખિતમાં રજૂઆતો કરી જીવલેણ રોડની વાસ્તવિકતા રજૂ કરી હતી. તેથી કા.ઈજનેર' પણ માનવીય અભિગમ દાખવી એક અઠવાડીયામાં જર્જરીત પુલ ઉપરના રોડનું સમારકામ કરાવવાની ખાત્રી આપી હતી. ગ્રામ પંચાયતના હકારાત્મક વલણથી આમ પ્રજાએ હાશકારો અનુભવ્યો છે.

## દીઓદરમાં નવીન...

અનુસંધાન 3 નુ ચાલુ..

દાંનાભાઈ પટેલ, મદરૂપભાઈ પટેલ, નાગજીભાઈ પટેલ, કલ્યાણ ભાઈ પટેલ, જેસુંગભાઈ પટેલ, થરા માર્કેટયાર્ડના ચેરમેન અણદાભાઈ પટેલ, જી.પં.સદસ્ય રમેશભાઈ પટેલ, દીઓદર તાલુકા પંચાયતના પ્રમુખ પ્રવિણસિંહજી વાઘેલા, કોંગ્રેસ અગ્રણી બી.કે.જોષી, જગમાલભાઈ પટેલ, અમરાભાઈ વી.પટેલ, અરવિંદભાઈ ત્રિવેદી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સંચાલન ઉમેદભાઈ પટેલે કરેલ.આ પ્રસંગે સૌએ ભોજન પ્રસાદનો લાભ લીધેલ.

## ચૈત્રી નવરાત્રિ...

અનુસંધાન 3 નુ ચાલુ..

આખડી માત્રથી આધિ-વ્યાધિ અને ઉપાધિ ટળી જાય છે. આવા ચમત્મારિક દેવ-દેવીઓને રીઝવવા ભાવિકો ખાસ કરીને ચૈત્ર મહિનામાં રમેલોનું આયોજન કરે છે. ગ્રામિણ વિસ્તારોમાં તેમના મંદિરો વધુ આવેલા છે જ્યાં દર વર્ષે ચૈત્રી નવરાત્રિમાં અચૂક રમેલ થાય છે. હાલમાં ચૈત્રી નવરાત્રિ નિમિત્તે જિલ્લાભરમાં રમેલોની રમઝટ જામી છે. ડાકલાઓના સથવારે ભુવાજીઓ માતાજીની રેકડી કરી શ્રધ્ધાળુ પ્રજાને 'ખમ્મા-મજા' ના આશિર્વાદ આપે છે. ભુવાજીના હાકલા -પડકારોથી ભયાવહ માહોલ પણ ખડો થાય છે પરંતુ રમેલ થકી માતાજીનો જયજયકાર થાય છે. ભુવાજીઓ માતાજીની આજ્ઞાથી દાણા જોઈ ભાવિકોની શંકાનું સમાધાન પણ કરે છે તેથી આજના 'હાઈફાઈ' યુગમાં પણ શક્તિ સમાન દેવીઓનો પ્રભાવ અકબંધ જળવાયેલો રહ્યો છે. તેથી શક્તિની ભક્તિનો ભાવિકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આમેય ચૈત્રી નવરાત્રિમાં માતાજીની આરાધના કરાય છે તેથી ભાવિકો નકરોડા ઉપવાસ થકી પણ માતાજીને રીઝવવાનો પ્રયાસ કરે છે જેને લઈને ધાર્મિકતાનો માહોલ ખડો થયો છે.

## સંત શ્રી ૧૦૦૮...

અનુસંધાન 3 નુ ચાલુ..

૧૩૬ મી જન્મજયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી જેમાં રાજસ્થાનના સિકારપુરા થરાદના મેસરા લાખણી તેમજ દિયોદર તાલુકા ના ચગવાડા ગામે આવેલ સંત શ્રી રાજેશ્વર ભગવાનના નિજ મંદિરે પણ દર વર્ષેની જેમ આ વર્ષે (તારીખ ૨૫/૩/૨૦૧૮) રામનવમીના પવિત્ર દિવસે સંત શ્રી રાજેશ્વર ભગવાનની હર્ષો ઉલ્લાસ સાથે૧૩૬ મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. તો રામ નવમીની આગલી રાત્રે તારીખ ૨૪/૩/૨૦૧૮ ના રોજ મંદિર પટાગણમાં ભજન સત્સંગ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ખ્યાતનામ કલાકારો દ્વારા ભજનની રમઝટ બોલાવી હતી. સંતશ્રી રાજસેશ્વર ભગવાનની જન્મ જયંતિ પ્રસંગે સિકારપુરા લાખણી ચગવાડા અને મેસરા ગામે રાજેશ્વર ધામમાં મોટી સંખ્યામાં આંજણા ચૌધરી સમાજ ઉમટી પડ્યો હતો અને હર્ષો ઉલ્લાસ સાથે રાજેશ્વર ભગવાનની જન્મ જયંતિની ઉજવણી કરી હતી તો અહી રાજેશ્વર ધામમાં લોક મેળા પણ ભરાયા હતા જેમાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું તો લોકમેળામાં રાજસ્થાનનું પ્રખ્યાત ગેર નૃત્ય યોજાયું હતું અને જે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

## કાંકરેજ તાલુકાના...

અનુસંધાન 3 નુ ચાલુ..

પ્રદક્ષિણા કરી નીજ મંદિરે પહોચેલ શ્રીરામચંદ્ર ભગવનની આરતી ઉતારી પ્રસાદ લઈ સૌ ભાવિક ભક્તો છૂટા પડેલ. થરા નગરના નગરજનો પોત -પોતાના ધંધા રોજગાર બંધ કરી શોભાયાત્રામાં પધારેલ.

આ શોભાયાત્રા પરીભ્રમણ સમયે મંદિર શ્રીરામચંદ્રજીના ભાવિક ભક્તો તથા કર્મશીલ કાર્યશીલ કાર્યકર્તા દ્વારા પાણી - છાશ- ચા વગેરેની વ્યવસ્થા તથા ઝાંખીઓ, રથ, વેશભૂષા વગેરેનું આકર્ષણ રહેલ.

## છાપીમાં જમીયત...

અનુસંધાન 3 નુ ચાલુ..

તેનીવાડા તથા ભરતભાઇ ચૌધરી, સરપંચ છાપીના પ્રયાસોથી આ ઉમદા કાર્યને સફળતા પ્રાપ્ત થયેલ છે તેઓ જણાવે છે કે છાપીમા ઠંડા મીનરલની ચાલીસ (૪૦) બોટલોનો દૈનીક વપરાશ થવાનો અંદાજ છે. આ પ્રસંગે છાપી તથા આસ પાસના અગ્રણિયો મોટી સંખ્યામા ઉપસ્થિત રહીજમીયત ઉલમાની સેવાકીય કામગીરીની પ્રસંશા કરી બિરદાવ્યા હતા.

## પાલનપુરમાં ભગવાન...

પાના નં.૮ ચાલુ

કરવામાં આવી હતી. જે બાદ મહંત શ્રી રામચન્દ્ર દાસજીના આશીર્વચન સાથે મહંતશ્રી રાઘવદાસજી મહારાજની નિશ્રામાં બપોર બાદ શ્રીરામજીની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી.જેમાં વિશ્વહિંદુ પરિષદ, શિવસેના, મહાકાલ સેના, રાષ્ટ્રવાદી યુવા વાહિની, ગૌ રક્ષા કમાન્ડો ફોર્સ, ગોપાલ સેના, ક્ષત્રિય ઠાકોર સેના, વાનરસેના, કેસરીયા જટાયું સેના, યુવા ક્ષત્રિય સેના તથા અલગ અલગ પચાસ ઉપરાંત સંગઠનો તેમજ શહેરની ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં જોડાઈ હતી. શોભાયાત્રા જેમજેમ આગળ વધતી ગઈ તેમ તેમ ભાવિકો જોડાઈ રહ્યા હતા. ડી.જે. ઉપર રેલાતા ભક્તિગીતો વચ્ચે જયશ્રી રામના જય ઘોષથી શહેર ગુંજી ઉઠયું હતું.

ભગવાન શ્રીરામની શોભાયાત્રા રામજી મંદિરથી નીકળી મોટી બજાર, નાની બજાર, છુવારાફળી, ત્રણબત્તી, ખોડા લીંબડા, હનુમાન શેરી, ગઠામણ ગેટ, સુરેશ મહેતા ચૌક, જહાનારા બાગ, કુંવર બા હાઈસ્કૂલ પાસે થી અયોધ્યા નગર, ગોબરી રોડ, સુરેશ મહેતા ચૌક, ગઠામણ ગેટ, અમીર રોડ, સંજય ચૌક, સીટી લાઈટ, ગુરૂનાનક ચૌક, કીર્તિ સ્તંભ, રેલ્વે સ્ટેશન,સીમલા ગેટ, દિલ્હી ગેટ,થઇ નીજ મંદિરે પરત ફરી હતી. પરંપરાગત રૂટ ઉપર પરિભ્રમણ કરી રાત્રે નીજમંદિરે પરત ફરી હતી. માર્ગમાં ઠેર ઠેર શ્રદ્ધાળુઓ દ્વારા ભગવાનનું સામૈયું કરવામાં આવ્યું હતું. તો વળી યુવકોની તલવારબાજી સહિત હેરતંગેજ કરતબો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. શોભાયાત્રા દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આમ, રામનવમીને લઈને પાલનપુર નગર માં જય જય શ્રીરામનો નાદ ગુંજી ઉઠ્યો હતો.

## ભાભર હાઈવે...

પાના નં.૮ ચાલુ

ઠક્કર, અને ભુરાભાઈ મનસુખભાઈ શાહને ગંભીર ઈજાઓ થઈ હતી. જ્યારે હાથ લારી ચાલક પણ ઘાયલ થયો હતો. લારી અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા મોટી સંખ્યામાં લોકો ઘટના સ્થળે આવીને ઘાયલોને પ્રથમ ભાભર સી.એસ.સી. ખાતે ખસેડ્યા હતા. જ્યારે નીતીનભાઈ અને ભુરાભાઈને ગંભીર ઈજાઓ થતાં પાટણ રીફર કર્યા છે.

## થરાદમાં ગુમાસ્તાધારાનો...

પાના નં.૮ ચાલુ

પરંતુ નગરપાલિકાની બેવડી નીતીના કારણે અમુક વેપારીઓ દુકાનો ખુલ્લી રાખે અને અમુક બંધ રહેતાં તેમનામાં રોષની લાગણી ઊઠવા પામી હતી. થરાદમાં ગુમાસ્તાધારાનો અમલ હોવા છતાં પણ વેપારીઓ દુકાનો ખુલ્લી રાખવાના કારણે રવિવારની રજા પણ નહી મળી શકવાના કારણે ગુમાસ્તાઓમાં પણ રોષની લાગણી ફેલાવા પામી હતી.

## ડીસામાં ભગવાન...

પાના નં.૮ ચાલુ

સંસ્થાન દ્વારા રામજી મંદિરને સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ મંદિરે ભક્તોની ભીડ જામી હતી. રામ જન્મોત્સવ નિમિતે વિશેષ પૂજન અર્ચન અને મહાઆરતી કરાઈ હતી. ત્યારબાદ રીસાલા રામજી મંદિરથી વિશાળ શોભાયાત્રાએ પ્રસ્થાન કર્યુ હતું. શોભાયાત્રા રામજી મંદિરેથી નિકળી રીસાલા ચોક, હીરા બજાર, એસ.સી.ડબ્લ્યુ હાઈસ્કૂલ, અંબિકા ચોક, પશુ બજાર, બગીચા વિસ્તાર, ફુવારા સર્કલ, મુખ્ય બજાર, લેખરાજ ચાર રસ્તા, સોની બજાર, જૂની જેલ થઈ પરત રામજી મંદિર સંપન્ન થઈ હતી. શોભાયાત્રામાં રામ લક્ષ્મણ જાનકી, હનુમાન સહિત ધાર્મીક અને દેશભક્તોના પાત્રની વેશભૂષા સાથે નાના ભૂલકાઓએ અનેરૂ આકર્ષણ જમાવ્યું હતું. વિવિધ સામાજક અને સ્વેચ્છિક સંગઠનો દ્વારા શોભાયાત્રાનું સ્વાગત કરી ઠેર ઠેર જળ, છાશ, લીબું શરબતના સેવા કાર્યનું આયોજન કરાયું હતું. શોભાયાત્રામાં રાજકીય અને સામાજીક સંસ્થાઓના આગેવાનો જોડાયા હતા.

## શિક્ષકનો અભિનય...

પાના નં.૮ ચાલુ

આ અંગે શિક્ષક રોહિતભાઈ પટેલએ જણાવ્યું હતું કે , 'અઠવાડિયામાં એક-બે દિવસ બાળકોને અભિનય ગીત દ્વારા શિક્ષણ આપવાથી બાળકોમાં તેનું જ્ઞાન ઝડપથી આવે છે. તેમજ બાળકોને શિક્ષક પ્રત્યે ડર નહીં પરંતુ મિત્રતા બંધાય છે. જેને લઇ બાળકો શાળામાં આવવા પ્રેરાય છે.' આ ઉપરાંત આ શિક્ષક પ્રવાસ દરમિયાન જાતે ભોજન બનાવીને બાળકોને પીરસે છે. આમ ગુજરાતની શાળાઓમાં આવા શિક્ષકો હોય તો ગુજરાતમાં પાયાનું શિક્ષણ વધારે મજબૂત બની શકે.

Website : www.rakhewaldaliy.com
E-mail : rakhewal@gmail.com
સોમવાર ૨૬ માર્ચ ૨૦૧૮ (૭)
મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

## રાધનપુરમાં લાલબાગમાં આશાપુરા માતાજીના મંદિરે હવન કરાયો


કમલ ચક્રવર્તી

રાધનપુર,

રાધનપુરમાં લાલબાગ વિસ્તારમાં પારકર ઠક્કર સમાજના કારિયા પરિવારના કુળદેવી શ્રી આશાપુરા માતાજીનું મંદિર આવેલું છે,જ્યાં વર્ષમાં આસો સુદ આઠમ અને ચૈત્ર સુદ આઠમના દિવસે પલ્લી અને હવનનું આયોજન કરવામાં આવે છે.રવિવારે ચૈત્રી સુદ આઠમ હોવાથી પલ્લી અને હવનનું આયોજન કરવામાં આવ્યું હતું,જેમાં કારિયા પરિવારના સદસ્યો રાધનપુર, ભાભર, ડીસા, ગાંધીધામ, અમદાવાદ સહીત રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાંથી દર્શનાર્થે ઉમટ્યા હતા, અને માં આશાપુરાના દર્શનનો લાભ લીધો હતો. આ પાવન પ્રસંગે આશાપુરા માતાજીને દૈદિપ્યમાન શ્રુંગાર કરવામાં આવ્યો હતો

## ઈટોદામાં વિધવા ભાભીની હત્યા કરનાર દિયરને કોર્ટે મુક્ત કર્યો

પાટણ

ચાણસ્મા-તાલુકાના ઈટોદા ગામે વિધવા ભાભીની મોત નિપજાવવાના કેસમાં આરોપી દિયરને ગત ગુરૂવારે પાટણના સેસન્સ જજ બી.એસ. ઉપાધ્યાયે શંકાનો લાભ આપીને છોડી દેવાનો હુકમ કર્યો હતો. ઈટોદા ગામે બહુચર પરામાં રહેતી વિધવા તા.૭/૬/૧૬ ના રોજ બપોરે પોતાના ઘરે હતા ત્યારે તેમના દિયરે ભાભીનાં ઘરે જઈને અઘટીત માંગણી કરી હતી. ભાભીએ વિરોધ કર્યો ત્યારે દીયરે ગળુ દબાવી દીધું હતું અને પછી તે નાસી ગયો હતો. આ બનાવની જાણ તેણીના દિકરાને થતાં તા.૧૪/૬/૨૦૧૬ ના રોજ વિધવા મોતને ભેટી હતી. પુરાવાઓના અભાવે દિયરને કોર્ટે મુક્ત કર્યો છે. મુળ હકીકત ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. આરોપી બે વર્ષથી જયુડી કસ્ટડીમાં હતો.

## ઈડરમાં ઉદ્યોગ સાહસિકો માટે યોજાયેલ ઔદ્યોગિક સેમિનાર

ઈડર

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર હિંમતનગર તથા ધી ઈડર તાલુકા સ્મોલ સ્કેલ એન્ડ વિ.ઈન્ડ.કો.ઓ.સોસાયટી લી. ઈડર તેમ જ જીઆઈડીસી ઈડરના સંયુક્ત ઉપક્રમે ઈડર ખાતે આવેલ હોટલ સીટીઆરએમમાં તા. ૨૩/૩/૧૮ ને શુક્રવારે સવારે ૧૧-૦૦ કલાકે ઔદ્યોગિક સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર હિંમતનગરથી જનરલ મેનેજર ડી.બી.પરમાર, તેમજ ચાવડા, ફાલ્ગુનભાઈ પટેલ તથા તેમની ટીમ ઉપસ્થિત રહેલ અને પ્રોજેક્ટરથી સરકારની ઉદ્યોગ માટેની યોજનાઓની વિસ્તારપૂર્વક માહિતી આપી હતી. આ સેમિનારમાં લગભગ ૧૦૦ જેટલા ઉદ્યોગ સાહસિકો હાજર રહ્યા હતા. સ્વાગત પ્રવચન પ્રફુલચંદ્ર એલ.ભટ્ટે કર્યુ હતુ અને આભારવિધિ પ્રદિપભાઈ કે.વોરાએ કરી હતી.

## બહુચરાજીમાં સબપોસ્ટ ઓફિસ નજીકના રસ્તા પર ખાડા પડતાં અકસ્માતનો ભય



ચાણસ્મા

બહુચરાજીથી શંખલપુર રોડ તરફ જતાં મુખ્ય પોસ્ટ ઓફીસની બાજુમાં ચોમાસુ પાણીના યોગ્ય નિકાલ માટે બનાવેલા ખુલ્લી જગ્યા ઉપર લોકોની આવન જાવન અને અહીંથી પસાર થતા વાહન ચાલકો માટે આ ખાડા વાળી જગ્યા ભવિષ્યમાં મોટા અકસ્માત ને અંજામ આપી શકે તેમ છે. ત્યારે સલામતીના ભાગ રૂપે આ જગ્યા ઉપર ઢાંકણુ બનાવી લોકોને સુરક્ષા પુરી પાડવામાં આવે તેવું સ્થાનિક વેપારીઓ ઈચ્છી રહ્યા છે.

બહુચરાજીમાં આવેલ સબ પોસ્ટ ઓફીસ અને લાટીની વચ્ચે બજારના ચોમાસુ પાણીના નિકાલ માટે ખુલ્લી જગ્યા આવેલી છે. અને આ જગ્યાનો ઉપયોગ બહુચરાજીના લોકો કચરો ઠાલવવા માટે કરે છે. પરિણામ અહી ગંદકીનું સામ્રાજ્ય સર્જાયુ છે. આ જગ્યા આશરે ૩ થી ૫ ફુટ ઉંડા ખાડાવાળી છે અને લોકો આ રસ્તા ઉપરથી આવન જાવન કરે છે. શંખલપુર ધામ જવા આ જગ્યા નજીકથી જ ખાનગી વાહનો પેસેન્જરોની હેરાફેરી કરે છે. ગંજ બજારનો જવાનો મુખ્ય રસ્તો પણ આ છે. અહીંથી ચાણસ્મા, પાટા તરફ જતી તમામ એસ.ટી. સેવા આ રસ્તેથી જ પસાર થાય છે. આ ખાડાવાળી જગ્યા ગમે ત્યારે રાહદારીઓ અને વાહનચાલકો માટે ગંભીર ખતરા સમાન છે. સ્થાનિક ગ્રામપંચાયતે આ ખુલ્લી જગ્યા ઉપર સ્લેબભરી ચોમાસામાં બજારના પાણીનો નિકાલ સ્લેબ ઉપર થઈને થઈ શકે તે માટે જરૂરી કાર્યવાહી કરવા ઠરાવ કરી દીધેલ છે. તેમ છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. પરિણામે કેળ સમાઆ ખુલ્લો ખાડો ક્યારેક ગંભીર અકસ્માત સર્જેતો નવાઈ નહી. ત્યારે સ્થાનિક ગ્રામ પંચાયત સત્વરે જરૂરી કાર્યવાહી કરે તેવું સ્થાનિક લોકો ઈચ્છી રહ્યા છે.



**બહુચરાજી રામજી મંદીરમા રામનવમી પ્રસંગે છપ્પન ભોગ અન્નકુટ ધરાવવામા આવ્યો હતો.**

## રાધનપુરમાં હીરોના શોરુમને ખુલ્લો મુકતા પૂર્વ આરોગ્યમંત્રી

રાધનપુર

રાધનપુરમાં ચૈત્રી સુદ આઠમના પવિત્ર દિવસે રાજ્યના પૂર્વ આરોગ્યમંત્રી શંકરભાઇ ચૌધરીએ બનાસ હીરો શોરુમને ખુલ્લો મુક્યો હતો.આ પ્રસંગે માર્કેટયાર્ડના ચેરમેન અમથાભાઈ ચૌધરી, પૂર્વ ધારાસભ્ય લવિંગજી સોલંકી, જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવિણભાઈ મહાલક્ષ્મી, જિલ્લા બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ


કમલ ચક્રવર્તી

ડો.દેવજીભાઈ પટેલ, બાબુભાઈ ચૌધરી સહીત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજમાં ધી ફેન્સ ક્રેડીટ કો. સો. શરૂ કરી કૌભાંડ આચરનાર ૩ શખસની ધરપકડ

પ્રાંતિજ

પ્રાંતિજમાં ધી ફેન્સ ક્રેડીટ કો.ઓ.સોસાયટી લી. નામે સંસ્થાઓ શરૂ કરી સ્કીમો બનાવી ગ્રાહકો પાસેથી નાણાં ઉઘરાવી સ્કીમ બંધ કરી દેતાં માલિકો તથા એજન્ટો સહિત સાત શખસો વિરુદ્ધ ફરિયાદ બાદ ત્રણની અટક કરી કોર્ટમાં રજૂ કરતા સબજેલમાં મોકલી અપાયા હતા.

પ્રાંતિજના ગોપીનાથ કોમ્પલેક્સ ધી ફેન્ડ ક્રેડીટ કો.ઓ.સોસાયટી લી. પ્રાંતિજના નામે સંસ્થા ખોલી તેમાં સ્માર્ટ પ્લાન, માલામાલ, દૈનિક બચત યોજના, બાઈકરાજા જેવી અલગ-અલગ લોભામણી સ્કીમોનું આયોજન કરી સ્કીમના નામે રૂપિયા ઉઘરાવી સ્કીમ ચાલુ કરી ડ્રો નહીં કરી સંસ્થા બંધ કરી દેતાં હર્ષદભાઈ કાંતિભાઈ કડીયાએ રૂ. ૩,૪૩,૫૦૦ ની ઉઘરાણી કરતાં રીતેશભાઈ પટેલ અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતાં હર્ષદભાઈ કડીયા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હતી.

પ્રાંતિજ પોલીસે મુખ્ય ત્રણ સહિત ઓફિસમાં કામ કરતાં જશુભાઈ હરગોવિંદભાઈ પટેલ અને એજન્ટ આર.કે .ચૌહાણ, દક્ષાબેન રાજેશકુમાર રાવલ, પટેલ રીતેશભાઈ વિરુદ્ધ ગુનો નોંધી પાંચ મહિના બાદ પ્રાંતિજ પોલીસે મુખ્ય ત્રણ શખસ પટેલની અટકાયત કરી કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે જામીન ના મંજૂર કરી સબજેલમાં ધકેલ્યા હતા.

## રામપુરામાં યુવકને મારવા આવેલા શખ્સો દ્વારા પરિવાર પર હુમલો

મહેસાણા

વિસનગર તાલુકાના રામપુરા-કાંસા ગામ ખાતે એક યુવકને મારવા આવેલા ચાર શખ્સોએ યુવકના પરિવાર પર હુમલો કરી માર મારતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે આઠ વ્યક્તિ વિરૂધ્ધ વિસનગર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવામાં આવી હતી.

રામપુરા-કાંસા ગામ ખાતે રહેતા અમૃતલાલ વરવાભાઈ પરમારે ગામના મહેશભાઈ મોહનભાઈ પરમાર, રાકેશ નારણદાસ પરમાર, જયેશ ચીમનભાઈ પરમાર, દિનેશ ચિમનભાઈ પરમાર, જયોત્સનાબેન ચિમનભાઈ પરમાર, ગોમતીબેન નારણભાઈ પરમાર અને ચિમનભાઈ મફતલાલ પરમાર સામે વિસનગર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે, અમૃતભાઈ પરમાર દિકરા ગજેન્દ્રને ૨૧ માર્ચના રોજ અદાલતમાં મારવામાં આવ્યો હતો ત્યારે અમૃતભાઈ પરમારની પત્નિ તેમજ દિકરીઓ વચ્ચે પડતાં આરોપીઓએ ઉશ્કેરાઈને જીવલેણ હુમલો કર્યો હતો.

## સિઝેરીયનના ઓપરેશન બાદ મહિલા કોમામાં જતાં પરિવારજનોએ હોબાળો મચાવ્યો

હિંમતનગર

સાબરકાંઠાના હિંમતનગરની સિવિલ હેસ્પિટલમાં એક મહિલાનાં ઓપરેશન બાદ તેનાં પરિવારજનોએ ભારે હોબાળો મચાવ્યો છે. કાંકણોલ ગામમાં મહિલા સિ ઝેરીયનનાં ઓપરેશન બાદ મહિલા કોમામાં જતી રહેતાં પરિવારજનોમાં ભારે રોષ જોવાં મળી રહ્યો છે. ડોક્ટરે ઓપરેશનમાં બેદરકારી કરી હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. મહિલાનું ઓપરેશન કરવામાં આવતાં બાળકની હાલત હજુ પણ નાજુક છે.

ઉલ્લેખનીય છે કે હિમતનગરનાં કાંકણોલ ગામનાં મિતલબેન પરમારને પ્રસૂતીની પીડા ઉપડતાં હિમતનગર સિવિલ ખાતે તેઓને ખસેડવામાં આવ્યાં હતાં કે જયાં મહિલાનું સિઝેરિયન ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઓપરેશનનાં ત્રણ દિવસ થવાં છતાં મહિલા ભાનમાં આવી ન હતી.

જયારે આજે મહિલાનાં પરિવારજનોને મહિલાને વધુ સારી સારવાર માટે અમદાવાદ ખસેડવાનું કહેવામાં આવતાં પરિવારજનોએ ડોકટરો ઉપર મહિલાનાં ઓપરેશનમાં બેદરકારી રાખવાનો તેમજ પરિવારજનોને અંધારામાં રાખી મહિલાની સ્થિતિ વિશે કંઈ પણ જાણ ન કરતા મહિલાનાં પરિવારજનોએ સિવિલમાં ભારે હોબાળો મચાવ્યો હતો. તો સાથે બીજી બાજુ નવજાત બાળકની સ્થિતિ પણ નાજુક હોવાનું જાણવા મળ્યું છે. તો ગાયનેક ડોકટરોને પૂછાતાં કંઈ પણ કહેવાની તેઓએ સ્પષ્ટપણે ના કહીને ચાલવા માંડ્યાં હતાં.

## રેલવેના અધિકારીઓએ મહેસાણાના નવા રેલવે સ્ટેશનની લીધેલી મુલાકાત

મહેસાણા

મહેસાણામાં જુના રેલવે સ્ટેશનના શીફ્ટીંગને લઈ વિવાદો ઉભા થતા રેલવે મંત્રાલય દ્વારા ડી.આર.એમ. સહિતના અધિકારીઓએ ગત શુક્રવારે મહેસાણા રેલવે સ્ટેશનની મુલાકાત લીધી હતી. જ્યાં ડી.આર.એમ.એ સ્વીકાર્યું હતું કે કોઈ પણ નવીન કામ સમયે તકલીફ તો રહેવાની, તેવી જ રીતે મહેસાણા રેલવે સ્ટેશનના શિફ્ટીંગ બાબતે બની રહ્યું છે. ત્યારે યાત્રીઓને વુધ અગવડ ન પડે તેનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

નવા રેલવે સ્ટેશનમાં દિવ્યાંગ મુસાફરોના કનેક્શન કાર્ડ, રેલવેના નિવૃત્ત કર્મચારીઓને પાસ કઢાવવાની ઓફિસ, જુના રેલવે સ્ટેશનમાં નીચેના ફલોર પર હતા, નવા રેલવે સ્ટેશનમાં ઉપરના માળે બનાવી હોવાથી તકલીફો પડનાર છે, ઉપરાંત ઈન્કવાયરી ઓફિસ પણ ઉપરના માળે ફાળવેલ છે. આ સાથે નવીન રેલવે સ્ટેશનમાંથી બહાર નીકળતા ગોપીનાળાનો ટ્રાફિક નડશે વગેરે વિવાદો ઉભા થયા હતા.

ત્યારે ગત શુક્રવારે આ વિવાદોના મામલે રેલવે મુસાફરોની વેદના સાંભળવા ડિવીઝનલ રેલવે મેનેજર દિનેશકુમાર અધિકારીઓની ટીમ સામે મહેસાણા રેલવે સ્ટેશન વિશે વિગતો પુરી પાડી હતી અને પ્રશ્નોના નિકાલ લાવવા અધિકારીઓને જણાવ્યું હતું. જુનું રેલ્વે સ્ટેશનનું મકાન ઉતારી તે જગ્યા પર રેલવે ટ્રેક બને તે પૂર્વે અંડર પાસ બનાવી દેવામાં આવશે.

## બહુચરાજીમાં જાહેર મુતરડીની સફાઈ ન થતાં રોડ પર વહેતું ગંદુ પાણી

ચાણસ્મા

પવિત્ર યાત્રાધામ બહુચરાજી ખાતે આગામી તા. ૨૯ એપ્રિલથી ચૈત્ર માસના ભવ્ય લોકમેળાની તૈયારીઓ થઈ ચુકી છે. ત્યારે જાહેર રસ્તાઓ ઉપર બાંધવામાં આવેલ શૌચાલયો અને મુતરડીની સાફસુફી સ્થાનિક ગ્રામપંચાયત અને ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા કરવામાં નહી આવતાં મંદિરના પ્રવેશદ્વારના મુખ્ય રસ્તાઓ ઉપર મુતરડી ઉભરાઈ જતાં ઠેરઠેર ગંદુ પાણી ભરાઈ જવાથી માના દર્શને જતાં યાત્રાળુઓને આ કસોટીમાંથી પસાર થવુ પડે છે અને ભવિષ્યમાં રોગચાળાની ભીતી સેવાઈ રહી છે. ત્યારે તંત્રએ અગમચેતીના પગલા લેવાની જરૂર ઉભી થઈ છે.

મા બહુચરના મુખ્ય પ્રવેશદ્વાર આગળ જ જાહેર મુતરડી બનાવેલી છે અને તેમાં સાફસફાઈ ન થવાને કારણે મુતરડી ઉભરાઈને તેનુ પાણી જાહેર રસ્તામાં ભરાય છે અને ભાવિક ભક્તોને આ જ રસ્તેથી મા બહુચરના દર્શન માટે પ્રવેશ



કરવો પડે છે અને આ ગંદા પાણીમાંથી ફરજીયાત રીતે તેમને પસાર થઈ મંદિરમાં દર્શન માટે પ્રવેશ કરવો પડે છે. જેના કારણે શ્રદ્ધાળુઓની લાગણીને ઠેસ પહોંચે છે. સ્થાનિક ગ્રામ પંચાયત તેની સ્વચ્છતા અભિયાનની ઝુંબેશમાં ઉણી ઉતરી છે.

આ ઉપરાંત બહુચરાજીના એસટી સ્ટેન્ડમાં જાહેર શૌચાલય અને મુતરડીની જગ્યાઓ ઉપર પણ સાફસુફી કરવામાં આવતી નથી. બેચર બહુચરાજી રોડ ઉપર તેમજ ધાર્મિક સ્થળે અન્ય જગ્યાઓ ઉપર બનાવેલ શૌચાલય/મુતરડીની હાલત બદતર છે. હાલમાં ચૈત્ર નવરાત્રી શરૂ થઈ ચુકી છે. મા બહુચરના ધામમાં ભવ્ય ભાતીગળ લોકમેળો ત્રણ દિવસ માટે ભરાઈ રહ્યો છે. ચૈત્ર માસ દરમ્યાન લગ્ન સીઝનમાં વેપારની ખરીદી અને બાબરી માટે લોકોની ભારે ભીડ જામે છે. ત્યારે ઉનાળાની અસહ્ય ગરમીમાં ગંદકીના સામ્રાજ્યને લીધે બહુચરાજી વાસીઓ માટે આરોગ્યનો ખતરો તોળાઈ રહ્યો છે. તેવા સંજોગોમાં સ્વચ્છતા અભિયાન સાચા અર્થમાં સાર્થક કરી રોગચાળાની સામે આગમચેતીનાં પગલાં લેવાય તે જરૂરી છે.

## મેડિકલ કોલેજ-ધારપુર ખાતે વિશ્વ ક્ષય દિનની ઉજવણી કરાઈ

પાટણ

વિશ્વ ક્ષય દિન ૨૦૧૮નિમિત્તે તા. ૨૩/૦૩/૨૦૧૮ના રોજ મેડિકલ કોલેજ, ધારપુર જિલ્લો પાટણ ખાતે રાખવામાં આવેલ. જેનો હેતુ સમાજમાં જાગૃતિ લાવી ટીબીના કેસને શોધી તેને સમયસર સારવાર પુરી પાડવી અને ટીબીના દર્દીઓમાં ઘટાડો લાવવો તથા મૃત્યુ અટકાવવું વગેરે બાબતો જરૂરી છે ત્યારે આ મીટિંગ ઉચિત અને સાર્થક બની રહી હતી.



આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજેશ રાજગુરૂએ જણાવેલ કે, ભારતમાં દર વર્ષે ૨૦ લાખ લોકોને ટીબીનો રોગ લાગુ પડે છે. જેમાંથી ૩ લાખ લોકો મૃત્યુ પામે છે. દુનિયાના ૨૨ દેશોમાં ભારતમાં સૌથી વધુ ટીબીના દર્દીઓ છે. આથી આ દર્દીઓને શોધી તે પુરેપુરી સારવાર મેળવે તે દિશામાં ઘનિષ્ઠપ્રયત્નો હાથ ધરવા જણાવેલ.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ર્ડા. બી.બી. ગોસ્વામી તથા જિલ્લા ક્ષય અધિકારીશ્રીએ જણાવેલ કે, દરેક વ્યક્તિને ટી.બી.નો ચેપ હોય છે. પરંતુ સારી રોગપ્રતિકારક શક્તિને કારણે ટીબી થતો નથી. પરંતુ જે વ્યક્તિની ઓછી રોગપ્રતિકારક શક્તિ હોય છે તેઓને ટી.બી.નો ચેપ લાગવાની શકયતા વધુ હોય છે. વિશ્વમાં થતા ટીબીના કેસો પૈકી ૬૪ ટકા કેસ ભારત, નાઈજીરીયા, પાકિસ્તાન, ચાઈના, ઈન્ડોનેશિયા જેવા દેશોમાં હોય છે. જેમાંથી ૨૭ ટકા કેસ ભારતમાં જોવા મળે છે. ખાસ કરીને ૧૫ થી ૪૫ વર્ષના વ્યક્તિઓમાં ચેપ વધુ જોવા મળે છે અને સમયસરની સારવાર ન લેવાના કારણે મૃત્યુ થાય ત્યારે ઘરના અન્ય વ્યક્તિઓ ઉપર મોટી આફત આવી પડે છે. સમયસરની સારવાર લેવાથી ટીબી ચોક્કસ મટી શકે છે. તેમાં બે અઠવાડિયા કે તેથી વધુ સમયથી ઉધરસ, તાવ, ભૂખ ઓછી લાગવી, વજન ઘટવું જેવા લક્ષણો જણાય તો નજીકના આરોગ્ય કેન્દ્રમાં સારવાર મેળવવી જોઈએ. સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ છે.ટીબી તમાકુના સેવન જેવી કે બીડી-સિગારેટ તેમજ દારૂના વ્યસનને કારણે ઝડપી લાગુ પડે છે. ટી.બી.ના દર્દીને એચ.આઈ.વી.નો પણ ચેપ ઝડપી લાગુ પડે છે. જેથી પોષણયુક્ત ખોરાક પણ ખાવા જોઈએ.

આ દિવસે પાટણ-સરસ્વતી તાલુકામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર મેડીકલ ઓફિસરશ્રી, ફાર્માસિસ્ટ, લેબ ટેકનીશીયન, એમ.પી.એચ.ડબલ્યુ., એફ.એચ.ડબલ્યુ.,સીબીએફવ lતથા આશાને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા આર.સી.એચ. અધિકારી ર્ડા.એ. એસ. સાલ્વી, ઇ.એમ. ઓ. ર્ડા. આર.ટી.પટેલ હાજર રહયા હતા. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન જિલ્લા ક્ષય કેન્દ્ર, પાટણના મેડીકલ ઓફીસર ર્ડા. પી.આઇ.પટેલે કર્યું હતું. આભારવિધિ પાટણના તાલુકા હેલ્થ ઓફીસર ર્ડા. એ.કે. પ્રજાપતિએ કરી હતી. આરોગ્ય વિભાગના કર્મચારીઓ તથા જિલ્લા ક્ષય કેન્દ્ર, પાટણના કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા.

## રાધનપુરમાં અખીદોશીની પોળમાં ગટરના પાણીથી લોકો ત્રસ્ત

રાધનપુર

રાધનપુર શહેરમાં અખીદોશીની પોળમાં ગટરો તૂટી ગયેલી હોવાથી જયારે પણ પાણી છોડવામાં આવે છે ત્યારે ગટરનું ગંદુ પાણી જાહેર માર્ગ ઉપર આવી જતું હોવાથી આ પોળના રહીશો ત્રાસી ગયા છે.આ બાબતે નગરપાલિકાના સત્તાધીશોને રજુઆત કરવામાં આવી છે,પરંતુ આજદિન સુધીમાં ના તો ગટર રીપેર કરવામાં આવી છે કે ના ગટરનું ગંદુ પાણી જાહેર માર્ગ ઉપર


કમલ ચક્રવર્તી

આવતું અટકાવવામાં આવ્યું છે. પોળના રહીશો તાત્કાલિક ગટર રીપેર થાય તેવું ઈચ્છી રહ્યા છે.